CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : 33 ● અંક : ૧૯૮
તા.૨૩-૦૮-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૦ સૂર્યાસ્ત : ૦૭:૦૪

તાપમાન: ડીસા ૩૧.૬, અમદાવાદ ૩૩.૫, ગાંધીનગર ૩૪.૦, વડોદરા ૩૦.૨, સુરત ૩૦.૪, નલિયા ૩૧.૪

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૯૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

ઐતિહાસિક સુનાવણીમાં બંને પક્ષો તરફથી તર્કદાર દલીલ રજૂ થઈ | કોર્ટમાં કુરાન, શરિયત અને ઈસ્લામ કાયદાઓના ઈતિહાસ પર ચર્ચા થઈ

# ત્રિપલ તલાકમાંથી મુસ્લીમ મહીલાઓને આઝાદી

## ત્રિપલ તલાક પર હાલમાં છ મહિના માટે રોક : આ ગાળા દરમિયાન કાયદો બનાવવા માટે કેન્દ્રને હુકમ : રાજકીય મતભેદોથી દુર રહેવા પક્ષોને આદેશ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ખુબ જ સંવેદનશીલ અને જટિલ ત્રિપલ તલાકના મુદ્દા પર આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને ત્રિપલ તલાકને ગેરબંધારણીય ઠેરવતા દેશમાં જુદા જુદા સમુદાયમાં આની ભારે ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય પીઠે ૩-૨ની બહુમતિ સાથે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર આગામી છ મહિના માટે સ્ટે મુકી દીધો છે. સાથે સાથે કેન્દ્ર સરકારને ત્રિપલ તલાકના મુદ્દા ઉપર કાયદો બનાવવા માટે સૂચના આપી છે. આ મામલામાં સુપ્રીમ કોર્ટના પાંચ જજ પૈકી ત્રણ જજે ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો જ્યારે મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જેએસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નઝીરે આ મામલામાં જુદો અભિપ્રાય આપ્યો હતો. જસ્ટિસ કુરિયન, જસ્ટિસ જોસેફ અને જસ્ટિસ નરીમને ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો અને આને સ્વૈચ્છિક તરીકે ગણાવીને આની ટિકા કરી હતી. સાથે સાથે ત્રિપલ તલાકને ફગાવી દીધો હતો. ૩-૨ની બહુમતિથી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ૩૦મી માર્ચ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે નક્કી કર્યું હતું કે, આની સાથે જોડાયેલી અરજી ઉપર પાંચ જજની બંધારણીય બેંચ સુનાવણી કરશે. તમામ પાસાઓ ઉપર વિચારણા કરશે. કોર્ટે એ વખતે કહ્યું હતું કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને આને ટાળી શકાય નહીં. કોર્ટે તમામ સંબંધિત પક્ષોને લેખિતમાં પોતાની વાત એટર્ની જનરલ પાસે જમા કરવા કહ્યું હતું. ૧૧મી મે ૨૦૧૭ના દિવસે આ મામલામાં બંધારણીય બેંચમાં સુનાવણી શરૂ થઈ હતી. સુનાવણી સતત છ દિવસ સુધી ચાલી હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષો તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટ તરફથી પણ ખુબ જ રોચક ટિપ્પણી કરવામાં આવી હતી. કુરાન, શરિયત અને ઈસ્લામિક કાયદાના ઈતિહાસ ઉપર જોરદાર ચર્ચા થઈ હતી. બંધારણની કલમો પણ જોરદારરીતે રજૂ કરવામાં આવી હતી. છ દિવસ સુધી સુનાવણી બાદ ૧૮મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારબાદ ૨૨મી મેના દિવસે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રીમ કોર્ટમાં એક નવી એફિડેવિટ દાખલ કરી હતી. ચીફ જસ્ટીસ જેએસ ખેહરના નેતૃત્વમાં બંધારણીય બેંચે ત્રિપલ તલાકને ફગાવી દેતા આ ચુકાદો આપ્યો હતો. જેના ઘેરા પ્રત્યાઘાત પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર હાલમાં છ મહિના સુધી પ્રતિબંધ મુકી દીધો છે. આ ગાળા દરમિયાન કાયદો બનાવવા માટેની સુચના કેન્દ્ર સરકારને આપવામાં આવી છે. ત્રિપલ તલાકની પિડિતા અને અરજીકરનાર શાયરા બાનોએ કહ્યુ છે કે તેને એવું લાગે છે કે ચુકાદો તેની તરફેણમાં આવ્યો છે. સમય હવે બદલાઈ ગયો છે. શાયરાએ આશા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે કાયદો ચોક્કસપણે બનશે તેમ તે આશા રાખે છે. શાયરાએ કહ્યુ છે કે તે ચુકાદાનુ સ્વાગત કરે છે. આ દિવસ મુસ્લિમ મહિલાઓ માટે ઐતિહાસિક છે.

મહિલા સશક્તિકરણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ થઈ છે

## ત્રિપલ તલાકના મુદ્દે સુપ્રીમનો ચુકાદો ઐતિહાસિક : મોદી

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઐતિહાસિક તરીકે ગણાવ્યો છે. મોદીએ આ ચુકાદા બાદ ટ્વિટર પર ટ્વીટ કરીને કહ્યું છે કે, આ નિર્ણય ખુબ ઐતિહાસિક છે. મહિલા સશક્તિકરણની દિશામાં આ મોટુ પગલું છે. આ પગલું મહિલાઓને એક સમાન તક આપશે. આ અગાઉ પણ ત્રિપલ તલાકના મુદ્દા ઉપર વડાપ્રધાન ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. આ વખતે સ્વતંત્રતા દિવસે પણ પોતાના સંબોધનમાં પણ મોદીએ ત્રિપલ તલાકનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, ત્રિપલ તલાકના કારણે તમામ મુસ્લિમ મહિલાઓને ખુબ જ મુશ્કેલભરી જીંદગી ગુજારવાની ફરજ પડી રહી હતી. મોટી સંખ્યામાં મહિલાઓ આની સામે સંઘર્ષ કરી રહી હતી. આવી મહિલાઓ પ્રત્યે મોદીએ સન્માન વ્યક્ત કર્યું છે. મહિલાઓના આંદોલનના કારણે જ સમગ્ર દેશમાં ત્રિપલ તલાકની સામે જોરદાર વાતાવરણ સર્જાયું હતું. આ ઉપરાંત પણ જુદા જુદા પ્રસંગોએ મોદીએ ત્રિપલ તલાકને લઈને મુસ્લિમ મહિલાઓને થતી તકલીફોનો મુદ્દો ઉઠાવ્યો હતો. ૨૯મી એપ્રિલના દિવસે આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતી વેળા પણ મોદીએ કહ્યું હતું કે, મુસ્લિમ સમાજમાંથી કેટલાક જાગૃક લોકો આગળ આવશે જે ત્રિપલ તલાકને ખતમ કરવાની દિશામાં આગળ આવશે. અમારી મુસ્લિમ માતાઓ અને પુત્રીઓને આ તકલીફમાંથી બહાર કાઢવાનો સમય આવ્યો છે.

આ સમસ્યાના ઉકેલ માટે પ્રયાસો કરવા જોઈએ. જો આવું થશે તો આવનાર પેઢીઓ હમેશા યાદ કરશે. ભારતમાં મુસ્લિમોએ દુનિયાના મુસ્લિમોની આધુનિકતાનો માર્ગ બતાવવો જોઈએ.

## વિચાર વૈભવ...

### ચમેલી

એક વખત એક રાજાએ જાહેરાત કરી.

શાંતિનો સંદેશ દર્શાવતું હોય એવા શ્રેષ્ઠ ચિત્રના સર્જક-કલાકારને મોટા ઈનામથી નવાજવામાં આવશે.

આ જાહેરાતના પ્રતિસાદમાં ઘણાં કલાકારોએ પોતાની કલાકૃતિ પ્રદર્શિત કરી.

રાજાએ શાંતિથી એ બધાં ચિત્રો નિહાળ્યા પણ રાજાને તેમાં માત્ર બે જ ચિત્રો પસંદ પડ્યા.

હવે એ બેમાંથી પણ સર્વશ્રેષ્ઠ કયું તેનો નિર્ણય બાકી હતો.

આ બે ચિત્રો પૈકી એક ચિત્ર હતું- 'શાંત સરોવરનું.'

સરોવરની ચારે બાજુ ઊંચા ઊંચા હરિયાળા પહાડો હતા. સરોવરનાં શાંત જળમાં તેના પ્રતિબિંબ ઝીલાતાં હતાં. ઉપર સ્વચ્છ નીલગગન હતું અને ક્યાંક ક્યાંક તેના આછા ગોટા જેવા યા દૂધ જેવા શ્વેત વાદળો હતા. કોઈ પણ વ્યક્તિ આ ચિત્ર જુએ તો એને એમાંથી પ્રગટતી શાંતિ આનંદ પમાડે તેવી હતી.

જ્યારે બીજું ચિત્ર હતું- 'પહાડોનું'

સાવ સૂકાભંઠ અને ઊબડખાબડ આ પહાડો હતા. ઉપર રૌદ્ર સ્વરૂપવાળું આકાશ હતું. મુશળધાર વરસાદ અને વીજળીના કડાકા- ભડાકાથી વાતાવરણ પણ બિહામણું ભાસતું- દીસતું હતું. વળી પહાડો વચ્ચેથી ભયંકર તેજ ગતિથી પાણીનો ધોધ વહેતો હતો. ટૂંકમાં ચિત્રમાં ક્યાંય શાંતિનું નામોનિશાન ન હતું.

તો પછી ચિત્રકારે શાંતિનો સંદેશ ક્યાં દર્શાવ્યો?

રાજાએ ફરી ધ્યાનથી એ ચિત્ર જોયું ઝીણી નજરે તેમાં અવલોકન કર્યું.

બિહામણા પહાડો વચ્ચેથી તેજગતિથી વહેતા ધોધની પાછળ ખડકની તિરાડમાંથી એક નાનકડો છોડ ઊગી નીકળ્યો હતો અને એ છોડની વચ્ચે એક પક્ષીએ પોતાનો માળો બાંધ્યો હતો. પાણીના ધસમસતા પ્રવાહના પ્રચંડ અવાજ વચ્ચે પણ એ પક્ષી પોતાના માળામાં એકદમ શાંત ચિત્તે બેઠું હતું.

રાજા સમજી ગયો, ચિત્રકારે શાંતિનો સંદેશ અહીં દર્શાવ્યો છે.

'જ્યાં ઘોંઘાટ ન હોય, ત્યાં શાંતિ જ હોય, એવું જરૂરી નથી. પણ ઘોંઘાટ, મુશ્કેલીઓ વચ્ચે પણ જે ભીતરથી નિશ્ચલ હોય તેનું નામ શાંતિ.'

આ શાંતિની વ્યાખ્યા રાજાએ તે ચિત્ર પર લખાવી અને આ ચિત્રને રાજાએ સર્વશ્રેષ્ઠ ચિત્ર જાહેર કરી ઈનામ આપ્યું.

-પં.રાજહંસવિજયજી ગણિ

### સુપ્રીમના ચુકાદાથી મુસ્લિમ મહિલાઓ માટે નવી સવાર

નવી દિલ્હી

ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટના ચુકાદાથી મુસ્લિમ મહિલાઓ માટે એક નવી સવાર પડી છે. તેમના માટે સુપ્રીમનો ચુકાદો મોટી રાહત લઈને આવ્યો છે. હવે મહિલાઓને પીડામાંથી બહાર નિકળવામાં મદદ મળશે. સુપ્રીમ કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપતા આગામી છ મહિના સુધી ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુક્યો હતો. સાથે સાથે કેન્દ્રને કાયદો બનાવવા માટે કહ્યું છે. મુસ્લિમ મહિલાઓને મોટી રાહત મળી છે. દેશમાં અનેક એવી મુસ્લિમ મહિલાઓ છે જેમની લાઈફ ત્રિપલ તલાકના કારણે બરબાદ થઈ ગઈ છે.

રાજકોટમાં સતત બીજા દિવસે ભારે વરસાદ

## રાજ્યના ૫૧ તાલુકાઓમાં વરસાદ :ગઢડામાં છ ઈંચ

### સુત્રાપાડા, માળિયામાં ૫-૫ ઈંચ વરસાદ નોંધાયો વેરાવળમાં ચાર ઈંચથી વધારે વરસાદથી પાણી ભરાયા

અમદાવાદ

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદી માહોલ જામ્યો હતો. ખાસ કરીને રાજકોટના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો હતો. રાજકોટમાં વરસાદના કારણે અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. રાજયમાં ગઈકાલથી શરૂ થયેલા વરસાદને કારણે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૫૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે.

જેમાં બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં ૧૬૯ મી.મી., જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ૧૬૪ મી.મી, મળી કુલ બે તાલુકાઓમાં છ ઈંચથી વધુ જ્યારે ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં ૧૨૩ મી.મી., જુનાગઢ જિલ્લાના માળિયામાં ૧૩૪ મી.મી. મળી બે તાલુકામાં પાંચ ઈંચથી વધુ અને વેરાવળ તાલુકામાં ૧૦૧ મી.મી. એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે ૨૨.૦૮.૨૦૧૭ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન મૂળી તાલુકામાં ૮૭ મી.મી. વઢવાણમાં ૯૫ મી.મી., હળવદમાં ૯૦ મી.મી., કેશોદમાં ૭૪ મી.મી., વીસાવદરમાં ૭૮ મી.મી., ગીર-ગઢડામાં ૯૦ મી.મી અને તળાજામાં ૮૩ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે.

આ ઉપરાંત રાપર તાલુકામાં ૬૪ મી.મી., બોડેલીમાં ૬૨ મી.મી., લખતરમાં ૫૩ મી.મી., વંથલીમાં ૬૨ મી.મી., કોડીનારમાં ૬૪ મી.મી., ઉનામાં ૬૫ મી.મી., હાંસોટમાં ૫૭ મી.મી., વાલીયામાં ૫૦ મી.મી., માણાવદરમાં ૪૬ મી.મી., ચીખલીમાં ૫૯ મી.મી., વલસાડમાં ૫૨ મી.મી., ચોટીલામાં ૪૮ મી.મી., પાલીતાણામાં ૪૮ મી.મી., મળી કુલ ૧૩ તાલુકાઓમાં બે ઈંચથી વધુ જ્યારે અન્ય ૨૬ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં કુલ ૧૯૩ નવા કેસ સપાટીએ આવ્યા

## રાજ્યભરમાં સ્વાઈન ફ્લુથી વધુ ૮ના મોત : મૃતાંક ૨૮૬

### વીએમસી, એસએમસીમાં પણ એક-એકના મોત

અમદાવાદ

અમદાવાદની સાથે સાથે ગુજરાતભરમાં પણ સ્વાઈન ફ્લુનો આતંક અકબંધ રહ્યો છે. રાજ્યમાં આજે વધુ ૧૯૩ નવા કેસ નોંધાયા હતા જ્યારે સ્વાઈન ફ્લુથી વધુ આઠના મોત થયા હતા. જે પૈકી એએમસીમાં બેના મોત થયા છે. જીએમસી, એસએમસી, આરએમસી, કચ્છ, આણંદ, સુરતમાં એક એકનું મોત થયું છે. બીજી બાજુ જે નવા ૧૯૩ કેસ નોંધાયા છે તેમાં એએમસીમાં ૭૯, વીએમસીમાં ૨૬, એસએમસીમાં ૧૮, અમદાવાદમાં આઠ, બીએમસીમાં સાત, ભાવનગરમાં ૬, રાજકોટ, વડોદરા, ભરુચ અને બનાસકાંઠામાં સ્વાઈન ફ્લુના પાંચ-પાંચ કેસ સપાટી ઉપર આવ્યા છે. સ્વાઈન ફ્લુના કેસો ચિંતાજનકરીતે વધી રહ્યા છે. રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તમામ પગલા લવામાં આવી રહ્યા હોવા છતાં મોતનો આંકડો અને નવા કેસોનો આંકડો રોકેટગતિએ વધી રહ્યો છે. મોટાભાગના શહેરોમાં સ્વાઈન ફ્લુની દહેશત અકબંધ રહી છે. આગામી દિવસોમાં સ્વાઈન ફ્લુ હાલ કાબુમાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સ્વાઈન ફ્લુથી ગ્રસ્ત વિસ્તારોમાં સૌરાષ્ટ્ર વિસ્તારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુરત, રાજકોટ, અમદાવાદમાં પણ મોટાપાયે કેસો નોંધાયા છે. સ્વાઈન ફ્લુનો આતંક જારી રહેતા તંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. પોઝિટિવ કેસોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. તંત્રના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સ્વાઈન ફ્લુના ભરડામાં અમદાવાદ, વડોદરા, મહેસાણા, જુનાગઢ, આણંદ, પાટણ સહિતના વિસ્તારો આવી ગયા છે. નવા વિસ્તારો પણ ઉમેરાઈ રહ્યા છે.

રાજયના જુદા જુદા શહેરો અને વિસ્તારોમાં મૃત્યુઆંક વધવાનો દોર આજે પણ જારી રહ્યો હતો. તો, સ્વાઈન ફ્લુના કારણે વધતા જતાં મૃત્યુ આંક વચ્ચે સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક રીતે વધી રહી છે.

## વાહન પર ડોક્ટર- પોલીસ જેવો હોદ્દો લખ્યો હશે તો દંડ કરાશે

### વાહન વ્યવહાર કમિશનરની આવા વાહનો સામે કાર્યવાહી કરવા કડક સૂચનાઃ તમામ આરટીઓને પત્ર લખીને વાહનોની ચકાસણીનો આદેશઃ કસૂરવારો સામે કાર્યવાહી કરવા તાકીદ

અમદાવાદ

રાજયમાં ફરતા વાહનો પૈકી અનેક વાહનો પર ડોક્ટર, એન્જિનિયર, પોલીસનું લખાણ લખેલું જોવા મળે છે. ઉપરાંત ઘણા વાહનો પર નંબર પ્લેટ લાલ પટ્ટી મારી લખાણ લખતા હોય છે, જેથી વાહનો સરકારી હોવાનો ભ્રમ ઊભો થાય છે. આવા ઢગલાબંધ વાહનો રાજયમાં ફરતા હોવાની માહિતી વાહન વ્યવહાર કમિશનરને મળતા તેમણે રાજયના તમામ આરટીઓ અધિકારીઓને પરિપત્ર કરી આવા વાહનોની ચકાસણી કરવા આદેશ આપ્યો છે. આટલું જ નહી, જો વાહન પર ડોક્ટર, પોલીસ જેવા હોદ્દા કે લાલ પટ્ટી મારી લખાણ લખેલું જણાય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે આદેશ કર્યો છે. જેના પગલે સંભવત સોમવારથી આરટીઓ કચેરીઓ દ્વારા આવા વાહનો સામે ચકાસણી શરૂ કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયમાં મોટી સંખ્યામાં ફરતા ખાનગી વાહનોની નંબર પ્લેટ પર સરકારી વાહનની જેમ લાલ કલરની પટ્ટી રાખીને વિવિધ લખાણો લખવામાં આવતા હોય છે. આવા લખાણો લખવામાં આવતા હોવાથી દુરથી આ વાહનો સરકારી વાહનો હોય તેવો ભ્રમ ઊભો થાય છે. આવા ખાનગી વાહનો સરકારી જેવા વાહનનો ભ્રમ ઊભો કરી નિયમનો ભંગ કરતા હોય છે. ઉપરાંત ઘણા વાહનો પર વિભાગનો લોગો પ્રદર્શિત કરવામાં આવે છે અને પોલીસ, ડોક્ટર, એન્જિનિયર જેવા હોદ્દા લખવામાં આવતા હોય છે. આ પ્રકારનું લખાણ વાહનો પર પ્રદર્શિત કરવું એ મોટર વ્હીકલ એક્ટની નિયમ વિરૂધ્ધનું હોઈ દંડને પાત્ર છે.

દરમિયાન રાજયમાં આવા અનેક વાહનો બિન્દાસ રીતે રસ્તા પર ફરતા હોવાની વિગતો રાજયના વાહન વ્યવહાર વિભાગને મળી હતી. જેના પગલે વાહન વ્યવહાર કમિશનર દ્વારા આવા વાહનો સામે કાર્યવાહી કરવા માટે રાજયના તમામ આરટીઓ અધિકારીઓને પરિપત્ર કરી સુચના આપી છે.

## રાજયની બેંકોમાં હડતાળને પગલે કામગીરી ઠપ

અમદાવાદ

ગુજરાત સહિત આજે દેશભરમાં બેકીંગ ક્ષેત્રની રાષ્ટ્રવ્યાપી હડતાળના એલાનના કારણે અબજો કરોડના દેશના નાણાંકીય વ્યવહાર ખોરવાઈ ગયા હતા. ગુજરાતભરની વાત કરીએ તો, રાજયમાં આજની બેકીંગ હડતાળને કારણે અંદાજે પાંચ હજાર કરોડ રૂપિયાના નાણાંકીય વ્યવહારો ઠપ્પ થઈ ગયા હતા, જયારે રૂ.૧૫૦૦ કરોડના ચેક કલીયરીંગના કામો અટવાઈ પડયા હતા. બેકીંગ હડતાળના કારણે એક તરફ નાગરિકો ખાસ કરીને ધંધા-રોજગારવાળા અને ડેઈલી ટ્રાન્ઝેકશન કરતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ તરફથી આ રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું, જેના કારણે દેશભરની રાષ્ટ્રીયકૃત બેંકોમાં કામકાજ ઠપ્પ થઈ ગયું હતું. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજયમાં હજારો કરોડના ચેક કલીયરીંગ અને નાણાંકીય વ્યવહારો ખોટવાઈ પડયા હતા. જેના લીધે લોકોના મહત્વના ખાસ કરીને આર્થિક કામો અટવાયા હતા. શહેરના નહેરૂબ્રીજ પાસેથી બેકીંગ કર્મચારીઓએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ હાથમાં વિશાળ બેનરો, વાવટાઓ અને પ્લેકાર્ડ દર્શાવી રેલી કાઢી હતી અને સૂત્રોચ્ચાર સાથે પોતાનો ઉગ્ર વિરોધ વ્યકત કર્યો હતો.

વિવિધ બેકીંગ યુનિયનો તરફથી ચીમકી આપવામાં આવી હતી કે, જો સરકાર હજુ પણ બેંકો અને તેના કર્મચારીઓની માંગણી કે પડતર પ્રશ્નો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી નિર્ણય નહી કરે તો, આગામી દિવસોમાં સંસદ સુધી ધરણાં યોજવામાં આવશે.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામાં...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
● માથાનો દુઃખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશક્તિ ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફીઝીશિયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પહેલા રેલ્વે નાળા પાસે, પાટણ
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

CMYK

સૂર્યોદય - ૬.૨૦ સૂર્યાસ્ત - ૭.૦૪

## તિથિદર્શન

ભાદરવા સુદ-૨ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :બીજ બુધવાર નક્ષત્ર :પૂર્વ ફાલ્ગુની બપોરે ૨.૦૪ પછી ઉત્તર ફાલ્ગુની યોગઃ સિદ્ધ કરણઃબાલવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.)રાત્રે ૮.૦૧ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**એકસ્ય દુઃખસ્ય ન યાવદન્તં**
**ગચ્છામ્યહં પારિમિર્વાવવસ્ય**
**તાવ દ્વિતીય સમુપ સ્થિતં મે**
**છિદ્રેષ્વનર્યા બહુલી ભવન્તિ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોકમાં કમનસીબીમાં ઊભી થનાર તકલીફોની વાત છેઃ-

‘જેટલી તકલીફ, મુશ્કેલી દરિયો ઓળંગતાં પડી હોય, એટલી તકલીફો વેઠી હું હજુ તો એક મુશ્કેલીમાંથી ઊંચો નથી આવતો ત્યાં બીજું દુઃખ મુશ્કેલી -ઉપાધી મારી સામે આવીને ઊભી થઈ જાય છે. ખરેખર જ્યાં છિદ્ર, દોષ, નિર્બળતા, આળસ જેવા અનર્થો ભર્યા હોય ત્યાં વારંવાર, અવારનવાર તકલીફો- મુશ્કેલીઓ આવ્યા જ કરતી હોય છે...’

છે તો પ્રાચીન શ્લોક પણ જાણે આપણી અત્યારની યુપીએ સરકારના સંદર્ભમાં ન લખાયો હોય! જ્યાં છિદ્રો- દુર્બળતા- અનીતિ- કમિશન- ખાયકીનાં કૌભાંડો ચાલતાં હોય, કાયદા અને સરકારી પદ્ધતિઓ નીતિ - રીતિનું પાલન ન થતું હોય અને પોતાના ફાયદા- લાભ માટે જ વિચાર થતા હોય ત્યાં પગલે પગલે એક મુશ્કેલીમાંથી ઊંચા ન આવે ત્યાં બીજી ઊભી થતી હોય છે. દૂધ, ડુંગળી, પેટ્રોલ, ખાંડ એક પછી એક વસ્તુના ભાવ વધે અને સરકારની મુશ્કેલી વધે છે. સ્વાર્થ, દુષ્ટ લોકોનાં કર્મોથી હંમેશાં મુશ્કેલીઓ આવતી જ રહે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.**
**વૃષભ : (બ.વ.ઉ.)ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**
**કર્ક : (ડ.હ.) કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.**
**સિંહ : (મ.ટ.) પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.**
**તુલા : (ર.ત.) વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.**
**વૃશ્ચિક :(ન.ય. ) મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.**
**મકર : (ખ.જ.) ભાઇ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.**
**કુંભ : (ગ.શ.સ.) જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

અર્વાચીન ગુજરાતી કેળવણીના પિતા અને શ્રી વિજયરામ વૈદે જેમને ‘ગુજરાતી અર્વાચીન કેળવણીના સર્વ પ્રથમ કૃષિ પંડિત કહ્યા છે. એવા શિક્ષણશાસ્ત્રી શ્રી રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરીની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ભરૂચમાં મોઢ વણિક કુટુંબમાં થયો હતો. જન્મ ૨૯-૮-૧૮૦૩. ‘બુધ્ધિવર્ધક’ હિન્દુ સભાના તેઓ પ્રથમ પ્રમુખ હતા.

મિતાહારીપણું, નિયમિતતા અને વ્યાયામ એ ત્રણે બાબતોએ રણછોડદાસ નિરામય દીર્ઘાયુષ્ય બક્ષ્યું હતું. તેઓ સ્વભાવે માયાળુ, ન્યાયી, પ્રામાણિક, સંતોષી અને સેવાભાવી હતા. ધર્મસહિષ્ણુતા અને એકેશ્વરવાદનું વલણ ધરાવનાર રણછોડદાસનું ૨૩-૮-૧૮૭૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# દિયોદરમાં સણાદર ગામે દુધેશ્વર મહાદેવના મંદિરે શિવ યજ્ઞ યોજાયો


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દિયોદર

સમગ્ર ગુજરાતમાં શ્રાવણ માસ માં લોકો દ્વારા શિવઅનુષ્ઠાન કરી શિવ પૂજા અર્ચના કરાય છે ત્યારે સનાદર ગામે પણ શિવ ભક્તો દ્વારા આખો માસ શિવપૂજા કરાયેલ અને બીલીપત્રો પણ ચડાવી શિવજી ને રિઝવેલ જ્યારે અંતિમ દિવસે શિવભક્તો દ્વારા દુધેષ્વર મહાદેવ ના મંદિરે શિવ યજ્ઞ નું આયોજન કરેલ પ્રસંગે કોંગ્રેસ પ્રમુખ નરસિહ ભાઈ રબારી એ જણાવેલ કે શિવપૂજા નો મારો ઉદેશ્ય માત્ર દિયોદર તાલુકો અને પ્રદેશ અને દેશ ની જનતા ની શુખાકારી માં વધારો થાય અને ટુક સમય પૂર્વે પુરપ્રકોપ માં મરણગાયેલા જીવ આત્માઓ ને પ્રભુ સ્વર્ગે સ્થાન આપે અને ફરીવાર પુરપ્રકોપ ના ભોગ કોઈ ના બને એજ શિવજી ને પ્રાર્થના

જ્યારે યજ્ઞકાર્યમાં વિસનુભાઈ જોશીએ યજ્ઞકરાવેલ.

જ્યારે ન,પોપટલાલ માળી,પ્રભુરામ દરજી,વિપુલભાઈ માળી સહિત ધર્મ પ્રેમી જનતા ઉપસ્થિત રહેલ

# શ્રી શિવમ્ વિદ્યામંદિર થરાદમાં ’સ્વાતંત્ર્ય દિન’ ની ઉજવણી


વિષ્ણુ દવે

થરાદ

૭૧ મા ’સ્વાતંત્ર્ય દિન’ અને કૃષ્ણ જન્મ ઉત્સવ એટલે જન્માષ્ટમી ના પાવન પર્વ ની આજ રોજ શ્રી શિવમ્ વિદ્યામંદિર થરાદ માં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ આર્મીમેન સિપાહી ડોડિયા દિલીપસિંહ સર ના વરદ હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં આવી હતી.આ પ્રસંગે જગદિશભાઈ ઓઝા, યોગેન્દ્રભાઈ સોની, તથા વાલીગણ ઉપસ્થિત રહેલ.શાળાના આચાર્યશ્રી મનુભાઈ દવે એ પ્રાસંગિક ઉદબોધન કરેલ તથા શાળાના વિવિધ કાર્યક્રમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને સિપાહી દિલીપસિંહ સર ના હસ્તે પ્રમાણપત્ર તથા ઈનામ આપવામાં આવેલ. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા તેમજ પ્રભાતફેરી તથા સ્વચ્છતા અંગે રેલી પણ કાઢવામાં આવી હતી.કાર્યક્રમ નું સમગ્ર સંચાલન દુદાભાઈ વેંઝિયા, મુકેશભાઈ પ્રજાપતિએ કરેલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવામાં આવ્યો.

# પિરામીડ પબ્લિક સ્કૂલ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ડીસા

પિરામીડ પબ્લિક (ગુજરાતી અને અંગ્રેજી મિડીયમ) સ્કૂલ દ્વારા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. જેમાં ધ્વજવંદન નરેન્દ્રભાઈ પુરોહિત (ભૂતપૂર્વ આચાર્યશ્રી, આદર્શ હાઈસ્કૂલ માલગઢ) ના વરદ હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે હરેશભાઈ સોનઘેલા, ડૉ.ભરતભાઈ કચ્છવા, દશરથભાઈ ઠક્કર, રવિભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કર, શિક્ષકગણ, વાલીઓ તથા વિદ્યાર્થીઓ તેમજ ટ્રસ્ટીઓ વગેરે હાજર રહ્યા હતા. સ્વાતંત્ર્ય દિવસ તથા બાળકોના વિકાસ તેમજ ઘડતર અંગેનું માર્ગદર્શન નરેન્દ્રભાઈ પુરોહિતે પ્રવચન દ્વારા સુંદર રીતે આપ્યું હતું.

દેશ ભકિતના સુંદર ગીતોનું આયોજન થયેલ. જેમાં શિક્ષકગણ તથા વાલીઓ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોગ્રામને જીવંત બનાવ્યો હતો. બાળકો માટે નાની સ્પર્ધાઓ તથા ઈનામ વિતરણ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરાયા હતા.

# થરાદમાં જાગેશ્વર મંદિરમાં હવન અને ભોજન પ્રસાદ


વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં આવેલા શ્રી જાગેશ્વર મહાદેવના મંદીરે પવિત્ર શ્રાવણમાસની પુર્ણાહૂતિ પ્રસંગે રાજપુત ખોડાજી લાલાજી પરિવાર દ્વારા હવન અને ભોજનપ્રસાદનું નું આયોજન કરવામાં આવ્યું હતું.જ્યારે થરાદમાં આવેલા વીંડીમાં શ્રી ડાંગેશ્વર મહાદેવના મંદીરે પણ થરાદ પાલિકાના પ્રમુખ પથુભાઇ રાજપુત તરફથી યજ્ઞ અને ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.શહેરના શ્રી જાગેશ્વર મહાદેવના મંદીરમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભોજન લીધું હતું.ઉપરાંત તાલુકાના અનેક ગામોના શિવમંદીરોએ પણ પાવન શ્રાવણ માસની પુર્ણાહુતીએ હવન અને બ્રહ્મભોજન (ચોર્યાસી)નાં આયોજન કરવામાં આવ્યાં હતાં.

# વર્લ્ડ ફોટોગ્રાફી ડે નિમિત્તે બાળકોને કેમેરા વિશે માર્ગદર્શન અપાયું

ડીસા



રાષ્ટ્રીય પારીતોષિક ચિત્ર શિક્ષક અને કલાસૃષ્ટિ ફાઉન્ડેશનના પ્રણેતા ચંદુભાઈ એટીડી દ્વારા રવિવારે વર્લ્ડ ફોટોગ્રાફી ડે નિમિત્તે શાળાના નાના નાના બાળકોને વિવિધ કેમેરાના ઉપયોગ તથા ફોટોગ્રાફી કઈ રીતે કરી શકાય તે વિશે માર્ગદર્શન અપાયું હતું. જે પ્રસંગે અનિલભાઈ જોષી (પ્રવાસી ફોટોગ્રાફર- સામાજિક કાર્યકર) ડીસા સ્પોર્ટસ ક્લબના ગ્રાઉન્ડ ઉપર કેનોન કેમેરા- નિકોન કેમેરા તથા ફ્યુજી કેમેરા વિશે બાળકોને સમજ આપી તેમજ નેચરલ ફોટોગ્રાફી- પ્રવાસી ફોટોગ્રાફી જીવનમાં કેવી રીતે કરવી તેની વિશેષ જાણકારી આપી તથા કેમેરામાં લાઈટ તથા અગેઈન લાઈટ વિશે સમજ આપી હતી. તેમજ બાળકોએ જાતે જ સ્ટેન્ડ ઉપર કેમેરા કઈ રીતે ગોઠવવા તેના ઉપર ફોટોગ્રાફી કઈ રીતે કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કાર્તિક સુથાર- રણછોડ, જય, કરણ- પૃથ્વી- તોફીક જે બાળ ફોટોગ્રાફરે તથા સંસ્થાના સભ્ય હિતેશભાઈ જાદવ(ચિત્રકાર), જગદીશભાઈ વાઘેલા (ચિત્રકાર) એ ‘‘દીકરી દેવો ભવઃ’ ચિત્ર મોમેન્ટો તથા પુષ્પગુચ્છ આપી અનિલભાઈનું સન્માન કર્યું હતું.

# શ્રી આદિત્ય શૈક્ષણિક સંકુલમાં ૧૫ મી ઓગસ્ટ અને જન્માષ્ટમીની ઉજવણી


દેવજી રાજપુત

પ્રતિનિધ વાતમ

૧૫ મી ઓગસ્ટે ૭૧ માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે આદિત્ય શૈક્ષણિક સંકુલમાં ધ્વજવંદન કરી સલામી આપી. દેશભક્તિ ગીતો ગાઈ ઉજવણી કરાઈ. જ્યારે જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. સૌપ્રથમ સંકુલના પ્રમુખ રત્નાભાઈ એસ. મકવાણાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું. ત્યારબાદ દેશ રંગીલા, પેરોડી ડાન્સ, તારા વિના શ્યામ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા.

મુકેશભાઈ જોષીના માર્ગદર્શન નીચે પીરામીડ દ્વારા વિદ્યાર્થીઓએ મટકીફોડ કાર્યક્રમ કર્યો, ઉપરાંત નરસિંહ ચૌધરીએ બન્ને તહેવારોની સામ્યતાની સમજુતી આપી. તથા મંત્રી ઉત્તમભાઈ ડી. સુથારે આજના આધુનિક યુગમાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું. નવિનભાઈ મકવાણા તથા ઈશ્વરભાઈ ચૌધરીએ કાર્યક્રમની રૂપરેખા સંભાળી. શાળાના સ્ટાફે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરાવી આખા કાર્યક્રમને સફળ બનાવ્યો. ધ્વજવંદન કાર્યક્રમમાં વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા. શૈલેષભાઈ કે. મોદીએ સંકુલના તમામ બાળકોને ફળ આપી તથા ચોકલેટ આપી મોં મીઠું કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

# નવા નેસડા પ્રા. શાળામાં તિથિભોજન


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નવાનેસડા પ્રા.શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ગામના પૂર્વ સરપંચ ધુડાભાઈ માલાભાઈ અને વિરમાભાઈ દઝાભાઈ પટેલ(મંત્રી) દ્વારા તિથીભોજન આપવામાં આવ્યું હતું.શાળાના આચાર્યે તેમજ ગામના આગેવાન, શાળાના સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા.

# ગઢ રાઠોડ (નાઈ) સમાજનું ગૌરવ

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઢ ગામના વતની અને પાલનપુર ખાતે રહેતા અને અભ્યાસ કરતા રાઠોડ આશિષ ગીરીશભાઈ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ રેન્ક અને નીટની પરીક્ષામાં ૪૦૮ માર્ક્સ મેળવી સુરત ખાતે મેડીકલ કોલેજમાં એમબીબીએસ માટે એડમીશન મેળવેલ અને રાઠોડ મયંક વિનોદભાઈ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૮.૯૭ પર્સન્ટાઈલ રેન્ક અને નીટની પરીક્ષામાં ૨૮૩ માર્ક્સ મેળવી અમદાવાદ ખાતે મેડીકલ કોલેજમાં એમબીબીએસ માટે એડમીશન મેળવેલ છે. તેમજ ધો.૧૦ માં પણ બન્ને ગઢ સાર્વજનિક હાઈસ્કુલમાં પ્રથમ તેમજ દ્વીતીય નંબર મેળવેલ છે. સામાન્ય વર્ગમાંથી આવતા બન્ને ભાઈઓએ આ સીધ્ધી મેળવી સમાજ, ગામ તેમજ પરીવારનું નામ રોશન કરેલ છે.

# ખીમાણા ગામે ૭૧ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી


વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે શેઠશ્રી એમ.ડી.માધ્યમિક અને બી.એમ.હેબ્રા ઉ.મા.વિદ્યાલયના પટાંગણમાં ૭૧ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી.માજી સરપંચ પરમાર પીરાજી શેરાજીના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ.ઈશ્વરભાઈ દેસાઈ, વેલાણી ભરતભાઈ, કિંજલ બુક સ્ટોલ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ માં પ્રથમ બીજો અને ત્રીજો નંબર લાવનારને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ.આ પ્રસંગેને અનુરૂપ પ્રવચન શાળાના આચાર્ય રાઠોડ પ્રધાનજી, શાળાના ટ્રસ્ટી દિનેશભાઈ શાહ, દેસાઈ ઈશ્વરભાઈ, ખટાણા સુરેશભાઈ બાબુભાઈ પટેલ, અલ્કાબેન પટેલ સ્ટેજ સંચાલન જોષી આશુતોષભાઈએ કરેલ.

આ પ્રસંગે દેસાઈ ઈશ્વરભાઈ, પરમાર પીરાજી, ખટાણા સુરેશભાઈ, પરમાર કપુરજી, પરમાર શંભુજી, પરમાર વેલસંગ, ઠક્કર સોમાભાઈ, દેસાઈ મગનભાઈ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળાના સમગ્ર સ્ટાફગણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કાંકરેજની ઝાલમોર શાળામાં ભાવ ભોજન


મહાદેવ મરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાની ઝાલમોર, શંકરપુરા, કાકરાળા શાળાના તમામ બાળકોને હિન્દુઓના પ્રવિત્ર શ્રાવણમાસ નિમિત્તે ઝાલમોરના શિવભક્તો દ્વારા મોહનથાળ, મગનું શાક, પુરી દાળભાતનું સ્વાદિષ્ટ ભોજન પિરસવામાં આવ્યું હતું.આ પ્રસંગે શિવભક્તોમાં કલ્યાણભાઈ, મુળાભાઈ, ડો.રાજુભાઈ રાવળ, શંકરભાઈ ભેમાજી, જયંતિભાઈ, પ્રશાંતકુમાર તથા શાળાનો સ્ટાફ અને સંચાલક શંકરભાઈ ડાભાણી, અભુજી દરબાર તથા ગામના યુવાનોએ સંપૂર્ણ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવેલ.

# વડગામમાં શ્રી રામકથાનું સમાપન

(તા.પ્રતિનિધિ) વડગામ

ધાર્મિક શ્રાવણ માસ પર્વ મહોત્સવ નિમિત્તે વડગામના શ્રી રણછોડજી મંદિર સંકુલમાં શ્રાવણ વદ-૫ (પાંચમ) થી શ્રાવણ વદ-૧૪ સુધી કથાકાર જુગતરામજી બાપુ (પાલીતાણાવાળા) ના સાંનિધ્યમાં શ્રી રામકથા યોજાઈ હતી. જેનું સમાપન તારીખ ૨૦/૦૮/૨૦૧૭ ને રવિવારે થયું હતું. શ્રી રામકથાનું આયોજન રામજી મંદિર ટ્રસ્ટ, વડગામ અને રણછોડજી મંદિર ટ્રસ્ટ, વડગામ દ્વારા કરાયું હતું. નવ દિવસ દરમ્યાન કથાકાર દ્વારા શ્રી રામ જન્મ ઉત્સવ, સીતા સ્વયંવર વગેરે પ્રસંગો ભજવવામાં આવ્યા હતા. બંન્ને ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ કથા કાર્યક્રમ સફળ બનાવવા પુરતો સહયોગ આપ્યો હતો.

# ભીલડી રોટરી કલબ પ્રમુખ દ્વારા રોટરી સ્કૂલને વોટર કુલરની ભેટ


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડીના સેવાભાવી જામનદાસ મહેશ્વરી જેઓ ભીલડી રોટરી કલબના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે.આજે તેમના ધર્મપત્નિ સ્વ.નિર્મલબેનની સ્મૃતિમાં ભીલડીની રોટરી કલબ સંચાલિત ઈંગ્લીશ મીડીયમ રોટરી સ્કૂલમાં ભણતાં ભુલકાઓને ઠંડા પાણી માટે વોટર કુલર અર્પણ કર્યું હતું.આ પ્રસંગે દાતા જામનદાસ મહેશ્વરી ટ્રસ્ટી દ્વારા રોટરી સ્કૂલના આચાર્ય બીંદુબેન વગેરે હાજર રહ્યા હતા.

# વડગામના પિલુચા ગામે સ્વચ્છતા રથનું આગમન

પ્રતિનિધિ પિલુચા

વડગામના પિલુચા ગામે તા.૧૭-૮-૨૦૧૭ ના રોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાસકાંઠા(પાલનપુર)દ્વારા આયોજીત સ્વચ્છતા રથનું આગમન થયું હતું.અને સ્વચ્છ ભારત મિશન(ગ્રામિણ) વિસ્તારોમાં ‘ખુલે મે શૌચ સે આઝાદી’ તા.૧૫ થી ૨૧ ઓગસ્ટ ૨૦૧૭(સપ્તાહ) સ્વચ્છતા રથ પિલુચા બસ સ્ટેન્ડ પર આવતાં સ્વચ્છતાં જળવાઈ રહે તે માટે જાહેર જગ્યા પર ભવાઈ નો વેશ ધારણ કરીને સ્વચ્છતા માટેનું નાટક ભજવવામાં આવ્યું હતું.અને ગામલોકોને ‘ખુલે મે શૌચ સે આઝાદી’ સાબુથી હાથ ધોવા, જાહેર માર્ગ પર ગંદકી ના કરવી.‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ જેવી માહિતી આપીને ગામલોકોને સ્વચ્છતા જાળવવા માટે અનુરોધ કર્યો હતો.

# વડગામ ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ યોજાયો

(તા.પ્રતિનિધિ) વડગામ

વડગામ ખાતે ગતરોજ સોમવારે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તા.પં. પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મહામંત્રી રતુભાઈ ગોળ, કિસાન પ્રમુખ કાંનજીભાઈ ધુળીયા, આચાર્ય રઘુભાઈ જેગોડા, તા. ભાજપ મહામંત્રી ગોવિંદભાઈ નાંદોત્રા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું. કાનજીભાઈ ચૌધરી મેપડાએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# અર્થ શાહ દ્વારા ફ્રી ડાન્સ વર્કશોપ યોજાયો


શાંતિ શાહ

અમદાવાદ

છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત ડ્રીમ વર્લ્ડ એકેડમી ડાન્સ પ્રત્યે રૂચિ ધરાવતા લોકો માટે અવાર-નવાર ફ્રી વર્કશોપનું આયોજન કરતું આવ્યું છે. ગત રવિવાર, તા. ૨૦મી ઓગસ્ટે પણ બપોરે ૧.૩૦ કલાકથી લઇને સાંજે ૫.૩૦ કલાક સુધી ૨.૫ વર્ષના બાળકોથી લઇને ૬૦ વર્ષની મહિલાઓ માટે ફ્રી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨.૫ વર્ષથી લઇને ૧૬ વર્ષના ૯૦થી વધુ બાળકો તેમજ ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીના ૧૨૦ થી વધુ યુવતીઓ અને મહિલાઓએ ૧/૪ાગ લીધો. અર્થ શાહ ડાન્સ પ્રત્યે રૂચિ ધરાવતા બાળકો, યુવાનો, યુવતીઓ તેમજ મહિલાઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી અવારનવાર આવા ફ્રી ડાન્સ વર્કશોપનું આયોજન કરતા રહ્યા છે.

# કૈલાસ સત્યાર્થી દ્વારા બાળકોના જાતિય શોષણ અને ગેરકાયદે હેરફેરના વિરોધમાં ભારત યાત્રા યોજવાની જાહેરાત


શાંતિ શાહ

અમદાવાદ

નોબેલ શાંતિ પારિતોષક વિજેતા શ્રી કૈલાસ સત્યાર્થીએ બાળકોની ગેરકાયદે હેરફેર અને જાતિય શોષણ સામે લડત આપવા ઐતિહાસિક ભારત યાત્રા યોજવાના નિર્ણયની જાહેરાત કરી છે. આ યાત્રા બચપન-સુરક્ષિત ભારતના સૂત્રને સાકાર કરવા માટે યોજવામાં આવી છે. આ યાત્રા ૩૫ દિવસમાં ૨૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી પસાર થશે. આ યાત્રાનો પ્રારંભ દક્ષિણમાં કન્યાકુમારી ખાતેથી થશે અને ત્યાંથી તે પશ્ચિમ ભારતમાં જશે. ગૌહત્તીથી નિકળેલી યાત્રા દેશના પૂર્વ ભાગમાં જશે, જ્યારે શ્રીનગરથી ઉત્તર ભારતની યાત્રાને લીલી ઝંડી અપાશે. આ બધી યાત્રાઓનું ભારતના પાટનગર દિલ્હી ખાતે તા.૧૫ ઓક્ટોબરના રોજ સમાપન થશે.

કૈલાસ સત્યાર્થી બાળકોની સ્વતંત્રતા, સલામતિ અને સુરક્ષા માટે દુનિયાભરમાં છેલ્લા ૩૬ વર્ષથી ઝૂંબેશ ચલાવી રહ્યા છે.

# વાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખનું હોદા પરથી રાજીનામું

## ત્રણમાસના ટૂંકાગળામાં હોદા પરથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું

તા.પ્રતિ વાવ

વાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે તા.૧/૬/૧૭ થી નરસિંહભાઈ આર. હેમાણીની કાર્યકારી પ્રમુખ પદે પ્રદેશ મોવડી મંડળે વરણી કરી હતી. ત્રણમાસના ટૂંકાગાળામાં નરસિંહભાઈ હેમાણીની પૂર, સંગઠન, બૂથ સમિતિ, સભ્ય નોંધણી જેવી પાર્ટીની કામગીરી પ્રશંસાને પાત્ર બની રહી હતી. પરંતુ ગત તા.૨૧/૮/૧૭ ના રોજ તેઓએ બ.કાં. જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કાર્યાલય મંત્રી એ.કે.ભાટીયાને કોંગ્રેસ પ્રમુખ પદના હોદા પરથી રાજીનામું ધરી દીધું હતું. જો કે આ બાબતે નરસિંહભાઈ હેમાણીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે મારી



પાસે બ.કાં. જિલ્લા દલિત એકમ વાવ શાળાના પ્રમુખ પદની જવાબદારી ઉપરાંત ધંધાકીય ક્ષેત્રે વધૂ પડતી જવાબદારી અને સામાજીક જવાબદારી હોવાથી મે પાર્ટીના હોદા પરથી સ્વેચ્છાએ રાજીખુશીથી રાજીનામું આપ્યું છે. હું પાર્ટીના કાર્યકર તરીકે સક્રિય રહી ફરજ અદા કરીશ તેમજ કોંગ્રેસ પાર્ટીની વિચારધારાને અનુસરી પાર્ટીનું કામ કરીશ.

# અમીરગઢમાં એટીએમ મશીન તોડવાના ગુનામાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

(પ્રતિનિધિ) અમીરગઢ

અમીરગઢ પી.એસ.આઈ. એમ બી બારડ તથા પોલીસ સ્ટાફના હસમુખભાઈ, બલવંતસિંહ, અફઝલ ખાન, રોહિતભાઈ, શૈલેષભાઇ વિગેરે માણસોએ આજરોજ મળેલ બાતમી આધારે આરોપી (૧) પદમસિંહ ગિરધરસિંહ ડાભી, (૨) મેરુસિંહ સુરતુસિંહ ડાભી બન્ને રહે.આવલ તા.અમીરગઢ વાળાઓને અમીરગઢ ખાતેથી પકડી પાડી ગુનામાં ધરપકડ કરેલ છે.

આ કામે અગાઉ એલસીબી પાલનપુરના દ્વારા ત્રણ આરોપીઓ (૧)કલ્યાણસિંહ સાંતુસિંહ ડાભી, (૨)ભરતસિંહ પચાણસિંહ ડાભી, (૩)કલ્યાણસિંહ સામતસિંહ ડાભી તમામ રહે.આવલવાળાની આ ગુનામાં ધરપકડ કરવામાં આવેલી તથા ઉપરોક્ત પકડાયેલ બે આરોપી તથા મહાવીરસિંહ ભીખસિંહ ડાભી તથા ભગવાનસિંહ ડાભી નામના આરોપી નાસતા ફરતા હોય તે પૈકીના ઉપરના બેની આજરોજ ધરપકડ કરવામાં



વિશાલ નાઈ

આવેલ છે. આ કામે આ તમામ આરોપીઓએ ગઈ તા.૨૭/૦૮/૨૦૧૬ ના રાત્રીના અમીરગઢ ટાઉનમાં આવેલ યુનિયન બેન્કના એટીએમ નું તાળું તોડી તેમાંથી રોકડ રકમ ચોરી કરવાની કોશિશ કરેલ હતી. આ પકડાયેલ આરોપીઓના રિમાન્ડ મેળવી આવા બીજા કોઈ ગુનાઓમાં તેમની સંડોવણી છે કે કેમ તે બાબતે અઘન તપાસ હાથ ધરેલ છે.

# ખાનપુર જૈન સંઘમાં વિધવિધ પ્રેરણાદાયી અનુષ્ઠાનો ઉજવાયા

ડીસા

શ્રી ખાનપુર જૈન સંઘના આંગણે ચાતુર્માસ બિરાજમાન પા. આચાર્યદેવશ્રી જિતરક્ષિતસૂરીશ્વરજી મ.તથા વિવિધ ઉપાશ્રયોમાં બિરાજમાન પૂજ્ય સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં ભાઈઓ અને બહેનોના અપૂર્વ ધર્મ ઉલ્લાસ સાથે વિવિધ પ્રેરણાદાયી અનુષ્ઠાનો ઉજવાયા છે.પૂરપીડિતોની સહાયતા માટે રોકડ રકમ તથા જીવન જરૂરી ચીજો એકત્ર કરીને મોકલવામાં આવી હતી.ઉપકરણ વંદનાવલીમાં સાધુ જીવનના ઉત્તમ ઉપકરણોના ચઢાવા બોલીને પરિચય અને અર્પણ વિધિ થઈ હતી.સાબરમતી બિરાજમાન જૈનાચાર્ય,પૂ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.,પૂ.શ્રી કલ્યાણ બોધિ સૂરીશ્વરજી મ. તથા પૂ.શ્રી સૌમ્યરત્ન વિજયજી મ.ની પ્રેરણાથી મહાન જૈનાચાર્ય, પીંડવાડાનાં પુત્રરત્નપૂજ્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી.મ.ની અર્ધશતાબ્ધી સંયમ રથયાત્રા અહીં આવી પહોંચતા ભવ્ય સ્વાગત અને ગુણાનુવાદસભા તથા રાત્રીના સમયે ચલચિત્ર પ્રદર્શિત થયેલ. પૂ.ગચ્છાધિપતિ શ્રી પ્રેમસૂરીશ્વરજીદાદાની ૫૦ મી પુણ્યતિથી અને પૂજ્ય ગુરૂમાં શ્રી ચંદ્રશેખર વિજયજી મ.ની.છઠ્ઠી સ્વર્ગોરોહણ તિથી પ્રસંગે વિશાળ ગુણાનુંવાદસભામાં પૂ.આ. જીતરક્ષિતસૂરીશ્વરજી તથા પૂ. વિશ્વરક્ષિત વિજય પૂ.મુનિરાજ મ., શ્રી મોક્ષતિલક વિજયજી મ.શ્રી પદ્મરક્ષિત વિજયજી મ.,શ્રી મુક્તિતિલક વિજયજી મ.પૂ.શ્રી તપોજિત વિજયજી મ.,પૂ.શ્રી કલ્પજિત વિજયજી મ., બાલમુનિરાજ શ્રી પ્રેમશેખર વિજયજી મ., આદિ તથા માનદમંત્રી દિનેશભાઈ વાડીલાલ શાહ, પ્રવિણભાઈ દોશી, રીકેનભાઈ પટવા, નરેન્દ્રભાઈ કામદાર, શ્રેણીકભાઈ શાહ, પ્રકાશભાઈ વોહેરા, અલ્પેશભાઈ, ભાવિકભાઈ વગેરે વક્તાઓએ બંને મહાપુરુષોના જીવનવિષે પ્રકાશ પાથર્યો હતો.મીઠાઈ અને ફરસાણનાં પેકેટ ગરીબ વર્ગમાં વહેંચવામાં આવેલ.ભક્તામર સ્રોત, ૬૫ સમૂહઆયંબીતપ તથા રાત્રિ ભાવનાનું આયોજન થયેલ.જેમના દિક્ષામુહૂર્ત પ્રગટ થયા તેવા ૨૩ મુમુક્ષુ ભાઈઓ

અનુસંધાન પાના નં.૬

# કેશડોલ્સ આપો નહીતર અમારાં ભરેલાં ફોર્મ પાછાં આપો : થરાદમાં લોકોમાં ભારે આક્રોશ

## કર્મચારીઓ દ્વારા ફોર્મ ભર્યા પછી પણ સહાય નહી અપાતાં મહિલાઓએ નગરના માર્ગો ગજવ્યા

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના વોર્ડ નંબર બે અને ત્રણમાં ફોર્મ ભરાયા પછી પણ કેશડોલ્સ નહી મળ્યાની રજુઆતો કરવા સ્ત્રી પુરુષોનાં ટોળાં પ્રાંતકચેરીમાં આક્રોશ સાથે દોડી આવી સહાયની માંગણ કરી હતી.ત્યાર બાદ બજારમાં સુત્રો સાથે પાલિકા કચેરીમાં જઇને યાતો સહાય આપો નહીતર અમારાં ભરેલાં ફોર્મ પાછાં આપો તેવી ઉગ્ર માંગણીઓ કરતાં ભારે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.

શહેરના વોર્ડનંબર બે અને ત્રણમાં ફોર્મ ભરવા છતાં વ્હાલાદવલાની નીતી અપનાવાઇ અને કેશડોલ્સ નહી મળતાં ભારે



વિષ્ણુ દવે

રોષની લાગણી સાથે રહીશો પ્રાંગણમાં ધસી આવ્યા હતા.નોંધનીયછેકે થરાદ શહેર અને પંથકમાં કેશડોલ્સના મુદ્દે વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે.અગાઉ પણ કેશડોલ્સના મુદ્દે લેખિત મૌખિક રજુઆત કરી હતી.જેમાં વોર્ડના જ અન્ય ઉંચાણવાળા વિસ્તારો ઉપરાંત શહેરના જરા પણ પાણી નહી આવ્યું હોય અને બંગલાઓમાં રહેતા હોય એવા વિસ્તારોમાં સહાય મળતી હોય તો તેમના વિસ્તારમાં મકાનો પડવા છતાં પણ કેમ નહી? તથા અસર ન થવા છતાં પણ કેશડોલ્સ મળે તો પછી દરેકને મળે તેવી રજુઆતો કરીને કેશડોલ્સ કોઇ પણ જાતના અન્યાય વગર દરેકને આપવાની માંગણી કરી હતી. વોર્ડ નંબર બે ના રહીશોએ બજારમાં પાલિકા હાય હાયના સુત્રોચ્ચાર સાથે તેમનાં

અનુસંધાન પાના નં.૬

# અમીરગઢ ચેક પોસ્ટ ઉપર વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ



વિશાલ નાઈ

## ટ્રકની પાછળ ગુપ્ત ખાનામાં દારૂ સંતાડ્યો હતો

(પ્રતિનિધિ) અમીરગઢ

અમીરગઢ પી.એસ.આઈ. એમ.બી.બારડ સ્ટાફ સાથે બોર્ડર ચેક પોસ્ટ ઉપર વાહનોનું ચેકીંગ કરતા હતા. તે દરમ્યાન ટ્રક નં. આર.જે.જીબી.૮૧૨૩ ની તલાસી દરમ્યાન પાછળના ભાગે બનાવેલ ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની ૧૭૮૪ બોટલ કિંમત રૂા.૯,૪૪,૦૦૦ મળી આવી છે જો કે ટ્રક મુકી ચાલક ફરાર થઈ ગયો હતો.

પરંતુ ખલાસી રામચંદ્ર ફુલચંદ્ર જાટ (રહે.પુજારીકા વાસ તા. પંડેલા જિ.લિકટ રાજસ્થાન)પકડાઈ ગયો હતો.પોલીસે વિદેશી દારૂ અને ટ્રક મળી કુલ રૂા.૧૯,૮૪,૯૦૦ નો મુદ્દમાલ કબજે લઈ અને બંને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવસભરના ભારે ઉકળાટ - બફારા વચ્ચે થરા પંથકમાં વરસાદ

## બાવીસ દિવસના વિરામબાદ મેઘરાજાની પધરામણી થતાં ચોમાસુ પાકને જીવતદાન મળ્યું

તાલુકા પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકામાં ગત તા. ૨૪/૭/૨૦૧૭ ના બનાસ નદીના ઘોડાપુર અને નર્મદા નહેરના પાણીએ ભારે તારાજી સર્જી હતી. માનવ- પશુ જાનહાનિ ઉપરાંત માલસામાન, ઘરવખરી, અનાજ, કૃષિપાક, જમીન ધોવાણ સહિત ભારે નુકશાની થઈ હતી. સેવાભાવી સંસ્થા લોકોને રાજ્ય સરકાર વિરોધ પક્ષ સહિત સૌ કોઈ પૂરગ્રસ્ત વિસ્તારને લોકોને મદદ કરવા તન- મન- ધન સાથે દોડી આવ્યા. કેન્દ્ર- રાજ્ય સરકારે બે હજાર કરોડની સહાય જાહેર કરીને હજુ લોકો કંઈકને કંઈક લઈને પૂરગ્રસ્ત વિસ્તારોમાં આવી રહ્યા છે. મેઘરાજાએ લાંબો વિરામ લેતા જનજીવન થાળે પડ્યું તો જે વિસ્તારમાં ચોમાસુ પાકનું વાવેતર કરવામાં આવેલ. તે વિસ્તારમાં હવે મેઘરાજા પુનઃ પધારે તેવી પ્રાર્થના કરતા હતા. શ્રાવણ માસનો છેલ્લો સોમવારને અંતિમ દિવસ સોમવતી અમાસની પૂજા અર્ચના- હોમ- હવન કરી વ્રત- તપની પૂર્ણાહુતિ કરતા હતા. પણ દિવસભર ઉકળાટ- બફારાએ તમામ રેકર્ડ તોડ્યા હોય તેવો માહોલ સર્જાયો હતો ને પંખા- એસી કુલર પણ નકામા સાબિત થઈ રહ્યા હતા. હવામાન ખાતાની ૨૦ થી ૨૩ તારીખ સુધીની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીના પગલે બનાસ નદી તટ અને આજુબાજુના નીચાણવાળા ગામોના લોકો સલામત સ્થળે રાત્રે ખસી જતા હતા. કાળઝાળ ગરમીને વરસાદ ખેચાતાં બફારાના કારણે ચોમાસુ પાકને હવે પીયતની ખાસ જરૂર ઉભી થઈ હતી. નર્મદા નહેર તુટતાં તંત્ર દ્વારા પાણી ખેંચવા ઉપર પ્રતિબંધને કુવાના પાણી થકી મથામણ કરતા ખેડુતોને તા. ૨૧/૮/૨૦૧૭ ને સોમવારના રાત્રે હાશકારો થયો.

અનુસંધાન પાના નં.૬

# દાંતામાં હડતાલના પગલે પોસ્ટ ઓફિસ સુમસામ

(પ્રતિનિધિ) અંબાજી

બનાસકાંઠા જીલ્લા માં છેલ્લા છ દિવસ થી ગ્રામીણ વિસ્તારો માં પોસ્ટ ઓફીસ ની ટપાલ સેવા ઠપ્પ કરી દેવામાં આવી છે. જીલ્લા નાં દાંતા તાલુકા માં છેલ્લા ૬ દિવસ થી ૩૦ ઉપરાંત ગામો માં ગ્રામીણ ડાક સેવકો એ આદરેલી અચોક્કસ મુદત ની હડતાલ નાં પગલેં પોસ્ટઓફીસો સુમસામ પડી છે. ત્યારે ટપાલો નાં પણ થેલાં વહેંચ્યાં વગર નાં પડી રહેલાં જોવા મળી રહ્યા છે. ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયન દિલ્હી નાં આદેશ થી ગત્ત ૧૬ ઓગસ્ટે ચોક્કસ મુદત ની નોટીસ સરકાર માં અપાઇ હતી. જેનું કોઇ સુખદ નિર્ણય ન આવતાં હડતાલ આજે પણ ચાલુ રખાઇ છે. જોકે આ હડતાલ માં મહત્તમ કાયમી કરવાં, સાતમાં પગારપંચ નો લાભ આપવાં, તથા કેન્દ્રીય કેટ અને કોર્ટ દ્વારા અપાયેલાં આદેશ મુજબ પેન્શન ની માંગ કરાઇ રહી છે.

# ડીસા શહેર ભાજપ મહિલા મોર્ચાના હોદેદારોની વરણી

ડીસા

જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રમુખ કેસાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા તથા ઉમેદદાનજી ગઢવીના માર્ગદર્શનથી જિલ્લા મહિલા મોર્ચા પ્રમુખ મીતાબેન સોનીની સૂચનાથી શહેર બક્ષીમોર્ચા પ્રમુખ રીનાબેન પટેલ અને મહામંત્રી રીનાબેન પરમાર, ડીસા શહેર પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ અને મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી તથા અશોકભાઈ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી નીચે મુજબના હોદેદારોની વરણી કરેલ છે. ઉપપ્રમુખ કાન્તાબેન નંદુભાઈ પટેલ અને કિરણબેન અમીતભાઈ પરમાર મંત્રી જોલીબેન યોગેશભાઈ પટેલ, હેમલત્તાબેન ભરતભાઈ હેરૂવાલા, લત્તાબેન રવિન્દ્રભાઈ ઠાકુર, અંજલીબેન રાજેશભાઈ ઠાકોર કોષાધ્યક્ષ છાયાબેન હિતેન્દ્રકુમાર સોનીની વરણી કરાઈ છે.

# થરા કોલેજ એન.એસ.એસ. પાંચ દિવસીય ખાસ શિબિરનો શુભારંભ

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થરાના એન.એસ.એસ. એકમની પૂરગ્રસ્ત વિસ્તારમાં પાંચ દિવસીય ખાસ શ્રમ શિબિર



યશપાલસિંહ ટી.વાઘેલા

ઈન્ચાર્જ આચાર્ય સુરેશભાઈ એ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફીસર પ્રા. હરેશભાઈ એલ. દવે, સહ ઓફીસર હરિભાઈ સિંઘવની રાહબરીથી પૂરગ્રસ્ત ઢેકવાડી ગામે ગત તા.૨૧/૮/૧૭ થી શરૂ થઈ જેમાં ઠેર ઠેર દવા છંટકાવ, વૃક્ષારોપણ, કાદવ-કીચડ નાબૂદી સહિત શાળાના ભૂલકાં - ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરે તેવા કાર્યક્રમો સાથે પૂરગ્રસ્ત લોકો વિદ્યાર્થીઓને વિવિધ કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં યુનિટના સ્વયંસેવકો શિવરાજસિંહ વાઘેલા, વર્સિલ ત્રિવેદી, રાજેશ ચૌધરી, વિજય દેસાઈ, વિરેન્દ્ર વાઘેલા, નિલેશ ઠાકોર, ચિરાગ રાવળ, હિતેશ પંચાલ, નિકુલ પ્રજાપતિ સહીત સ્વયંસેવકો ભારે જહેમત ઉઠાવી શ્રમ કાર્ય કરી રહ્યા છે.

સતત ત્રીજા દિવસે પણ..

# વાવમાં પાણી બંધ રહેતા હલ્લાબોલ

## કેનાલમાં પાણીનું લેવલ આવ્યા બાદ પાણી છોડવા તંત્રની સુચના

તા.પ્રતિ. વાવ

અંદાજે પંદર હજારની જનસંખ્યા ધરાવતા તાલુકા મથક વાવ ખાતે સતત તા.૨૦, ૨૧, ૨૨ ત્રણ દિવસ પાણીનો પુરવઠો બંધ રહેતા વાવની જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે.જો કે આ બાબતે વાવ પા.પુરવઠાના ના.કા. ઈજનેરનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે કેનાલની કામગીરી ચાલુ હોઈ તેમાં પાણીનું લેવલીંગ કર્યા બાદ કેનાલમાં પાણીનું લેવલ આવ્યા બાદ પમ્પીંગ મારફત દેવપુરા સીમમાંથી પાણી મેળવી અને પાઈપલાઈન મારફત વાવ ખાતે પાણી પહોંચાડાશે.અને ત્યારબાદ વાવનો સંપ પાણીથી ભરાયા બાદ વાવની જનતાને પાણી અપાશે.સતત ત્રીજા દિવસથી અણધારી કેનાલની લેવલીંગ



વિષ્ણુ પરમાર

કામગીરી ચાલુ હતી.તો જવાબદાર તંત્રએ વાવ તાલુકાની જનતાને પાણીના મુદ્દે જાહેર નિવિદા પ્રસિધ્ધ કરી જાણ કેમ નથી કરાઈ ? સતત ત્રણ દિવસથી વાવ તાલુકાની પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.લોકો પાણીના મુદ્દે અકળાઈ ગયા છે ચોથે દિવસે પાણીનો જથ્થો નહી છોડાય તો વાવની જનતા આંદોલન માર્ગે જશે.તેવું છડે ચોક ચર્ચાઈ રહ્યું છે.

# વિલાયત જીઆઈડીસીમાં જ્યુબિલન્ટ લાઈફ સાયન્સ ૨૫૦ કરોડના ખર્ચે પ્લાન્ટ સ્થપાશે

## અંદાજીત ૪૦૦ લોકોને રોજગારી મળવાની સંભાવના

અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના વિલાયત જીઆઈડીસી ખાતે આવેલ જ્યુબિલન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડ દ્વારા સંચાલિત સેઝમાં જ્યુબિલન્ટ લાઈફ સાયન્સીસ લિમીટેડ (યુનિટ-૩) દ્વારા ટેકનીકલ ગ્રેડ જંતુનાશક અને તેના સ્પેસિફિક ઈન્ટરમિડીયેટની ઉત્પાદન સુવિધા માટે સ્થપાનાર પ્લાન્ટ માટે લોક પર્યાવરણ સુનવણી યોજાઈ ગઈ. જેમાં લોકોએ એકી અવાજે નવા આવનાર પ્લાન્ટને વધાવી લીધો અને તેનાથી આ વિસ્તારનો વિકાસ ઝડપી બનશે. તેવી આશા વ્યક્ત કરી હતી. આ લોક પર્યાવરણ સુનવણીમાં આસપાસના ગામલોકો અને કંપની વચ્ચે લાગણીના સંબંધો બંધાયા હોવાનું સ્પષ્ટ પ્રતિત થતુ હતુ જે બીજી કંપનીઓ માટે ઉદાહરણ લેવા સમાન હતું.

અંદાજીત ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટની



વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૩૨૩૫૦ મેટ્રિક ટન હશે. આ પ્રોજેક્ટથી અંદાજે ૪૦૦ જેટલા કુશળ અને બિનકુશળ લોકોને રોજગારી મળશે. સ્થાનિકોને રોજગારી આપવામાં આવે તેવી રજુઆત કરી હતી. જે કંપનીના પી.આર.ઓ. નિર્મળ યાદવે માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યારે કંપનીના ૩૩૫ કર્મચારીઓમાંથી વાગરા અને ભરૂચ તાલુકાના ૧૪૫ કર્મચારીઓ છે. જ્યારે કોન્ટ્રાક્ટમાં ૨૨૮ કર્મચારીઓમાંથી ૧૪૫ કર્મચારીઓ આ બે તાલુકાના છે.

સ્થાનિક આગેવાનોએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટીમાં વપરાતી રકમમાં ગામલોકોના સૂચનો લેવાય તેવી રજુઆત કરી હતી. તેને માન્ય રાખવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરાના ઝાડી ગામની યુવતીને સાસરીયાએ ઘરમાંથી કાઢી મૂકી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના ઝાડી ગામની યુવતિને સાસરીયાએ શારીરિક અને માનસિક ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મૂકી હતી.તેથી તેણીએ સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઝાડી ગામના બાળકાભાઈ સુજાભાઈ રબારીની પુત્રી લેરીબેનને ત્રણેક વર્ષ પહેલા રાહ(તા.થરાદ) મુકામે પરણાવેલ જ્યાં શરૂઆતમાં સંસાર સારી રીતે ચાલ્યો ત્યારબાદ સાસરીયા વારંવાર દહેજ મુદ્દે મહેણાં-ટાંણાં તેમજ શારીરિક માનસિક ત્રાસ આપી તાજેતરમાં તેને કાઢી મુકતાં તે પિયર આવી તેઓને વાત કરતાં તેમણે તેણીના સાસરીયાને અવાર-નવાર સમજાવવા પ્રયત્ન કરેલ પરંતુ વ્યર્થ જતાં ફરીથી તેના સાસરેથી ઘરે આવી હવે સાસરીમાં વધુ ત્રાસ હોઈ ત્યાં માર મારતા હોઈ જવું નથી તેમ કહી લેરીબેન ધાનેરા પોલીસ સ્ટેશન ગતરોજ આવી બાળકાજી નવાજી રબારી, પુંજાજી નવાજી રબારી, નારણ કાનાજી રબારી, સમદાબેન નવાજી રબારી અને નવાજી કાનાજી રબારી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી જેથી પોલીસે વધુ તપાસ ચલાવી રહી છે.

# પાલનપુરના નમકીનના વેપારીની બેગની ઉઠાંતરી

પાલનપુર

પાલનપુરના એક નમકીનના વેપારી માલની ડિલેવરી કરવા જઈ રહ્યા હતા. ત્યારે મારુતિવેન માંથી બેગની ઉઠાંતરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પાલનપુરના મુસ્તકભાઈ એ.સૈયદ નમકીનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જેઓ પોતાની મારુતિ વેન લઈને માલની હોમ ડિલેવરી કરવા નીકળ્યા હતા. ત્યારે ગુરુનાનક ચોક ખાતે વ્હાઈટ હાઉસ પાસે વેનને પંચર પડ્યું હતું. જે ટાયર બદલતા હતા ત્યારે એક સફેદ શર્ટ પહેરેલ શખ્સ વેનમાં પડેલી બેગની ઉઠાંતરી કરી છું થઈ ગયો હતો. આ બેગમાં રૂ.૨૦૦૦ની રોકડ રકમ સાથે ઉઘરાણીની રસીદ, બિલ બુક સહિતના અગત્ય રેકર્ડ હતું. જે અંગે મુસ્તાકભાઈ સૈયદની ફરિયાદને આધારે પાલનપુર પૂર્વ પોલીસે તપાસ હાથ ધરી છે.

શ્રાવણી તહેવારો પૂર્ણ થયા છતાં

# પાલનપુરની સસ્તા અનાજની દુકાનો પર તેલનો જથ્થો આવ્યો ન હોવાની રાવ

પાલનપુર

પવિત્ર શ્રાવણ માસના તહેવારો નિમિત્તે કહેવાતી હિન્દુત્વવાદી ભાજપ સરકારે સસ્તા અનાજની દુકાનો મારફતે રેશનકાર્ડ ધારકોને તેલ અને ખાંડનો જથ્થો ફાળવવાની જાહેરાત કરી હતી. જે જાહેરાત બનાસકાંઠા પુરવઠા વિભાગની લાલિયાવાડીને કારણે ઠગારી નીવડી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભાજપ સરકારે રેશનકાર્ડધારકોને શ્રાવણ માસના તહેવારો નિમિત્તે એક કિલો તેલનું પાઉચ અને ખાંડનો જથ્થો ફાળવવાની જાહેરાત કરી હતી. જોકે, શ્રાવણ માસનું સમાપન થઈ ગયું છે. છતાં આજ દિન સુધી પાલનપુરની સસ્તા અનાજની દુકાનો પર જિલ્લાના રેઢિયાળ પુરવઠા તંત્ર દ્વારા તેલનો જથ્થો ફાળવાયો ન હોવાની વિગતો બહાર આવી છે.

આમ, પુરવઠા વિભાગના અણઘડ વહીવટને પાપે આજે શ્રાવણ માસ પૂરો થવા છતાં રેશનકાર્ડ ધારકો તહેવાર નિમિત્તે મળતા તેલના જથ્થાથી વંચિત રહી ગયા છે.

# શ્રી કથેરિયા હનુમાન મંદિર ખાતે ભોજન પ્રસાદ



સંજય જોષી

પાલનપુરના શ્રી કથેરિયા હનુમાન મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના સમાપન ટાણે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના બાળકો સહિત ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદ લઇ ધન્યતા અનુભવી હતી.

# છત્તીસગઢના બસ્તર મહારાજે ઢીમા ધરણીધરના દર્શન કર્યા



વર્ધાજી રાજપૂત

પ્રતિ ઢીમા

છત્તીસગઢ રાજ્યના બસ્તર મહારાજે વાવ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે કાળીયા ઠાકરના દર્શન કરી ભગવાનના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. છત્તીસગઢના કમળચંદ્ર ભૂજદેવ બસ્તર મહારાજની સાથે બનાસકાંઠા કરણી સેનાના પ્રમુખ અર્જુનસિંહ વાઘેલા તેમજ ઢીમાના યુવા ઉપ સરપંચ હરિશચંદ્રસિંહજી ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર સમન્સ

એપેલેન્ટના એડવોકેટશ્રી બી.કે.આચાર્યા

### બનાસકાંઠાના મહે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર

રેગ્યુલર દિવાની અપીલ નં.૪૦/૨૦૦૬

એપેલેન્ટ : ધી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જેની વડી કચેરી અમદાવાદ મુકામે આવેલ છે અને તેની વિભાગીય કચેરીઓ પૈકીની એક કચેરી પાલનપુર મુકામે આવેલ છે તે સંસ્થા.

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ : (૮) દરજી પ્રવિણકુમાર વિરચંદભાઈ, રહે.નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૯) જેઠાભાઈ ભીખાભાઈ ચૌધરી, રહે.નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૧૦) ભીખાભાઈ ભેમજીભાઈ પટેલ, રહે.નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૧૨) મોદી અરવિંદભાઈ કરીયાણા સ્ટોર્સવાળા
(૧૩) ગણેશભાઈ દેવજીભાઈ ચૌધરી, રહે.ગાયત્રી ઈલેકટ્રીકલ્સ,
(૧૪) તેજાભાઈ મુળજીભાઈ.
(૧૫) લક્ષ્મણભાઈ જેઠાભાઈ, તમામ રહે.અંબીકા ચશ્માઘર, નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૧૮) લક્ષ્મણભાઈ જેઠાભાઈ,
(૨૧) ભરતભાઈ વિરચંદભાઈ સોની,
(૨૩) ચમનલાલ છગનભાઈ નાઈ,
(૨૬) કાનજીભાઈ હીરાભાઈ ચૌધરી, નં.૧૮, ૨૧, ૨૩, ૨૬ રહે.ભોયતળીયે, નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૨૯) પ્રજાપતિ ભાયચંદભાઈ લાલાભાઈ,
(૩૦) પટેલ ઘેમરભાઈ બેચરભાઈ,
(૩૧) પટેલ લાલજીભાઈ ગલબાભાઈ, નં.૨૯, ૩૦, ૩૧ રહે.પહેલામાળે નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૪૩) ચેલાભાઈ ગણેશભાઈ પટેલ, રહે.બીજા માળે, નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર
(૪૮) ચેલાભાઈ ગણેશભાઈ પટેલ, બીજા માળે, નવરત્ન શોપીંગ સેન્ટર, એસ.ટી.સ્ટેન્ડ પાસે, પાલનપુર

મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી, પાલનપુરની કોર્ટના તા.૩૧/૭/૨૦૦૬ ના રેગ્યુલર દિવાની મુકદમા નંબર ૧૭૭/૮૪ ઉપર અપીલ થયેલ હોવાથી ઉપર જણાવેલ સર્વે રીસ્પોન્ડન્ટને આથી આ નોટીસ આપવામાં આવે છે કે પાલનપુર કોર્ટના હુકમનામા ઉપર એપેલન્ટે અપીલ કરેલ છે અને તે આ કોર્ટમાં નોંધાઈ છે અને આ કોર્ટે તે અપીલની સુનાવણી માટે તા.૨૪/૦૮/૨૦૧૭ નો દિવસ ઠરાવ્યો છે.

જો તમારા તરફથી જાતે અથવા તમારા પ્લીડરની મારફતે, અથવા આ અપીલમાં તમારા વતી કામ કરવાને કાયદા પ્રમાણે અખત્યાર મળેલા કોઈ શખ્સના મારફતે હાજર થવામાં નહી આવે તો તમારી ગેરહાજરીમાં તેની સુનાવણી થઈને નિકાલ થશે.

આજરોજ તા.૧૬ મી માહે ઓગસ્ટ સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

પાલનપુર
તા.૧૬/૦૮/૧૭

કોર્ટનો સિકકો

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (એમ.એમ.પ્રજાપતિ) | (એન.એચ.શુકલા) | (એન.એમ.કોડીયા) |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ | ઈ.ચા. ડેપ્યુટી રજીસ્ટ્રાર (જયુડી) |

# તંત્રી સ્થાનેથી ...

## સારું સ્વાસ્થ્ય મનુષ્યની પ્રથમ મહાન સંપતિ છે.

## સ્વતંત્ર્યતાના સાત દાયકા પછી પણ ભારત વિકાસશીલ બન્યું નથી

વિકાસશીલ રાષ્ટ્રોની કાર્યશૈલી પર ભારતે નજર રાખવી અત્યંત જરૂરી છે, વસ્તી વિસ્ફોટની સાથે જે બેરોજગારીની સમસ્યા ઉકેલાવી જોઈએ તેને સરકાર ઉકેલી શકી નથી. આઝાદીને ૭૦ વર્ષ વીતી ગયા તો પણ આર્થિક પ્રશ્નો તો ઉભા જ છે, તેનો નિકાલ લાવવાના પ્રયત્નો પણ કરવામાં આવતા નથી. વિકાસ તો કંઈ ખાસ થયો નથી. પરંતુ ૩૨ કરોડની વસતી વધારીને ૧૩૫ કરોડ કરી, સૌથી યુવાન રાષ્ટ્ર હોવાના ગૌરવ સાથે બેરોજગારીનું પ્રમાણ જોઈએ તો ચોક્કસ ખાતરી થાય કે વસતી વધારો એક સૌથી મોટી સમસ્યા છે, વધુ વસતીના કારણે ખેતરોનું વેચાણ થઈને સોસાયટીઓનું નિર્માણ થયું.. મસમોટા મોલ ઉભા કરી દેવાયા ભલે ધંધો ચાલે કે ન ચાલે!

દેશમાં પીવાના પાણીની ઉપલબ્ધિમાં ચિંતાજનક ઘટાડો થઈ રહ્યો છે, શહેરોની ગીચતા, ગંદકી અને ગુનાઓનું પ્રમાણ દિવસે દિવસે વધતું ગયું છે. કાયદો વ્યવસ્થા કયા રાજયમાં મજબુત છે. તે કળવું મુશ્કેલ છે. જે પાયાના પ્રશ્નો હલ કરવા જોઈએ તે થઈ શક્યા નથી. માત્ર સંપત્તિવાન લોકોની સંખ્યામાં વધારો થતો ગયો છે. બિનઅધિકૃત સંપત્તિ બાબતે આવકવેરા વિભાગ લાલ આંખ કરે છે. પરંતુ હકીકતમાં કેટલાને જેલ હવાલે કરાયા તે પ્રશ્ન વિચાર માગી લે તેવો છે. કરોડો રૂપિયાના બિહારના ઘાસચારા કૌભાંડમાં સંડોવાયેલા લાલુ યાદવ જેવા નેતાઓ હજી આઝાદ બનીને આરામ ફરમાવી રહ્યા છે. અદાલતમાં તારીખ પર તારીખ પડ્યા કરે છે. અદાલતનો સમય બગાડવામાં આવી રહ્યો છે પરંતુ તે બાબતે કોણ સરકાર સમક્ષ રજુઆત કરે તે સવાલ ચર્ચાની એરણ પર છે. આઝાદી બાદ પણ આરોગ્ય સેવાના નામે તમાશો થઈ રહ્યો છે. ત્યારે હાલમાં ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો આતંક બસોથી વધુ લોકો ભોગ બન્યા છતાં તંત્ર દ્વારા કોઈ વિશેષ સારવાર થઈ શકી નથી. અમદાવાદ નગરમાં હવે સ્વાઈન ફ્લૂના દર્દીઓને ખાનગી હોસ્પિટલોમાં 'નો એન્ટ્રી' જેવી સમસ્યા સામે આવી છે. અને હોસ્પિટલ સત્તાવાળાઓ એવું કહેતા ફરે છે હાલ હોસ્પિટલમાં દર્દીને રાખવાની જગ્યા નથી, ત્યારે સરકારે જે પગલાં ભરવા જોઈએ તેમાં નિષ્ફળ નિવડેલ છે.

ત્યારે બિહાર, ઉત્તર પ્રદેશમાં જળપ્રલયમાં ૧૦૦ થી વધુ લોકોએ જાન ગુમાવી, ઉત્તર પ્રદેશમાં ઓક્સિજનના અભાવે મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા હવે ૮૦ ઉપરાંત થઈ ચુકી છે. સ્વાઈન ફ્લુને નિવારવા આરોગ્ય તંત્ર સક્ષમ નથી? તેવા અનેક સવાલો હવે દેશભરમાં ચર્ચાનો વિષય બનેલ છે.

લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારની અનેક સિધ્ધિઓ વર્ણવે છે. પરંતુ દેશ સામેની વિકટ સમસ્યાઓના ઉકેલ માટે સરકારી તંત્ર અને પ્રજાના પ્રતિનિધિઓની નિયતમાં ખામી છે. તેવી સામાન્ય માણસની લાગણી ક્યારે દૂર થશે? વર્તમાન સરકાર પાસે લોકોની ઘણી ઊંચી અપેક્ષાઓ સાથે વિશ્વાસ પણ છે કે ''અચ્છે દિન આયેંગે''

ખરેખર જોવા જઈએ તો આપણી સમસ્યાઓના મૂળમાં આપણે જ છીએ, આપણે એકબીજાના કાર્યો અંગે ન્યાય તોળવામાં ઉત્સાહી થઈએ છીએ પણ ઉત્તરદાયિત્વ નિભાવવામાં આપણને રસ જ નથી. કરચોરી, કાળુ નાણું અને સરકારી સ્તરે થતી ગેરરીતિઓનો અંત આવ્યો નથી. દલિતો અને આદિવાસીઓ અને પછાત વર્ગો અસમાનતા અને શોષણનો ભોગ બનતા રહે છે. શા માટે હજારો ખેડુતો આત્મહત્યાનો માર્ગ અપનાવે છે? છે કોઈ જવાબ... સરકાર પાસે? સ્વતંત્રતાના સાત દાયકા પછી પરિસ્થિતિ યથાવત જોવામાં આવી રહી છે.

## જાણી, ઈંસાનીયતની બોણી !!

એક દિ' ધોમધખતા તાપમાં મેં મોચીભાઈને ચપ્પલ જલ્દીથી રીપેર કરી આપવા કહ્યુ'તુ. તે મોચીભાઈ હજી પોતાના ધંધાની શરૂઆત જ કરતા હતા ને ભગવાનના ફોટાને બે હાથ જોડી પ્રભુનું સ્મરણ કરતા હતા. હથોડી અને સોઈદોરાને આંખે અડાડી લીધા, પછી બે ત્રણ કસ્ટમર ઉભા હોવા છતાં મારુ ચપ્પલ રીપેર કરવા પહેલા જ હાથમાં લીધુ ! ગરમીથી ત્રસ્ત આ મોચીદાદાની ઉંમર લગભગ સાઈઠ-પાંસઠની ઉપર તો હશે જ! મારા ચપ્પલ સાંધતી વખતે એની સોઈ સાથેનો દોરો ખલાસ થઈ ગયો અને રેબઝેબ પરસેવે નિતરતા નિતરતા ઝડપથી પોતાના મેલાઘેલા સામાનમાંથી દોરો શોધીને ચપ્પલ સાંધ્યુ. આ બધું થતાં દસ મિનિટ થઈ ગઈ હશે ! ઓફીસ પહોંચતા મોડું થઈ ગયું હતું છતાંયે હું એકદમ ચૂપ રહ્યો, કારણ કે તેણે બનતી ઉતાવળનાં પ્રયત્નો પણ કર્યા જ હતાં.

ચપ્પલ સમાર-કામ માટે મેં એમને રૂ. વીસની નોટ આપી. તેમણે મને પૂછ્યું, "છુટા છે ? ચપ્પલના દસ જ રૂપિયા થાય છે." મને મોડું થતું હતું એટલે મેં હળવેકથી કહ્યું; "કાકા, કાંઈ નહીં, રહેવા દ્યો." તો મોચીકાકાએ મને બે મિનિટ ઉભા રહેવાનું કહી, અતિ ઝડપથી બાજુમાં ખમણની લારી પરથી દસ રૂપિયા ખમણનું પડીકું બંધાવી પોતાના સામાન પાસે મૂકી મને બાકીના દસ રૂપિયા પાછા આપ્યા.

મેં કૂતુહલ વશ પૂછ્યું; "વડીલ, મને દસ રૂપિયા પાછા આપવા માટે તમે ખમણનો ખર્ચ કેમ કર્યો?"

તો કહે; " આ ખમણ તો પેલો બંન્ને પગ વગરનો ભિક્ષુક - પૈડાવાળી રેંકડી પર બેસીને આવે છે ને તેને આપીશ - એની આંતરડી ઠરશે. અને મારે કારણે તમને મોડું થયું છે અને વળી દિવસની પહેલી બોણીમાં ઘરાક ખુશ થાય તો આખો દિવસ મને સારી કમાણી થાય ! "

કેટલી હૃદયસ્પર્શી હતી એ ગરીબની અમીર વિચારધારા !! માત્ર ધનથી જ નહીં પરંતુ સદ્-આચરણ યુક્ત મનથી પણ ધનવાન બની શકાય તેવુ શીખવી ગયા એ મુઠ્ઠી ઉંચેરા માનવી !

ભાગ્યને શું દોષ આપવો, જ્યારે સપના આપણા છે તો કોશિશો પણ આપણી જ હોવી જોઈએ ને !?

**વિકેશશાહ દાંતીવાડા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# કહી દો કાળને કે...

'સાબ, તમે વશ્વાહ દયો કે મારા માધિયાને તમે બસાવી લેહો નઈ તો...' કહેતાં- કહેતાં ચતુરબાઈ અટકી ગઈ. ગળું ભરાઈ આવ્યું કે પછી 'નંઈ તો?'ની પાછળ રહેલી ભાવના છતી ન થઈ જાય માટે એ અટકી ગઈ હશે? ગમે તે હોય, પણ આ વાક્ય જે ટૉનથી બોલાયું હતું, એ સાંભળીને ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તા ભડકી ઊઠ્યા 'શું નંઈ તો?' એમના ગળામાં વાક્ય આવીને અટકી ગયું. એ માધિયાની માતા ચતુરબાઈની સામે જોઈ રહ્યા. આ 'નંઈ તો...' માં ઘણું બધું હતું ને ચતુરબાઈની આંખમાં એ વાંચી શકાતું હતું.

એક પશુ પોતાના બચ્ચાને બચાવવા મરણિયું થઈને ઝઝૂમે તેવો આવેશ ને આવેગ ચતુરબાઈના અંગે અંગમાં હતો. જો યમરાજા આવે ને તો એના મારગ વચ્ચે ય ઊભી રહીને આ બાઈ કહી દે, 'નંઈ લઈ જાવા દઉં? જમરાજા... મારા દીચરાને નંઈ લઈ જવા દઉં.' એટલે તેમણે ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તાને આખરી ચેતવણી આપતાં કહ્યું, 'સાબ, અબી હાલને અબી હાલ નેરણ્ય દઈ દો. કાં બસાવવાની પુરી ખાતરી આપો, ને નંઈ તો અમને રજા દઈ દયો, એટલે એક મિલટમાં અમે આંઈથી અંદાવાદ ભેળાં થઈ જઈએ...'

પાલનપુરમાં 'રૂચિ હાર્ટ એન્ડ મેડિકલ હોસ્પિટલ' માં આવેલા આ કેઈસની વાત છે. દાંતીવાડા પાસે આવેલા ભાડલી કોઠા ગામના એક ચૌધરી પટેલ વજાભાઈનો પંદર વર્ષનો દીકરો માધવ, એને ચંદન ઘો કરડેલી. જો કે ડૉક્ટરને આ કેઈસ સારો થઈ જાય એવો વિશ્વાસ પણ હતો. પણ એની મા ચતુરબાઈ તો એવી ગભરાઈ ગયેલી કે જાણે હમણાં હાથમાંથી બધું ઢળી જાશે. સાથે આવેલાં બધાં સ્વજનો પણ એમ જ ઘાંઘાં થઈ ગયેલાં. ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તા મને કહે કે- 'ગામડાના દર્દીઓ ય હવે કેટલા સજાગ થઈ ગયા છે.'

બનાસકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની એક અભણ મહિલામાં આટલી જાગૃતિ આવી છે, એ આનંદનો વિષય કહેવાય આમ તો-

કદાચ એની મા એવી જીદ કરે પણ સાથે આવેલાં ય એક જ રટણ કર્યા કરે 'સાએબ, સો ટચની ગૅરન્ટી દયો ને કાં તો રજા આપી દયો...' ચંદન ઘોનું ઝેર કેટલું ચડ્યું છે. કેવી પરિસ્થિતિ છે. એ બધું જોયા તપાસ્યા, જાણ્યા વગર બસ એક જ વાત, 'કાં ગેરન્ટી કાં રજા?' ડૉક્ટર માટે અગ્નિ પરીક્ષાની ઘડી હોય છે એઃ એકબાજુ બીજા દર્દીઓનો ઘસારો, બીજી બાજુ આ કેઈસ. આમ તો કેઈસ કરતાં પણ માધાના સ્વજનોને એમાં ય એની માતાએ આ કેઈસને લાગણીથી એવો ડહોળી નાખેલો કે ગમે તેવા ડૉક્ટર પણ એની મૂળ શ્રદ્ધાથી વિચલિત થઈ જાય.

'તે તમે ગેરન્ટી આપી દીધી?' મેં ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તાને પૂછ્યું.

'હા આપી દીધી...'

'ઓહો... હો... તો તો તમે કાળ ઉપર વિજય મેળવ્યો ગણાય.' એમ કહેવાનું મન મને થયું. કારણ

**અમૃત ધારા**
**કનુભાઇ આચાર્ય**

ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તા સાહિત્યના રસિક માણસ આવી વાતો રસથી સાંભળે, ચર્ચા કરે. મારે એ વાત કહેવી પણ હતી પણ અંદરને બહાર દર્દીઓનો એવો ઘસારો કે જો હું વાત કહેવા જાઉં, તો એ બધાં દર્દીઓ બહાર બેસી રહે. ઘણીવાર ડૉક્ટર મિત્રોના દવાખાનામાં જવાનું બને,ત્યારે કામ પૂર્ણ થઈ ગયા પછી એક મિનિટે ય વધુ બેસી શકાતું નથી. હું મારી જાતને ઘડીવાર બહાર બેઠેલા દર્દીઓમાં ગોઠવી દઉં તો અંદર વાતોના તડા-કા મારવા આવેલા વ્યક્તિ પ્રત્યે મારા ભાવ કેવા હોય? હું મનોમન મને આ સવાલ કરું છું અંદરનો વાતોડિયો માણસ દર્દીઓને અને એના સ્વજનોને દુશ્મન જેવો લાગે. જો હું તડાકા મારવા બેસી રહું તો બહાર બેઠેલા દર્દીઓને પણ એ જ ભાવ મારા પ્રત્યે જાગે ને ડૉ. સુરેન્દ્ર ગુપ્તાની હોસ્પિટલ તો હંમેશાં દર્દીઓથી ભરી- ભરી હોય. અંદર પાંચ- છ માણસનું ટોળું વળી ગયેલું હોય. બહાર દર્દીઓ ઊભરાતા હોય. હું એમ વિચારી/ માનીને જ જ્યારે ડૉ.સુરેન્દ્ર ગુપ્તાની હોસ્પિટલમાં જાઉં, ત્યારે એમના અત્યાગ્રહ છતાં ના રોકાઉં. પાછો હસતાં હસતાં એમને કહું પણ ખરો કે બહાર બેઠેલા દર્દીઓના નિશાસા નથી લેવા. ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તા એમ ઉત્તર વાળે કે, 'મારે તો કાયમી આમ જ હોય છે. તમે બેસો, થોડા ચૅઈન્જ જેવું રહે, આવવું.'

એટલે એ સમયે આ વાત હું તેમને કહી શક્યો નહીં પણ મારા મનમાં જે વાત ઉગી તે આવી હતી.

મહાભારતમાં એક કથા છે. એકવાર યુધિષ્ઠિરના દરબારમાં એક વિપ્ર માગવા માટે આવ્યો. સૂર્યાસ્તનો સમય હતો. રાજાનો દરબાર પૂરો થવાની તૈયારી, યુધિષ્ઠિરે વિપ્રને કહ્યું-'કાલે આવજો.' ભીમ યુધિષ્ઠિરની પાસે જ બેઠેલો એ સાંભળીને તે ઊભો થઈ ગયો ને અનુચરોને આદેશ દેવા લાગ્યો- 'આજે હસ્તિનાપુરમાં વાજાં વગડાવો, ઉત્સવ ઉજવાવો... મિઠાઈ વહેંચો.'

યુધિષ્ઠિરને નવાઈ લાગી. ભીમ આજે આવી વાત કેમ કરે છે? તેમણે ભીમને એનું કારણ પૂછ્યું. ત્યારે ભીમે કહ્યું- 'હે પાંડવ શ્રેષ્ઠ, કુરૂક્ષેત્રના મેદાનમાં કૌરવ સેના ઉપર જે વિજય મળ્યો, તેનાથી પણ ભવ્ય વિજય આજે મહારાજા યુધિષ્ઠિરનો થયો છે.'

'શેનો વિજય? ભીમ, મને કાંઈ સમજાતું નથી.' યુધિષ્ઠિરે આશ્ચર્યથી પૂછ્યું.

'તમે કાળ ઉપર વિજય મેળવ્યો છે.' ભીમે કહ્યું.

'એટલે?'

તમને ખબર છે કાલે તમે જીવતા રહેવાના છો તેની. તમને એ પણ ખબર છે કે એ વિપ્ર કાલે પણ જીવશે અને તમે કાલે એને દાન આપી શકવા સમર્થ હશો.' એમ કહીને ભીમે અનુચરોને પાછો આદેશ આપ્યો કે- 'રાજ્યમાં ઢંઢેરો પીટાવો, મહારાજા યુધિષ્ઠિરે કાળ ઉપર વિજય મેળવ્યો છે. હવેથી મહારાજા યુધિષ્ઠિર કાળ વિજયી ગણાશે.'

યુધિષ્ઠિરે એ જ પળે વિપ્રને બોલાવીને તેને દાન આપ્યું. આમ સત્યવાદી યુધિષ્ઠિર જેવા પણ જેના વિશે આગાહી ના કરી શકે, તેવા કાળ વિશે આગાહી કરવાની ચેલેન્જ ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તાને હતી ને તેમણે એ ઉપાડી લીધી. મહાભારતની આ કથા તો કાળ આગળ કોઈનું નથી ચાલતું. એ માટે કહેવાયેલી પ્રેરક કથા છે. વિપ્રને યુધિષ્ઠિર તો સલામત હતા. પણ અહીં દર્દીની સ્થિતિ શરૂઆતમાં ગંભીર હતી. દર્દીના ડોળા અકળ- વકળ થતા હતા. બેહોશ જેવી સ્થિતિ. મોઢામાંથી ફીણ નીકળે, ચંદન ઘોનું ઝેર કેટલા ઉંડાણ સુધી પ્રસરી ગયું છે, તેને કેવી ટ્રીટમેન્ટની જરૂર છે, એવું વિચારવાનો પણ ડૉક્ટરને સમય ના મળે એવી સ્થિતિ. ડૉક્ટર સુરેન્દ્ર ગુપ્તા કહે કે આમ તો દર્દીના સ્વજનોનો વિશ્વાસ જળવાઈ રહે, એટલે અમે હલકે ને પલકે આશ્વાસન આપીએ દર્દીને સાજા થવા માટે તો શ્રદ્ધા સૌથી મોટી દવા છે. ખરેખર કંઈ ન હોય ને દર્દીનાં સ્વજનો ગભરાઈ ગયા હોય, ત્યારે ય આશ્વાસન આપવામાં જોખમ નહીંઃ પણ જ્યારે આમ ચૅલેન્જ આવે ને ત્યારે ડગી જવાય.

**ક્રમશઃ**

**- કનુ આચાર્ય**

## એસપીજેઆઈએમઆરે પીજીપીડીએમ પ્રોગ્રામની ૧૩મી બેચ માટે અરજીઓ મગાવી

ભારતમાં ટોચના ક્રમની બી-સ્કૂલ્સમાંથી એક એસ. પી. જૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ (એસપીજેઆઈએમઆર) દ્વારા આજે સામાજિક ક્ષેત્રમાં નોકરિયાત વ્યાવસાયિકો માટે અજોડ એક્ઝિક્યુટિવ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન ડેવલપમેન્ટ મેનેજમેન્ટ (પીજીપીડીએમ)ના તેના નવા બેચ માટે પ્રવેશની જાહેરાત કરી હતી. તેના ૧૩મા બેચના પ્રવેશ માટેની જાહેરાત પીજીપીડીએમનાં અધ્યક્ષા પ્રો. રુકૈયા જોશી દ્વારા કરાઈ હતી, જેમની આગેવાનીમાં પ્રોગ્રામ નવેમ્બર ૨૦૧૧માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ ૬ નવેમ્બર, ૨૦૧૭ના રોજ શરૂ થશે. અરજી સુપરત કરવાની છેલ્લી તારીખ ૬ ઓક્ટોબર, ૨૦૧૭ રહેશે.

પ્રો. રુકૈયા જોશીએ જણાવ્યું હતું કે પીજીપીડીએમ કોર્સ ભાવિ વિકાસ આગેવાનો તૈયાર કરે છે, જેઓ સામાજિક ક્ષેત્રમાં વ્યવસ્થાપકીય અસરકારકતા બહેતર બનાવીને સામાજિક વિકાસને ઊંડાણથી સમજે છે. આ પ્રોગ્રામ સામાજિક સંસ્થાઓની રોજબરોજની કામગીરીમાં મેનેજમેન્ટ સિદ્ધાંતો અને વ્યવહારોનો ઉપયોગ અભિમુખ બનાવે છે. આ પ્રોગ્રામ સંસાધનોને યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવા અને સક્ષમ વૃદ્ધિ હાંસલ કરવા માટે સુસંગત વ્યવસ્થાપન સાધનો પણ પૂરાં પાડે છે.

## હિટાચીએ ભારત સહિત એશિયા અને મિડલ ઈસ્ટ માટે નવીન ટીએકસ સીરીઝ એસ્કેલેટર પ્રસ્તુત કર્યુ



હિટાચી લિમિટેડ અને હિટાચી બિલ્ડીંગ સિસ્ટમ કો. લિમિટેડ એ ભારત સહિત એશિયા અને મિડલ ઈસ્ટ માટે નવા ટીએકસ સીરીઝ એસ્કેલેટર રજુ કરવાની ઘોષણા કરી. આ એસ્કેલેટર અગાઉ ચીનમાં રજુ થઈ ચુકયું છે અને હવે ૨૧ ઓગસ્ટ ૨૦૧૭ થી અન્ય દેશોમાં વિવિધ ચરણમાં લોન્ચ કરવામાં આવશે. જુલાઈ ૨૦૧૬માં હિટાચીએ તેના સંસાધનોને વધારે મજબૂતી આપવા અને જાપાન તથા ચીનમાં વ્યાપારિક ગતિવિધીઓને વધારવાના હેતુ સાથે આ બન્ને દેશોમાં તેના એસ્કેલેટર વ્યવસાયનું એકત્રીકરણ કર્યુ હતું અને તેની વ્યાપારિક ગતિવિધીઓનું કેન્દ્ર 'ગોંઝાઓ' (ચીન) રાખવામાં આવ્યું છે. હિટાચી દ્વારા રજુ કરવામાં આવેલ નવું ટીએકસ સીરીઝનું એસ્કેલટર એક એવું મોડેલ છે જે ચીન, ભારત, એશિયા અને મીડલ ઈસ્ટના કેટલાય માપદંડો અનુસાર છે. આ મોડેલનું નિર્માણ એશિયા અને મિડલ ઈસ્ટ માટે કરવામાં આવે છે અને તે મશીન રૂમ-લેસ એલિવેટરના કોંસેપ્ટ પર કાર્ય કરે છે જેને

## હિંદવેરે બ્રાન્ડ એમ્બેસેડર શાહરુખ ખાન સાથે સ્ટાર્ટ વિથ ધ એક્સપર્ટ ટીવીસી કેમ્પેઈન લોન્ચ કરી



નવી દિલ્હી

બોલીવૂડના પ્રતીક શાહરુખ ખાને ભારતની અવ્વલ સેનિટરીવેર બ્રાન્ડ હિંદવેરની નવી ટીવીસી કેમ્પેઈન માટે #StartWithTheExpert સાથે ગ્રાહકોને અનુરોધ કરતા એક્સપર્ટ ગાઈડ તરીકે નવો અવતાર ધારણ કર્યો છે. ટેલિવિઝન કમર્શિયલ થકી હિંદવેર ગ્રાહકોને તેમના સપનાના બાથરૂમ બનાવવામાં નિષ્ણાત સાથી બનવાની પોતાની ફિલોસોફીનો સંદેશ આપે છે.

એચએસઆઈએલ લિમિટેડના વીસીએમડી શ્રી સંદીપ સોમાનીએ જણાવ્યું હતું કે બ્રાન્ડ તરીકે લગભગ ૬ દાયકાના અનુભવ સાથે હિંદવેરે ગ્રાહકોની જરૂરતોની વ્યાપક સમજદારી કેળવી છે અને ગ્રાહકોની વ્યવહારુ પરંતુ ભાવનાત્મક જરૂરતોને પરિપૂર્ણ કરતી પ્રોડક્ટો અને સેવાઓ આપવા માટે અનુભવનો લાભ લીધો છે.

અમારી ચાર ટેલિવિઝન કમર્શિયલ્સની સિરીઝ ભારતીય ગ્રાહકોને તેમના સપનાના બાથરૂમ્સ નિર્માણ કરવામાં સહાય કરવા માટે ઉચ્ચ ગુણવત્તાનાં બાથ સોલ્યુશન્સ અને એક્સપર્ટ એડવાઈસ પૂરી પાડવાની અમારી કટિબદ્ધતા પર ભાર આપે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## અમેઝોન.ઈન દ્વારા અમદાવાદમાં તેનું બીજું ફુલફિલમેન્ટ સેન્ટર શરૂ કરાયું



અમદાવાદ

૨૦૧૭- અમેઝોન.ઈન દ્વારા જે ગુજરાતમાં તેનું બીજું ફુલફિલમેન્ટ સેન્ટર (એફસી) શરૂ કરવી જાહેરાત કરવામાં આવી છે. ૩,૫૦,૦૦૦થી વધુ ક્યુબિક ફીટ સંગ્રહની જગ્યા સાથે ૧,૨૦,૦૦૦ ચોરસફીટમાં પથરાયેલું આ નવું ફુલફિલમેન્ટ સેન્ટર અમદાવાદ નજીક ભાયલા ગામમાં હોઈ હજારો નાના અને મધ્યમ વેપારોને ડિજિટલ અર્થવ્યવસ્થાની વૃદ્ધિનો લાભ લેવા અને વ્યાપક ગ્રાહક મૂળ સુધી પહોંચવામાં મદદરૂપ થશે. આ એફસી અમેઝોન.ઈન સાથે ગુજરાતમાં હવે બે

એફસી છે, જે પ્રદેશમાં ગ્રાહકોને ઝડપી ડિલિવરી માટે ૪,૫૦,૦૦૦ ક્યુબિક ફીટની સંગ્રહ જગ્યા ધરાવે છે. આ વર્ષ માટે હાલમાં જાહેર કરાયેલાં સાત ફુલફિલમેન્ટ સેન્ટરમાંથી આ એક છે. અમેઝોન તહેવારની મોસમ શરૂ થાય તે પૂર્વે ભારતમાં ૪૧ સંપૂર્ણ કાર્યરત ફુલફિલમેન્ટર સેન્ટર ધરાવશે. આ લોન્ચના અવસરે ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ આર રૂપાણીએ જણાવ્યું હતું કે અમેઝોન ઈન્ડિયાનું ગુજરાતમાં તેના બીજા ફુલફિલમેન્ટ સેન્ટર શરૂ કરવા સાથેનું નવું રોકાણ ગુજરાતમાં વિશાળ વૈશ્વિક ઉદ્યોગોનો વધતો રસ આલેખિત કરે છે.

## અંતર્દષ્ટિ-નિંદાના દુષ્પ્રભાવ

કેટલાક ભારતીય મનીષિઓએ વિનોદપ્રિયતાનો સહારો લેતાં પરછિદ્રાન્વેષણ એટલે કે નિંદાને નિંદા-રસ કહ્યો છે. કારણ સ્પષ્ટ છે. બીજાની નિંદા કે બીજાની બુરાઈ કરવામાં તમામ લોકોને બહુ સારું લાગે છે. અનેક લોકો એ લોકોની નિંદા કરે છે, જેમના પ્રત્યે શત્રુભાવ રાખે છે. તેઓ મિત્રોને પણ નથી છોડતા અને પીઠ પાછળ તેમની ટીકા કરતા રહે છે. બીજાના ચરિત્રનું સોયની ટોચ જેટલું છિદ્ર પણ આપણને તાત્કાલિક દેખાઈ જાય છે અને આપણે પૂરતી તત્પરતાથી તેને પહોળું કરવામાં એટલે કે વધારીને બીજાને કહેવામાં વ્યસ્ત રહીએ છીએ. એ વાતની પરવા કર્યા વગર કે સામેવાળાથી કેટલાય ગણી વધુ કમીઓ આપણામાં હોઈ શકે છે, પરંતુ એ તરફ આપણું ધ્યાન જ નથી જતું અને આપણે નિંદા-રસપાનમાં વ્યસ્ત રહીએ છીએ.

નિંદારસની વ્યાપકતા યત્ર-તત્ર-સર્વત્ર દેખાય છે. એવું કેમ થાય છે? બીજાની નિંદા કરીને મોટાભાગના લોકોને સુખાનુભૂતિ કેમ થાય છે? ક્યાંક એવું તો નથી ને કે આપણા મનમાં ખુદને બીજાઓથી શ્રેષ્ઠ દર્શાવવાની ભાવના એ સમયે સૂ-મ અહંકાર રૂપે હાજર રહેતી હોય? નિશ્ચિતપણે એવું જ છે. અહંકાર સૂ-મ-સૂ-મતર અને છદ્મવેશી હોય છે. તેથી આપણે તેને ઓળખી નથી શકતા. પરિણામે તેની જાળમાં આપણે ફસાઈ જઈએ છીએ. આમ પણ કોઈપણ વસ્તુને જોવા માટે આપણે અંતરની જરૂર હોય છે. દર્પણમાં આપણને આપણો ચહેરો ત્યારે જ દેખાય છે જ્યારે થોડું અંતર હોય. જોકે આપણે ખુદથી સહેજ પણ દૂર નથી રહેતા, તેથી આપણને આપણો ચહેરો દેખાતો જ નથી. જો કોઈ એ વાત તરફ ધ્યાન આપે તો આપણે આપણા જ પક્ષમાં ઉલટી-સીધી દલીલો ભેગી કરી લઈએ છીએ. જ્યારે બીજો વ્યક્તિ આપણાથી થોડા અંતરે હોય છે. તેથી તેની ખામીઓ આપણને દેખાઈ જાય છે અને અહંકારને વશીભૂત થઈને આપણે તેને નિર્મમતાપૂર્વક ઉખેડવામાં લાગી જઈએ છીએ, પરંતુ આપણે તેવું ન કરવું જોઈએ. સાવધાન! ક્યાંક એવું ન થાય કે સામેવાળો બુદ્ધિમાન આપણાથી અને તેની ખામીઓથી સજાગ થઈને આત્મસુધારમાં લાગી જાય અને આપણે નિંદા કરીને આત્મપતનના માર્ગ પર અગ્રસર રહીએ. મનીષિ એ જ છે જેઓ બીજાની ખામીઓ પર ધ્યાન આપવાને બદલે પોતાની ખામીઓ પર ધ્યાન આપે. ત્યારે જ આત્મસુધાર સંભવ છે.

## ભક્ત મીરાબાઈના સદગુરૂ સંત રવિદાસ

સંત કબીર પછી સંત કવિ રવિદાસનું નામ મોખરાનું છે. એ સમયની ભારતીય પરંપરાએ સમાજને જાગૃત કરવાનું ઉમદા કાર્ય કર્યું. ભલે તેમની પાસે વધારે અભ્યાસ ન હતો, પણ તેમની પાસે અનુભવની અનોખી નિરીક્ષણ શક્તિ હતી. ઈશ્વર દત્ત ઊંડી પ્રજ્ઞા શક્તિ હતી

ભક્તિનાં રંગે રંગાયેલા પુત્રનું મન સંસારમાં ચોટેલું રહે તે માટે તેમનાં પિતાએ લોના નામની જ્ઞાાતિ કન્યા સાથે રવિદાસને પરણાવી દીધા.મધ્યકાલીન હિન્દી સાહિત્ય માં જે સંત-કવિઓ થઈ ગયા અને જેમની રચનાઓ એ સમાજ પર ઊંડો પ્રભાવ પાડયો, તેમાં સંત કબીર પછી સંત કવિ રવિદાસ નું નામ મોખરાનું છે.એ સમયનાં ભારતીય સંત પરંપરાએ સમાજને જાગૃત કરવાનું ઉમદા કાર્ય કર્યું. ભલે તેમનો વધારે અભ્યાસ ન'તો, પણ તેમની પાસે અનુભવની અનોખી નિરીક્ષણ શક્તિ હતી. ઈશ્વર દત્ત ઉંડી પ્રજ્ઞાાશક્તિ હતી. તેમનું જીવન ધર્મ પ્રધાન હતું અને સાચા અર્થમાં તેઓ કર્મયોગી હતા. અહીં એવો એક કર્મયોગી સંત કવિ રવિદાસની વાત છે.આજથી ૬૦૦ વર્ષ પૂર્વે ભારતની ધર્મનગરી કાશીની પાસે આવેલા નાનકડા ગામ માંડુરમાં ચમાર જાતિમાં રવિદાસનો જન્મ થયો હતો. તેમનાં પિતાનું નામ રઘુ હતું અને માતાનું નામ કરમાબાઈ હતું.

રવિદાસની જન્મ સાલ બાબતે ઘણાં જ મતમતાંતરો છે. તેઓ કબીરજીનાં સમકાલીન ગણાયા છે. વિદ્વાન ઈતિહાસકારોનાં એકમત પ્રમાણે, રવિદાસજીનો જન્મ વિ.સં.૧૪૩૩ નાં મહાસુદ પૂનમનાં રવિવારનાં દિવસે થયો હતો. તેમનો રવિવારનાં દિવસે જન્મ થયો હોવાથી, તેમનાં માતા-પિતા એ તેમનું નામ રવિ પાડયું, પણ પાછળથી આ સંત કવિ'રૈદાસ' અને 'રોહિદાસ'નાં નામથી પણ ઓળખાયા.મધ્યયુગની સંત પરંપરામાં રવિદાસજીનું નામ આગળની હરોળમાં લેવાય છે. તેમણે બાપીકો વ્યવસાય જેવો કે ચામડામાંથી પગરખા બનાવવાનું કામ સહર્ષ સ્વીકારેલું. એક દિવસ રવિદાસજીનાં ગામમાં સ્વામી રામાનંદજીનું આગમન થયું. ત્યારે રવિદાસે પોતાના હાથે બનાવેલી સુંદર મોજડી સ્વામીજીને ભેટ આપી. સ્વામી રામાનંદજીએ સહર્ષ ભેટનો સ્વીકાર કર્યો.પણ તેઓ જ ત્યારે આ શ્રમતિનાં દેહમાં વસતા ઉચ્ચ આત્મા ને પારખી ગયા. તેમણે આ યુવા રવિના માથે હાથ મૂકીને આશીર્વાદ આપતાં કહ્યું,' બેટા, તું તો હરિ નો દાસ છે. આજથી તારું નામ રવિદાસ. તારા રોજીન્દા કામ સાથે નિત્ય પ્રભુભક્તિ કરતો રહેજે તારું અવશ્ય કલ્યાણ થશે.' આ પ્રસંગ પછી રવિદાસે સ્વામી રામાનંદને પોતાનાં ગુરૂ તરીકે સ્વીકારી લીધા.તેમણે ગુરૂ આજ્ઞાાથી વ્યવસાય સાથે ભક્તિનો માર્ગ પણ અપનાવી લીધો. ભક્તિનાં રંગે રંગાયેલા પુત્રનું મન સંસારમાં ચોટેલું રહે તે માટે તેમનાં પિતાએ લોના નામની જ્ઞાાતિ કન્યા સાથે રવિદાસને પરણાવી દીધા. પણ પિતાએ જે હેતુથી તેમનો વિવાહ કરાવ્યો, તે હેતુ તો સિધ્ધ ન થયો, ઉલટાનું વિવાહબાદ રવિદાસનો ભક્તિનો રંગ ઓર ગહેરો થતો ગયો. જોતે તેમણે સંસાર અને ઘરનો ત્યાગ તો ન કર્યો, પણ બંન્ને ને જીવનમાં અપનાવી, પોતાનો જાતિ વ્યવસાય કરતાં કરતાં પ્રભુની ભક્તિ પણ કરતા રહ્યા. એ પછી રવિદાસજી પરમાશારધની કૃપા ઉતરી. તેમણે તેમની અસર નીચે ભક્તિ પદોની રચના કરવા માંડી. પોતાનાં રચેલાં પદોને તેઓ સુંદર ઢાળ અને લયમાં ગાવા લાગ્યા. તેમનાં પદોમાં એક ઉંડુ-નક્કર ચિંતન પ્રગટ થવા લાગ્યું. સૌને તેમનાં આચરણ- વ્યવહારમાં ત્યાગ અને યોગનું ઉભય મિશ્રણ દેખાવા લાગ્યું. અને એમની સાથે શરૂ થઈ સત્સંગની અનોખી પરંપરા. તેમની ઉચ્ચભક્તિની કીર્તિ ચોમેર પ્રસરાવા લાગી.એ સમયે તેમની ભક્તિની સુવાસ છેક મેવાડ સુધી પહોંચી ગઈ. મેવાડમાંનાં કૃષ્ણપ્રેમી ભક્ત મીરાંબાઈ રવિદાસની પ્રભુ-ભક્તિથી પ્રભાવિત થયા. અને તેઓ પહોંચી ગયા રવિદાસજીનાં ગામ માંડુરમાં રવિદાસજીનો સત્સંગ, શબ્દો, પદો, ભજનો મીરાંબાઈને ઉંડે સુધી સ્પર્શી ગયા. અહીં તેમને આત્મજ્ઞાાનનો અલૌકિક અનુભવ થયો.બસ આ ઉંડી અનુભૂતિબાદ, મીરાબાઈએ, રવિદાસજીને પોતાનાં ગુરૂ માની લીધા.

એક ક્ષત્રિયાણી થઈને એક શુદ્રની શિષ્યા બન્યા, તેનો તે વખતે ઉગ્ર વિરોધ પણ થયેલો. પણ રવિદાસજીએ મક્કમ બની, અવરોધો નો સામનો કર્યો અને સમાજને નવી દિશા ચીંધી.તો આવો સમાજને પ્રભુભક્તિનાં રંગે રંગનાર તથા વ્યાપ્ત પાખંડ પર પ્રહાર કરનારા ભારતનાં આ વિરલ કર્મયોગી સંત કવિને વંદન કરી, તેમનું ઋણ ચૂકવીએ.

## મગનીદાળની ફીરની....

સામગ્રી : મગની દાળ ૧ કપ, ઘી ૧ ટે.સ્પુન, દુધ ૪ કપ, ખાંડ ૧ કપ.કેસરનો એસેન્સ, એલચી, જાયફળનો ભુકો, પીળો રંગ, સીઝન, ફ્રુટસ, ચારોળી પ્રમાણસર.

રીત :મગનીદાળને રાત્રે પાણીમાં પલાળી સવારે ધોઈ, નીતારી, થાળીમાં છુટી કાઢી રાખવી. એક વાસણમાં ઘી મુકી ગરમ થાય એટલે તેમાં મગની દાળ નાખવી, એકાદ વખત હલાવી તેમાં દાળ છુટી થાય તેટલું પ્રમાણસર પાણી નાખીધીમા તાપ ઉપર બાફવા દેવી. બરાબર બફાય એટલે તેમાં દુધ નાખવું, સાધારણ જાડું થાય એટલે તેમાં ખાંડ એલચી, જાયફળનો ભુકો અને લીકવીડ પીળો કલર નાખવો. ઘટ્ટ થાય એટલે ઉતારી કેસરનો એસેન્સ નાખી જુદા જુદાનાના બાઉલમાં ઘી લગાડી ફીરની ઠારી લેવી ઉપર ચારોળી અને સીઝન ફ્રુટસના કટકા કરી નાખવા, રેફ્રીજરેટરમાં મુકી ઠંડી કરી ફીરની પીરસવી.



# પૈસાદાર પતિ ઝંખતી કન્યાઓની માનિસકતા

પતિ-પત્નીનો સંબંધ રૂપ કે સંપત્તિના આધારે નહીં, ગુણોના આધારે ટકી રહેતો હોય છે.રૂપનું આકર્ષણ માત્ર શારીરિક છે જે કાયમી નથી અને સંપત્તિ પણ સદા ટકી રહેતી નથી. આથી તમારા સાધારણ દેખાવના પતિને પણ પ્રેમ કરો, એનામાં કોઇ પ્રકારની લઘુતાગ્રંથિ ન બંધાવા દો નહીતર તમારો દામ્પત્ય પથ કાંટાળો બની જશે.

ભાવિ જીવનસાથીની બાબતમાં યુવતીઓના વિચારોમાં એક મહત્ત્વપૂર્ણ ફેરફાર એ આવ્યો છે કે લગ્ન પછીનાં માત્ર સપનાં જ નથી જોતી, પરંતુ તેને પૂરા કરવા માટે ભાવિ પતિની પાસે પૂરતા પૈસા છે કે નથી, તેની ગેરંટી અથવા ખાતરી પણ લગ્ન પહેલાં માગે છે. સગવડભરી જીવનશૈલીનો બહારનો ફેરફાર ફેશનના સ્વરૂપમાં યુવતીઓના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાય છે તો તેમની અંદરના વિચારો પણ ઘણા બદલાયા છે.

મોટાભાગનાં માતાપિતા પણ આ ફેરફારને સમજે છે એટલા માટે લગ્ન સંબંધિત નિર્ણય લેતાં પહેલાં

**નારી ચેતના**

છોકરીની સંમતિ જરૂર જાણી લે છે, જેનાથી તેને લગ્નજીવનમાં પસ્તાવાનો વારો ના આવે. આજની છોકરીઓ કેવો પતિ ઈચ્છે છે, તેની આ ઈચ્છાથી જ યુવા પેઢીના વિચારો સમજી શકાય છે. છોકરીઓ જાગૃત છે, સ્માર્ટ છે અને જિંદગીની દુઃખદાયક પરિસ્થિતિના ઉતારચઢાવ પણ સમજતી હોય છે. પતિ કેવો હોય, એ સવાલ પર શરમાવાને બદલે તે પોતાના બે શબ્દોમાં પોતાનું મંતવ્ય જાહેર કરવામાં અચકાતી નથી. આજકાલ પૈસાને મહત્ત્વ ન આપવું તે પોતે ખુદને છેતરવા બરાબર છે. સામાન્ય રીતે શારીરિક, ભાવનાત્મક અને માનસિક જરૂરિયાતો એક સારો પતિ પૂરી કરી શકે છે, પરંતુ તેના સિવાય પણ ઘણીબધી જરૂરિયાતો હોય છે જે પૈસાથી પૂરી થતી હોય છે.આનો અર્થ એવો નથી કે તે બીજી વસ્તુઓની અવગણના કરે છે. પૈસાથી તેમનો મતલબ એ પણ નથી કે પતિમાં બીજું કાંઈ પણ ના હોય.પતિમાં કેવા ગુણ હોવા જોઈએ, સ્વભાવ કેવો હોવો જોઈએ, તંદુરસ્તી અને વ્યક્તિત્ત્વનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ, આ બધી બાબતો પર શ્યામા, નેહલ, ખુશબૂ જેવી છોકરીઓ ખુલ્લા મનથી બોલે છે, પરંતુ પતિ જો કમાતો નથી તો બીજા બધાનો કોઈ જ અર્થ જ નથી. હવે છોકરીઓ પૈસાની બાબતમાં કોઈ જોખમ ખેડવા માગતી નથી.

પતિ હસમુખો, મિલનસાર હોય, આર્કષક વ્યક્તિત્વ અને સારી તંદુરસ્તીવાળો હોય, એ બાબતોનો વિચાર કરતાં પહેલાં એ નક્કી કરી લેવું જોઈએ કે તે ખૂબ સારું કમાય છે કે નહી. શું પૈસા કમાતો પતિ આ શરતોને પૂરી કરતો હશે કે બધા માપદંડો પર ખરો ઊતરતો હશે? એ અંગે હસીને ખુશી જવાબ આપે છે, ''અમુક અંશે યુવકોના મોટાભાગના ગુણ તેમની કમાણીની પાછળ જ ચાલે છે. કોઈ નઠારાનકામા કે કામધંધા વગરના અને બેકાર પુરુષ પાસે એવી આશા ન રાખી શકાય કે તે પત્નીને સમજી શકશે અને આત્મવિશ્વાસ ધરાવતો હશે.''શું બધા પૈસાવાળા પતિની પત્નીઓ સુખી અને સંતોષી હોય છે? એ અંગે નેહાની દલીલ છે કે લગ્ન પછી પ્રથમ વખત અસંતોષ, ઝઘડો અને અશાંતિ પૈસાની ઊણપને કારણે જ થાય છે. જ્યાં સુધી વાત બીજી સંતુષ્ટિ અને સુખોની છે, તો તેમાં પત્નીની ભૂમિકા પણ અતિ મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. આ વિચારસરણીના ફાયદા છોકરીઓ જે વિચારે છે અને જે ઈચ્છા રાખે છે તેનાથી છોકરાઓ પણ પરિચિત છે કે નકામાં પતિ કોઈનીય પણ પ્રાથમિકતામાં હોતા નથી. એટલા માટે, આળસ છોડીને કેરિયર અને નોકરી ઉપર વધારે ધ્યાન આપતા હોય છે. છોકરીઓની પતિ અને પૈસા સંબંધી વિચારસરણીના જાણકાર છોકરાઓનો પહેલો પ્રયત્ન નોકરી મેળવવાનો હોય છે. નાનીમોટી, સરકારી, ખાનગી નોકરીનું વધારે મહત્ત્વ હોતું નથી, દરેક પોતાની યોગ્યતા પ્રમાણે કમાવા લાગી જાય છે. આજકાલના છોકરાઓ પણ સમજે છે કે તે જમાનો ગયો જ્યારે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બાળકને શીખવો સમય સંચાલન

આપણે તો મોટે ભાગે એવું જ વિચારીએ છીએ કે બાળપણ તો બેજવાબદારી અને મોજમસ્તીનું બીજું નામ છે અને સમયના બંધન સાથે બાળકોને શું લેવાદેવા ? પણ આવું વિચારવું બિલકુલ ખોટું છે. બાળકોમાં સારી આદતોની ટેવ નાની ઉંમરથી જ પાડવી જોઈએ. અને તેમને શરૂઆતથી જ મોટાંઓની જેમ પોતાનું દરેક કામ યોગ્ય જ સમયે કરવાની પદ્ધતિ શીખવવી જોઈએ.

શરૂઆત કરો : ત્રણ ચાર વર્ષની ઉંમરે બાળક આપના નિર્દેશોનું સમજતું શીખી જાય છે ત્યારે આપ નાની વાતોનાં માધ્યમ દ્વારા તેને સમયની કિંમત સમજાવીને સમય સંચાલન અંગેનું જ્ઞાન આપી શકો છો. આપને જોઈને શરૂઆતથી જ બાળકમાં પોતાનું કામ ઝડપથી કરવાની આદત વિકસે. જ્યારે આપનું બાળક શાળાએ જતું હોય ત્યારે સૌથી પહેલાં તો તેને સવારે જલદી ઉઠવાની ટેવ પાડો એ માટે રોજસવારે લડવા ધમકાવવાની કે બુમો પાડવાની કોઈ જરૂર નથી. જ્યારે તે થોડું સમજદાર બની જાય ત્યારે તમે ખુબ સુંદર અને આકર્ષક એલાર્મ કલોક લાવીને આપો. તેને રાત્રે સુતાં પૂર્વે એલાર્મ મુકતાં શીખવી દો અને એલાર્મ વાગ્યા પછી તેને જાતે જ ઉઠવા માટે કહો. સવારથી સ્કુલબેગ તૈયાર કરી લેવા માટે કહો, મોડું થવાથી પડનારી તકલીફોથી બાળકને માહીતગાર કરી તે અંગેની સમજણ આપો.

**બાળઉછેર**

વિશેષજ્ઞની સલાહ : તમે જાતે જ બાળકની દિનચર્યા નક્કી કરો કે તેણે સવારે કેટલા વાગ્યે ઉઠવાનું છે. કેટલા વાગે સુવાનું છે, કયારે રમવાનું છે, ભણવાનું છે અને કયારે ટીવી જોવાનું છે. આપનું બાળક યોગ્ય રીતે પોતાની દિનચર્યાનું પાલન કરે એટલા માટે શરૂઆતમાં થોડા દિવસોસુધી તમારે પણ ઘણી મહેનત કરવી પડશે. તમારે બાળકને વારંવાર યાદ અપાવવું પડશે કે હવે તારો ભણવાનો રમવાનો કે સુવાનો સમય થયો છે એ માટે તેમની સાથે સખતાઈ પણ વર્તવી પડશે. પછી ધીમે ધીમે તે જાતે જ પોતાના કામો સમયસર કરતા થઈ જશે.

આ અંગે બાળ મનોવૈજ્ઞાનિક કહે છે કે જો કોઈ વ્યક્તિ સમયનો પાબંધી હોય અને પોતાનાં બધાં કામ ગભરાટ વગર અને યોગ્ય સમયે પુરૂં કરતા હોય તો એનો અર્થ એ છે કે તેને નાનપણથી જ ટાઈમ મેનેજમેન્ટ શીખવવામાં આવ્યું છે. સમયસંચાલનનો સીધો સંબંધ અનુશાસીત જીવનશૈલી સાથે હોય છે.

એક ખાસ ઉંમરની પછી બાળકોને અનુશાસીત કરવા બહુ મુશ્કેલ બની જાય છે. એટલામાટે પણ અનુશાસીત જીવનની બુનિયાદ નાનપણથી જ પડી જવી જોઈએ. જો કોઈ વ્યક્તિને બાળપણથી જ યોગ્ય સમયે કામપુર્ણ કરવાની આદત ન હોય તો આગળ જતાં પોતાની પ્રોફેશનલ લાઈફમાં તેને ઘણી પરેશાનીઓ ભોગવવી પડતી હોય છે.

### એક વખતે એક કામ

બાળકને ટીવીની સામે બેસીને કોઈ કામ ન કરવા દો. કેટલાક બાળકોને એવી આદત પડી ગઈહોય છે કે તેઓ ટીવીની સામે બેસીને ભણે છે અને ત્યાં જ ખાય પીએ છે.

આવા બાળકો પોતાનું દરેક કામ વિલંબથી જ પુરૂં કરે છે. કેમ કે કામ કરતાં કરતાં તેમનું ધ્યાન ટીવી ભણીજ વધારે હોય છે.એટલા માટે બાળકમાં પહેલાંથી જ એક વખતે એક જ કામ કરવાની આદત વિકસીત કરો. જો બાળક પોતાના કામમાં મોડું કરે તો તમે જે રીતે એને લઢો છો, તેવી જ રીતે જો તે પોતાનું કામ સમયસર પુરૂં કરે તો તેને શાબાશી આપવાનું પણ ન ભુલશો. એનાથી બાળક હંમેશા યોગ્ય સમયે પોતાનું કામ પુરૂં કરવા માટે પ્રેરીત થશે.

- રાજુલ દેસાઈ

**રસથાળ**

## મકાઈનાં ખમણ

સામગ્રી : મકાઈ ૧ કીલો, દહીં ૧૦૦ ગ્રામ, લીલાં મરચાં ૪ નંગ, ચણાનો લોટ ૧૦૦ ગ્રામ, નાળીયેરનું ખમણ ૨ ટે.સ્પુન, લીલા ધાણા ૧ નાની ઝુડી, તલ ૧ ટે.સ્પુન, ચણાની ઝીણી સેવ ૧૦૦ ગ્રામ, બેકીંગ સોડા ૧ ટી સ્પુન, મીઠું મરચું, રાઈ, હીંગ, પ્રમાણસર.

રીત : મકાઈને છીણી આખા દાણા રહ્યા હોય તે વાટી લેવા.એક તપેલીમાં મકાઈ ભરી તેમાં દહી અને મીઠું નાખી આઠ નવ કલાક આથી રાખવું, ત્યારબાદ તેમાં વાટેલાં આદુ મરચાં ચપટી ખાંડ, અને ચણાનો લોટ નાખવો, થોડું તેલ ગરમ કરી તેમાં સોડા નાખી ખીરામાં નાખી હલાવી લેવું. થોડું ગરમ પાણી નાખી ખીરૂં થાળીમાં પથરાય તેવું કરવું. થાળીમાં તેલ લગાડી તેમાં ખીરૂં પાથરવું, ઉપર લાલ મરચાંની ભુકી છાંટવી, ઢોકળાં જેમ થાળી વરાળથી બાફી લેવી, ઠંડી પડે એટલે કટકા કરી કાપવા. તેના ઉપર નાળીયેરનું ખમણ અને લીલા ધાણા ભભરાવવા. તેલમાં રાઈ, હીંગ અને છેલ્લે તલ નાખી વઘાર કરવો. પીરસતીવખતે ચણાની સેવ ભભરાવવી.

૦૦૦

## મેકસીન રાઈસ

સામગ્રી : ચોખા ૨ કપ, ફણગાવેલા મગ ૧-૨ કપ, કેપ્સીકમ ઝીણું સમારેલું ૧-૨ કપ, ઝીણી સમારેલી કોબી ૧-૨ કપ, પનીરના પીસીસ ૫૦૦ ગ્રામ,લીલાં મરચાં ઝીણાં સમારેલાં ૧ ટે.સ્પુન, તજનો પાઉડર ૧ ટી.સ્પુન.

ડેકોરેશન માટે : પોટેટો ચીપ્સ, લીલા ધાણા, ઘી, મીઠું, તજ, જીરૂ, લવીંગ.

રીતઃ ચોખાને થોડીવાર પાણીમાં પલાળી રાખવા. એક વાસણમાં પાણી ઉકાળી તેમાં ચોખા નાખવા. બફાય એટલે ઓસાવી ચાળણીમાં કાઢી પાણી નીતારી છુટો ભાત બનાવવો, તેમાં મીઠું નાખવું.

મગને કડક બાફવા, પનીરના કટકાને ઘીમાં તળી લેવછા, એક વાસણમાં ઘી મુકી તેમાં જીરૂ અને તજ લવીંગનો વઘાર કરી ચોખા, મગ, કેપ્સીકમ, કોબી, લીલાં મરચાંનાં કટકા, મીઠું, મરીનો ભુકો અને તજનો પાવડર નાખવો પછી તેમાં પનીરના કટકા નાખી લીંબુનો રસ નાખવો અને લીલાં ધાણાં ડેકોરેટ કરી પીરસવો.

# અર્પિતાબેન અને હું

બપોરનો વરસાદ એકધારો હતો. ચાર કલાકથી એ પડતો હતો. સવારે અગિયાર વાગે ઘરમાં કરીયાણું લાવવું હતું પણ પૈસા માગવા જયકોર શેઠાણીના ઘરે ગઈ ત્યારે કહેલું કે જ્ઞાતમાં એક મૈણુ થયું છે. હું અને તારા શેઠ નીકળીએ છીએ. આવીને સાંજે લઈ જજો. ત્યારે સહેજ ગુસ્સો આવેલો ચીડ આવેલી.. શેઠના શેઠાણી અને પાકીટમાં પાનસોય નહીં હોય પણ દાનત હોવી જોઈએ ને ?

ત્યાંથી અર્પિતાબેનના ઘેર ગયેલી એ કોઈ શાળામાં શિક્ષિકા હતા. વિધવા હતા અને વળી એકલા રહેતા હતા. આપી શકવાને શક્તિશાળી હતા. એમની ભાવના સારી હતી. હું તો તેમને ઘણીવાર કહેતી અર્પિતાબેન ગમે તેમ તોય હું તો તમારા ઘરની કામવાળી કચરા પોતાવાળી મારી વળી ઓકાત પણ શું ? તમારા ચંપલ પડયા હોય ત્યાં મારૂં સ્થાન..

નહીં જશું.. એવું નહીં.. માણસે કયારેય એણે એનું મૂલ્ય ઓછું નહીં આંકવું જોઈએ હું એક શાળાની શિક્ષીકા છું અને મારે મન જશુ તું એક કચરા પોતાવાળી નહીં પણ એક મા છે. એક સ્ત્રી છે અને એથીયે વધુ વિધવાપણામાં જોકે અર્પિતાબેન પણ વિધવા હતા. એમને એમના પતિ મૃત્યુ પામતા પતિના સ્થાને નોકરી મળી ગઈ હતી.એ મને જશુ કહેતાં.. વાસ્તવમાં મારૂં નામ જશવંતી હતું. મેં એમની સાથે ભેટો થઈ ગયો હોત તો પૈસા લાવત અને બેય છોકરીઓને માટે રસોઈ થાત પણ વરસાદ વેરી થયો. આમ તો લોકોક્ત છે કે શનિવારની સાંજે વરસાદનું આગમન થાય તો એ આખાય અઠવાડીયાના ધામા નાખતો હોય છે પણ આ તો સાડા બારના મંડાણો હતો ઘરમાં તેલ ન હતું, લોટ ન હતો શાકભાજી ન હતા. દીવેટવાળા પ્રાઈમસમાં થોડું કેરોસીન હતું.

મનની એક મુંઝવણ હતી.

**આગ ભીતર ભીતરની** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

વરસાદે મજબુર બનાવી નાખી હતી. શહેર માટે.. રાજય અને અન્ય લોકો માટે વરસાદે જાણે એક ઉમંગ આશા ખડી કરી દીધી હતી. જયારે મારા માટે..મારા માટે એક આફત કરી હતી. પણ લાચાર હતી.. કુદરતને વરસાદ આવવા માટે પ્રાર્થના કરતા હતા. જયારે હું અટકી જાય.. હે પ્રભુ વરસાદને અટકી જવા અંગે પ્રાર્થના કેમ કરવાની હતી ? ત્યાં તો આગળના છાપરાના કાણામાંથી પાણીનો એક ધધેડો થયો. મારી પુત્રીએ ઉભા થઈને ડોલને રાખવાનો પ્રયાસ કર્યો. મેં ના પાડી પાણી ભેગું એ વહી જશે મેં જણાવ્યું.. વરસાદ ગર્જના સાથે ત્રાંસો પડતો હતો. સામેની જુની દીવાલે એનાં પાણી ટકરાઈને ઝડપથી નીચે દિવાલ કાળી પડી ગઈ હતી, તુટી પડે તેવી હતી. એને રીપેર કરાવવા અંગે મકાન-માલિક યમુના ડોશીને કહેલું..એમણે પણ કહેલું શું કરૂં જશુ ? મારી સ્થિતિ સારી નથી. માંડ માંડ મારૂં ઘર ચાલે છે પૈસા કયાંથી લાવું ? છોકરો પૈસા આપતો નથી. કહું છું તો ઉપરથી સંભળાવી દે છે. શું કામ રાખે છે એવી જશલીને.. ઘર ખાલી કરાવી દે ને બીજો ભાડુઆત રાખી લે.. તને ભાડું વધારે મળશે અને પૈસાનો કકળાટ જશે.. યમુના ડોશીની વાત હતી.

તેઓ દયાળુ, ધાર્મિક હતા. ઉપરથી કહેતા હતા જશુ તું તારે રહે.. મારે તને ખાલી કરાવીને તારી આંતરડી કકળાવીને પાપનું પોટલું વાળવું નથી.. તું તારે મારા તરફથી શાંતિ રાખજે. પાછો વરસાદ વધ્યો.

દીવાલ પરથી ઉતરતા પાણીની ગતિ વધી ઓટલો કુદીને પાણી અંદર ઘુસે એ નોબત આવતી લાગી. બહાર તો પાણી ભરાતું જતુ હતું. સાંજે શું ખવરાવીશ ? એક ચિંતા આળોટવા માંડી હતી. જયકોર શેઠાણીએ પૈસા આપ્યા હોત તો એમનું શું બગડી જવાનું હતું ?

એક લાચારી.. એક મજબુરી સાથે ટુંટીયું વાળી લાકડાના થાંભલા પાસે બેઠી હતી. ધોધમાર પડતા વરસાદની છાંટ અનુભવાતી હતી.પોતાના પેટમાં ય ભુખ હતી પણ પોતાની ભુખ કરતાં છોકરીઓની ભુખ મહત્વની હતી. પોતે તો મોટી હતી સહન કરવા ટેવાઈ ગઈ હતી. જયારે બે છોકરીઓ એમને તો ખાવા જોઈએ જ. અંદરના રૂમની બારી આગળ ઉભેલી અને વરસાદને જોઈ રહેલી છોકરીઓ આ બાજુ આવી એમણે જોયું. ચહેરો ચાડી ખાતો હતો કે ભુખ લાગી છે. મા અમને ખાવાનું આપ.. પણ મા એવી હું જયાં ઘરમાં કશુંક ન હતું ત્યાં કયાંથી ખાવાનું આપવાની હતી ? ભાવ વ્યકત થઈ ગયો.

છોકરીઓ પણ પડખે બેસતી પછી મારા ખોળાની માગણી કરતાં. સુવાની ઈચ્છા વ્યકત થઈ ગઈ.. પણ ભેજ ભીનાશ અને વરસાદના અતિ સુક્ષ્મ કણો.. હું ઉઠી અંદર કંતાન પર બેઠી. બેય છોકરીઓને એક એક ખોળામાં ભાગે લીધી. એમના માથે હાથ ફેરવવા માંડયો જાણે કહેતો હતો બેટાઓ.. હું મારી દીકરીઓને બેટાઓ કહેતી.

એમના હાથ ફેરવવામાં એક

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## માતૃભાષા એ લોકસંસ્કૃતિ ધબકતી રાખવાનો અને લોકહૃદય સુધી પહોંચવાનો રાજમાર્ગ છે તેના પર એક ડગલું આગળ વધીએ

મેં માતૃભાષાને એકનિષ્ઠ પ્રેમ કર્યો અને મને વરદાન મળ્યું. અવિરત વિરલ અભિવ્યક્તિનું, મેં માતૃભાષાને વંદન કર્યા અને મને દર્શન થયા. મા શારદાના, મેં માતૃભાષાની સાધના કરી અને મને શબ્દોની શીતળ સાનિધ્ય મળ્યું. મેં માતૃભાષામાં શુધ્ધિનો આગ્રહ સેવ્યો અને મને ચિત્તશુધ્ધિનો મારગ દેખાયો. મેં માતૃભાષા સાથે આત્મીય સંબંધ સ્થાપ્યો અને મારા ભાવ વિશ્વમાં માતા-માતૃભૂમિ વચ્ચે સેતુ બંધ રચાયો. મેં માતૃભાષાને જીવન લક્ષ્ય બનાવ્યું અને એ માર્ગ પર ચાલતાં મને અસંખ્ય પ્રેમી પથીકો મળ્યા અને આમ માતૃભાષા પ્રેમી ગુર્જરજનોનો કાફલો રચાતો ગયો.

હા વાત બિલકુલ સાચી છે. ૨૧ મી ફેબ્રુઆરીએ યુનેસ્કોએ જાહેર કરેલો 'માતૃભાષા ગૌરવ દિન' આપણે બે દીવસ પહેલાં જ ઉજવ્યો. માતૃભાષા અંગે ઘણું ચિંતન અને થોડીક ચિંતાઓ પણ કરવામાં આવી પરંતુ શું તેની માતૃભાષા બચી જશે ? આ પ્રશ્ન આજ સૌને સતાવી રહ્યો છે ત્યારે માતૃભાષા પ્રેમી લેખક પાસેથી આપણને એક એવું પુસ્તક મળે છે. જેમાં ખુબ જ વિષદ રીતે અભ્યાસપૂર્ણ લેખો સમાવવામાં આવ્યા છે.

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

હા મારે આજે તમને 'માં' ની બોલી સૌથી વહાલી નામે હર્ષદ પ્રા.શાહના પુસ્તકની વાત કરવી છે. 'એક હર્ષદ ક્ષણની માતૃભાષા' શીર્ષકથી પુસ્તકની પ્રસ્તાવનામાં જાણીતા કવિ અને સરકારમાં ઉચ્ચ અધિકારી એવા ભાગ્યેશ જહા સાચું જ કહે છે કે, આપણા વર્તમાનને ઓળખવા જેવો છે. એક એવી પેઢી છે કે એનો ભાગ તૈયાર થઈ રહ્યો છે.જેમના મસ્તિષ્કમાં એક પણ ભારતીય ભાષાને સ્થાન નથી.એ તો બધા સ્વીકારે છે કે આવતાં વર્ષો ઓળખ કટોકટીના વર્ષો છે ત્યારે આપણી ઓળખ એવી આપણી ભાષાને આમ અચાનક ઘરડી બનાવી દેવી એટલે આપણાં બાળકોને બહુભાષિક થવાની વેદકાલીન વાક શક્તિથી વંચિત બ્કરવા. આપણે એક જ એવી પ્રજા છીએ જે ખુબ સહેલાઈથી અનેક ભાષાઓમાં સરળતાથી વિહાર કરી શકીએ છીએ. આ મિલ્કત એવાં કોમળ બાળકો પાસેથી આપણે છીનવી રહ્યા છીએ જેમને ખ્યાલ નથી આવતો કે તેમની સાથે શું થઈ રહ્યું છે.

માની બોલી સૌથી વહાલી પુસ્તકમાંથી પસાર થતાં પ્રસ્તાવના પછી પુસ્તક બે ખંડોમાં વહેંચાયેલું જોવા મળે છે. તેમાં પ્રથમ ખંડમાં લેખકે આત્મકથન, મારી સંવેદના, મેકોલના પત્રો, માતૃભાષાની

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# લાઈવ રાખો તમારા લગ્નને..

લગ્ન બાબતમાં બનેલા ઢગલાબંધ જોકસથી એવું લાગે છે કે આ સંબંધનો થોડોક વરસો પછી એ રોમાંચ ખતમ થઈ જાય છે કે લગ્ન પછીના જીવનમાં શરૂઆતમાં ઘણી બધી તકલીફોનો સામનો કરવો પડે છે. ઘરમાં બાળકો અને ઘરના બીજા સભ્યોને સંભાળવામાં પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ધીરે ધીરે ઓછો થતો જાય છે. બાળકો, કરીયાણું, લાઈટના બીલ અને નોકરીની ઝંઝટ વચ્ચે તમે ચાહો તો લગ્ન પછીના પ્રેમને પણ તમે હંમેશા માટે જીવંત રાખી શકો છો. અહીં એ માટેના કેટલાક સુચનો કરવામાં આવ્યા છે.

તમે બાળકો અને પરિવારની દેખરેખ અને કામકાજમાં વ્યસ્ત હો અને તમારા પતિ પોતાની નોકરીમાં પરંતુ એનો મતલબ એ છે કે તમે બંને તમારી તંદુરસ્તી તરફ ધ્યાન ન આપો.લગ્ન પછી જેમ જેમ કામની મશગુલતા વધતી જાય છે.ફીટનેસ એવી વસ્તુ છે જે કદાચ તમારા બંનેમાંથી સહુથી પહેલા ગાયબ થઈ જાય છે. તમે બને તેટલા કામ સાથે કામ કરવાની કોશીશ કરો. સવારના ચાલવા માટે પણ સાથે જ જાવ. એનાથી તમારી બંનેની તંદુરસ્તી તો સારી રહેશે જ સાથે પ્રેમ પણ વધશે.

**નારી**

ભલે તમારા એરેન્જ મેરેજ થયા હોય કે લવમેરેજ. લગ્ન પહેલાં તમે એમની દરેક પસંદ નાપસંદને સમજવાની કોશીશ કરતા હતા. બસ લગ્ન પછી પણ તમારે આવું જ કરતા રહેવાનું છે. તમે એમને બદલવાની કોશીશ ન કરો. જેમ કે તમારા પતિને ઐતિહાસિક જગ્યા જોવાનો શોખ છે પણ તમને ત્યાં જતાં કંટાળો આવે છે. આવા સંજોગોમાં પણ તમે પતિની પસંદગીને અપનાવો. ખરેખર ત્યાં જઈને તમને એવું લાગશે કે આવી જગ્યાએ તો પહેલાં જવુ જોઈતું હતું. એમાંય તમારા જ્ઞાનમાં વધારો થશે એતો અલગ. તમારા પતિએ પણ સામે પત્નીની પસંદને મહત્વ આપવું જોઈએ.

એકબીજાને આઝાદી આપો, અમુક કામો પોતાની પસંદગીના એકલા કરો તો અમુક કામ સાથે કરો. જો તમે તમારા શોખ જીવતા રાખશો તો તમે ખુશ રહેશો. જેમ કે તમને પેઈન્ટીંગ અને નૃત્યનો શોખ છે તો એ જરૂર કરો. બગીચાની માવજતનો શોખ તમને બંનેને છે તો એ સાથે કરો.

તમે એવો દાવો કરતા હો કે લગ્નના આટલા વરસ પછી તમે તમારા પતિને સારી રીતે ઓળખો છો અને એમના કહ્યા વગર જ એમની દરેક જરૂરત સમજી જાવ છો. કંઈક આવો જ દાવો તમારા પતિને પણ હોય છે. તમારા પતિ શું ચાહે છે એ તમે હંમેશા જાણી નથી શકતા. જરૂરત વખતે મહિલાઓને જયારે પતિથી વગર કહે મદદ નથી મળતી તો એમને લાગે છે કે એ સામે ચાલીને પતિ પાસે શા માટે મદદ માગે ? એમને દેખાતું નથી. બસ અહીં જ તમારી ભુલ છે. આવી ભુલ કયારેય ન કરશો. સહેજ પણ ખચકાટ વગર એમની પાસે મદદ માંગો. બની શકે કે બિચારા પતિને આ બાબતમાં કંઈ ખબર જ ન હોય એટલે તમે તમારી જરૂરીયાતની માંગણી કરશો તો એ તમને જરૂર મદદ કરશે.

# ચોમાસામાં પગની કાળજી

ચોમાસામાં પગ ગંદા થવાથી ફંગશ ઈન્ફેકશન લાગવાની શક્યતા વધારે રહે છે તેથી આ સિઝનમાં પગની ખાસ કાળજી લેવી જરૂરી છે.

વરસાદના પાણીમાં છઈ છપા છઈ કરવાની મજા ને મજા જ રાખવી હોય અને એને સજા ન બનવા દેવી હોય તો પગની સંભાળ રાખવી અતિ આવશ્યક છે. વરસાદમાં ઘરની બહાર નીકળતા તમામ લોકોને આ વાત લાગુ પડે છે. પાણીને કારણે રસ્તા પર પથરાયેલા કીચડ અને કચરાના સંપર્કમાં આવતા તમારા પગ માત્ર ગંદા જ નથી થતા, પણ યોગ્ય કાળજી ન રખાય તો ઈન્ફેક્શનનો ભોગ પણ બની શકતા હોય છે. પાણી અને ગંદકીના સમન્યવથી ભીના થયેલા પગ જો લાંબા સમય સુધી સાફ ન કરાય તો એમાં ફંગસ લાગી શકે છે. અમુક કેસમાં જો એની સમયસર સારવાર ન થાય તો લેપ્ટોસ્પાયરોસિસ જેવી ગંભીર સમસ્યા પણ થઈ શકે છે. ચોમાસામાં તમારા પગની સંભાળ રાખવા માટે કઇ-કઇ બાબતોનું ધ્યાન રાખવું એની અહીં જાણકારી આપવામાં આવી છે. અવગણના નહીં પગ આપણા શરીરનું સૌથી મહત્વપૂર્ણ અને સૌથી વધુ ઉપયોગી અંગ છે. જોકે મોટાભાગના લોકો એની અવગણના કરતા હોય છે. પગ પ્રત્યેનું દુર્લક્ષ ક્યારેક મોટી તકલીફ આપી શકે છે. ખાસ કરીને ડાયાબિટીસના દરદીને તો દરેક પ્રકારના પગને લગતા ઈન્ફેક્શન ઝડપથી લાગતાં હોય છે. ચોમાસામાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોય છે. જે ફંગસ આપતા બેક્ટેરિયાના ગ્રોથને વધારવામાં નિમિત્ત બને છે. ચોમાસામાં ફંગલ ઈન્ફેક્શન લોકોમાં જોવા મળતો સૌથી કોમન પ્રોબ્લેમ છે.

**રૂપના રખોપા**

માત્ર છોકરીઓએ જ નહીં, પણ પુરૂષોએ પણ આ દિવસોમાં પોતાના પગની સ્વચ્છતા પર ધ્યાન આપવું જોઇએ. કારણ કે ચોમાસામાં રબરના શૂઝ આખો દિવસ પહેરી રાખવાને કારણે પણ પગ લાંબા સમય સુધી ભીના રહેતા હોય છે. પગને પૂરતા પ્રમાણમાં હવા ન મળતી હોવાથી પગની ત્વચાને નુકસાન પહોંચે છે અને ફંગસ લાગવાની શક્યતા વધી જાય છે.

સંભાળમાં શું કરવું? આ બાબતમાં લોકો વધુ અજાણ હોય છે કે તમારા પગના જુદા જુદા ભાગને જુદા પ્ર કારની કેરની જરૂર હોય છે. ધારો કે તમારા પગની એડીની ચામડી ભેજ તથા સતત પગ ભીના રહેતા હોવાને કારણે ચીમળાઇ ગઇ છે તો એને સ્ક્રબરથી સાફ કરવી જોઇએ. બાથિંગ સ્ટોન કે સ્ક્રબર સ્પન્જથી હવળા હાથે સ્ક્રબિંગ કરીને એ ભાગની ડેડ સ્કિન દૂર કરવી જોઇએ. બે પગની આંગળીઓ વચ્ચેના ભાગને હાથથી અથવા તો જાડા કપડાથી હળવાશથી ઘસીને

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વિલાયત જીઆઈડીસીમાં...

પાના નં .૩ ચાલુ

જો કે ગામલોકોએ તેમના મંતવ્યોને મહત્વ અપાતું હોવાનું સ્વીકાર્યુ હતું. આ નાણાકીય વર્ષમાં ૯૦ લાખ રૂપિયાનું સીએસઆર બજેટ હોવાની માહિતી આપી હતી.

જ્યુબિલન્ટ ભારતીય ફાઉન્ડેશન દ્વારા સ્થાનિક અસરગ્રસ્ત વિસ્તારમાં કંપની દ્વારા અનેક સામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મુસ્કાન નામ હેઠળ શૈક્ષણિક પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. સ્વાસ્થ્ય પ્રોજેક્ટ અંતર્ગત ઘણીબધી સેવાઓ પૂરી પાડે છે. મુસ્કાન નામ હેઠળ શૈક્ષણિક પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. સ્વાસ્થ્ય પ્રોજેક્ટ અંતર્ગત ૧૦ ગામડાઓમાં કોમ્યુનિટી મોબાઈલ હેલ્થ કેમ્પ પણ કરવામાં આવે છે. લોકોના આરોગ્યને પહોંચી વળવા માટે વિવિધ પ્રકારના મેડીકલ કેમ્પો કંપની દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં જ કંપની ૩૦ લાખના ખર્ચે આસપાસના ગામલોકોને કોમ્પ્યુટરનું જ્ઞાન આપવા માટે મોબાઈલ કોમ્પ્યુટર વાન લાવી છે. જે વાનમાં કોમ્પ્યુટર બેસાડવામાં આવ્યા છે. જે આજુબાજુના ગામમાં જશે અને ગામલોકોને કોમ્પ્યુટર શીખવામાં અને જાણવામાં મદદરૂપ થશે. જેનાથી ગામડાના લોકોમાં કોમ્પ્યુટરને લઈને જે હાઉ હોય છે તે દુર કરવામાં મદદ મળશે.

કંપની દ્વારા સ્થપાનાર ૨૫૦ કરોડના આ પ્રોજેક્ટમાં ૬.૨૫ કરોડ રૂપિયાનું સીએસઆર બજેટ ફાળવ્યું હોવાની માહિતી આપી હતી. આ લોક પર્યાવરણ સુનવણીમાં આસપાસના ગામના આગેવાનોએ રજુઆત કરી હતી. જેમાં ચંદ્રકાન્ત પટેલ (વિલાયત), મનોજ પટેલ (અસ્મિતા વિકાસ કેન્દ્ર, ત્રાલસા), મહેન્દ્રસિંહ રાજ (બાંધકામ સમિતિના ચેરમેન- જિલ્લા પંચાયત કચેરી, ભરૂચ), ઈશાક રાજ (તાલુકા પંચાયત- વાગરા), સાદિક કાપડીયા, દીપક રાજ પઢિયાર, રઈશા પટેલ- દયાદરા, ઐયુબ પટેલ- સરપંચ અરગામા, સંદીપ રાજ- ઓરા, મોહિત પટેલ, ચીમન પટેલ- ભેસરમનાઓએ તેમના પ્રશ્નો રજુ કર્યા હતા.

જેમાં સમલાયા અને વિલાયત- ગુજરાત, ગજરોલા- ઉત્તર પ્રદેશ, નીરા અને અંબરનાથ- મહારાષ્ટ્ર ખાતે પોતાના પ્લાન્ટ ધરાવે છે. કંપનીએ વર્ષ ૨૦૦૮ માં વિલાયત ખાતે સેઝનું નિર્માણ કર્યું હતું. હવે કંપની વિસ્તરણ કરી રહી છે.

## દિવસભરના ભારે...

પાના નં .૩ ચાલુ

મેઘરાજાએ વીજ કડાકા- ભડાકા સાથે પુનઃ પધરામણી કરતાં સર્વત્ર ખુશીનો માહોલ સર્જાયો હતો ને સવારે દિવસભર ઉઘાડ નિકળતાં ખેડુતો ખેતી કામમાં ઉત્સાહભેર લાગી ગયા હતા. બાવીસ- તેવીસ દિવસના વિરામ બાદ મેઘરાજાની પધરામણીની ખેડુતો- પશુપાલકો સારા શુકન માને છે. સૂર્યગ્રહણ બાદ મેઘરાજાની પધરામણીથી હવે શાંતિ સ્થપાશે ને ચોમાસુ પાક સારા થશે. પશુઓને ઘાસચારો પણ લાંબો સમય મળશે. તેવી આશા બંધાઈ છે. કાળઝાળ ગરમી- બફારાથી લોકોને હજુ આંશિક રાહત થઈ છે.

## કેશડોલ્સ આપો...

પાના નં .૩ ચાલુ

ફોર્મ ભરાયાં હોવા છતાં પણ સહાય નહી મળી હોઈ ક્યાંતો સહાય આપો નહીતર ભરેલાં ફોર્મ પરત આપવાની માંગણી કરી હતી.જોકે ત્યાં ચીફઓફીસર કે પ્રમુખ ઉપસ્થિત નહી હોઈ આવતીકાલે ફરીથી આવવાની તેમજ સહાય નહી મળેતો પોલીસ ફરીયાદ કરવાનો પણ આક્રોશ વ્યક્ત કરીને પરત ગયા હતા.નગરમાં વોર્ડના રહીશોના ટોળાંએ ભારે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.

## ખાનપુર જૈન...

પાના નં .૩ ચાલુ

અને બહેનોનું શ્રી નમિનાથ જિનાલયેથી ગાજતે-વાજતે સામૈયું અને માકુભાઈ શેઠનાં બંગલામાં દિક્ષાર્થીઓના વાયણા અને અભિનંદન સભાનું આયોજન થયેલ.શ્રી ખાનપુર જૈન સંઘ તથા માણેકલાલ મનસુખલાલ શેઠ તરફથી બધા દિક્ષાર્થીઓનું બહુમાન પરિવારના વડીલો રાજેશભાઈ અને શ્રીમતી આભાબેન તથા સંજયભાઈ અને શ્રીમતી પ્રિતીબેનના શુભહસ્તે કરવામાં આવેલ.જૈન જનતાને શ્રીફળની પ્રભાવના અપાયેલ.જીવવિચારની સ્પેશીયલ બેચમાં હંમેશા સવારના માકુભાઈ શેઠના પરિવાર તરફથી પ્રભાવનાનો લાભ લેવાય છે.નરોડા નિવાસી પ્રજ્ઞેશભાઈ ફડીયાના બુલંદ કંઠે શ્રી ગૌતમસ્વામીનો રાસ અત્યંત પ્રેરક રહ્યો.વ્યાખ્યાનમાં લકી નંબરનો ડ્રો અશોકભાઈ શાહ બોરસલી અને સ્વ.ભાનુમતીબેન સેવંતીલાલ શાહ હા.નીતીનભાઈ વિસનગરવાળા તરફથી થાય છે.

માનીમમતા હૃદયસ્પર્શી એકપાત્રિય અભિનયનાટિકા નરેન્દ્રભાઈ કામદાર દ્વારા શ્રી ખાનપુર સંઘના ઉપાશ્રયમાં તથા પૂ.મુનીરાજ શ્રી યશચંદ્રવિજયજી મ.સા.ની પ્રેરણાથી શાહપુર દરવાજાના ખાંચામાં ઉપાશ્રયમાં આયોજીત થયેલ તથા રવિવાર બપોરની બાલક-બાલિકા જ્ઞાનશિબિરમાં સંઘઅગ્રણી પ્રદીપભાઈ અને મયુરભાઈનાં હસ્તે ઈનામ પ્રભાવના અપાયેલ.ચુનારાના ખાંચાનાં દરીયાપુર સ્થાનકવાસી ઉપાશ્રયમાં કવિવર્ય પૂ.શ્રી અપૂર્વમુનીજીનાં વ્યાખ્યાનમાં નરેન્દ્રભાઈ કામદાર ગઢળાવાળાએ પ્રેરક પ્રવચન આપેલ.પર્વાધિરાજ પર્યુષણપર્વના સ્વાગત અંગે ખાનપુરમાં બિરાજમાન પૂ.આ.શ્રી જિતરક્ષિત સૂરીશ્વરજી મ.સા.તથા પૂ.સાધ્વીજી ભગવંતઓએ જણાવ્યું કે, પર્યુષણપર્વના જીવનનો યુટર્ન કરવા સમર્થ છે પરંતુ તે માટે આત્મ જાગૃતિની જરૂરત છે.આત્મને સદગુણો અને પૂણ્યથી ભરી દઈને આપણે સૌએ પર્યુષણપર્વ ઉજવવા જોઈએ.૬૪ પ્રહરી પૌસધ કરનાર તપસ્વી ભાઈ બહેનોનું બહુમાન સંઘવી માકુભાઈ શેઠ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું.

## ધાનેરામાં સહાય...

પાના નં .૮ ચાલુ

૧૫૦૦ કરોડ સહાયની જાહેરાત કરી પ્રજાને ફરીથી બેઠા થવા આર્થિક મદદની જાહેરાત કરી હતી પરંતુ સહાય મળી ન હોવા બાબતે દિનેશભાઈ વાઘાજી ઠાકોરે આત્મ વિલોપનનો પ્રયાસ કરતા ૮૦ ટકા દાઝી ગયો હતો. જે તાબડતોબ સારવાર અર્થે ખસેડાયો હતો.જે અનુંસધાને ધાનેરામાં કેશડોલ્સ પણ ચુકવવામાં આવેલ જેમાં દીનેશભાઈ વાઘાજી ઠાકોરને પણ તેના કુંટુબીજનોના કહેવા મુજબ રૂા.૮૦૦૦ કેશ ડોલ્સ ચુકવવામાં આવી હતી જયારે કલેકટરનો જેતે સમયે સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે ૯,૪૦૦ રૂપિયા ચુકવ્યા છે તેવું તેનું ડી.ડી છે. જ્યારે પશુ સહાયમાં તેની પાસે પશુ હતા કે કેમ ? તેનો પુરાવો મળતો નથી તથા પશુના મૃતદેહ પણ મળેલ ન હોઈ કેવી રીતે ચુકવી શકાય ? તેમ ઉમેર્યું હતું.

જ્યારે આ બાજુ દીનેશભાઈ ઠાકોરની તબીયત વધારે લથડતા પાલનપુરથી અમદાવાદ સીવીલમાં લઈ ગયેલ જ્યાં તેનું ગઈકાલે વહેલી સવારે મોત નીપજ્યું હતું.

આ બાબતે ધારાસભ્ય જે.કે.પટેલ.તથા પૂર્વ પ્રમુખ બળવંતસિંહ રાવે જણાવેલ કે મહેશ્વરી સોસાયટી કે ઘણી જગ્યાએ પાણી નથી આવ્યું ત્યાં સરકાર દ્વારા સહાય ચુકવાયેલ છે જ્યારે ખરેખર નદીના પાણીમાં તારાજ થયા છે. તેઓને સહાય ચુકવાઈ નથી જે ઘણી જ દુ:ખદ બાબત છે.

## ટ્રકચાલકે સ્ટેયરીંગ...

પાના નં .૮ ચાલુ

ગુમાવતાં ટ્રક લગભગ પચાસ મીટર સુધી ઘસેડાઈ હોટલ તાજના કમ્પાઉન્ડ ઉપર પસાર થઈ એક સિમેન્ટના બ્લોકના ઢગલા સાથે ધડાકાભેર ટકરાઈ હતી જોકે રાત્રિના બે વાગ્યાનો સમય હોવાના કારણે નાગરિકોની અવર-જવર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.જો કે આ અકસ્માત દરમ્યાન ટ્રક ચાલક ટ્રકના કેબિનમાં ફસાઈ જતાં બુમા બુમ કરતા આસપાસથી લોકો દોડી આવી ટ્રક ચાલકને કેબીનની બહાર કાઢ્યો હતો.જોકે ચાલકને કોઈ પણ પ્રકારની ઈજા થઈ ન હતી.

## થરાદમાં અસરગ્રસ્તોને ...

પાના નં .૮ ચાલુ

થવા પામ્યું હતું. જેમાં સરકારી બાબુઓએ ગામોના કહેવાતા આગેવાનોના ઈશારે નુકશાન ન થયું હોય તેવા લોકોને કેશડોલ્સ અને ઘરવખરીની સહાય ચુકવી દેતાં તાલુકાના અસંખ્ય અસરગ્રસ્ત પરીવારોને અન્યાય થવા પામ્યો હતો.અને સાચા અસરગ્રસ્તો રહી ગયા હતા

આથી તેમને ન્યાય અપાવવાના તથા સરકારે જાહેર કરેલી વિવિધ સહાય જેવીકે કેશડોલ્સ અને ઘરવખરી, માનવ મૃત્યુ, પશુ મૃત્યુ, મકાન સહાય, જમીન તેમજ બાગાયતી ધોવાણ, કેટલાક ગામોના પુનર્વસન માટે નવા ગામતળ બનાવવા, ઘાસચારો પુરો પાડવા, ખેડુતોના સંપુર્ણ દેવાં અને કરવેરા માફ કરી રાજગારી પુરી પાડવા તથા શિક્ષણ અને આરોગ્યલક્ષી સેવા, સહાય અને રસ્તાઓની સુવિધાઓમાં વધારો કરવાના તથા શહેર અને ગ્રામિણ વિસ્તારોમાં ભરાયેલાં પાણીનો નિકાલ સત્વરે કરવાના મુદ્દે થરાદના નાયબ કલેકટરને ઉદ્દેશીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં તેમની માંગણીઓ પાંચ દિવસમાં નહી સંતોષાય તો કચેરી ખાતે ગાંધીચીંધ્યા રાહે આંદોલનની ચિમકી પણ ઊચ્ચારવામાં આવી હતી.આ કાર્યક્રમમાં થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી, અગ્રણી ડીડી રાજપુત, પ્રદેશ કૉંગ્રેસ મહામંત્રી માંગીલાલ પટેલ, પાલિકાના પુર્વપ્રમુખ પથુભાઈ રાજપુત, પ્રધાનજી ઠાકોર, હિંમતલાલ દવે, વસંતભાઈ દવે, નટુભાઈ વાણીયા,પ્રવિણભાઈ વરણ, રામજીભાઈ પટેલ,બચુશા બાનવા, જીલુભા ચૌહાણ, પ્રતાપસીંહ રાજપુત,મુળસીંહ વાઘેલા સહીત બહોળી સંખ્યામાં તાલુકા કૉંગ્રેસ સમિતીના આગેવાનો જોડાયા હતા.

## ડીસામાં સાયન્સ...

પાના નં .૮ ચાલુ

ટેક્નોલોજી,ગ્લૉબલ વૉર્મિંગ જેવા વિવિધ વિષયો પર આ ટ્રેનમાં પ્રદર્શન રજૂ કરવામાં આવે છે. ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (ડીએસટી), વન, પર્યાવરણ અને જળવાયું પરિવર્તન વિભાગ (એમઓઈએફસીસી), રેલવે મંત્રાલય, ભારતીય વન્ય જીવ સંસ્થા (ડબ્લ્યુઆઈઆઈ) અને વિક્રમ એ. સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટ દ્વારા આ ટ્રેનને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્ન કરવામાં આવ્યા છે. મંગળવારે આ ટ્રેન બનાસકાંઠાના ડીસા રેલવે સ્ટેશન પર આવી પહોંચી હતી અને ગુરુવાર સુધી અહી રહેશે. પ્રદર્શન દરેક માટે ખુલ્લુ છે અને નિ:શુલ્ક છે.

ડીસામાં પ્રથમ દીનેજ વિવિધ શાળાના વિદ્યાર્થીઓ આ સાયન્સ ટ્રેનના માધ્યમથી મનોરંજનની સાથે ઘણી રસપ્રદ અને ઉપયોગી માહિતી મેળવી રહ્યા છે. દેશવિદેશના વિવિધ જાતના પશુ-પંખીઓ ઉપરાંત બાયો ડાયવર્સીટી, કેમેસ્ટ્રી જેવા વિષયો પર બાળકોએ જ્ઞાન પ્રાપ્ત કર્યુ. અને આ સાયન્સ ટ્રેનની ઉત્સાહપૂવર્ક પ્રશંસા કરી હતી.

રેલ્વે મંત્રાલય અને વિક્રમ સારાભાઈ કમ્યુનીટી સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે આ ટ્રેન શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા મનોરંજનની સાથે પર્યાવરણ સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ ટ્રેઈન ગુરુવાર સુધી ડીસામાં રોકાશે. ત્યાર બાદ ભુજ જશે.પ્રથમ દિને ડીસામાં અંદાજે ૧૦ હજાર લોકોએ આ ટ્રેનનું નિદર્શન કર્યુ હતું.

## થરાદમાં બે ગામોમાં ...

પાના નં .૮ ચાલુ

સાથે વરસાદ પણ પડવાથી શહેરના કૃષ્ણનગર સોસાયટીમાં વિજળી પડવાના કારણે ડીપી બળવા પામી હતી.જેમાંથી ઓઈલ પણ નિકળવા પામ્યું હતું.જયારે આજુબાજુના દસથી વધારે બંધ દુકાનોના પંખા અને ટ્યુબલાઈટો બળવા પામી હોવાનું સામેજ મેઘરજ ઈલેકટ્રીકની દુકાન ધરાવતા મફતલાલ ત્રિવેદીએ જણાવ્યું હતું.જોકે વિજકંપનીએ ડીપી બદલ્યા બાદ વિજળી ચાલુ થવા પામી હતી.

જ્યારે તાલુકા પંચાયતના નાયબ ટીડીઓ ભીખાભાઈ ગુજોરે જણાવ્યું હતુંકે થરાદના સણાવીયા અને સણધરગામમાં પણ વિજળી પડવા પામી હોવાનું જણાવ્યું હતું.સણાવીયામાં વિજળી પડવાના કારણે લક્ષ્મણભાઈ નાનજીભાઈ રાજપુતની વાછરડી જ્યારે ઉકાભાઈ નાઈની ગાયનું તેમજ સણધરના કલાભાઈ સવાજી પટેલની વાછરડીનું મોત નિપજ્યું હતું.આ બનાવો અંગે તાલુકા પંચાયતને જાણ કરાતાં બંન્ને વાછરડીઓના પીએમ પણ કરાવવામાં આવ્યા હતા.જ્યારે મામલતદાર કચેરીના પુર અને નિયંત્રણ વિભાગના નાયબ મામલતદાર દિનેશભાઈ પંડ્યાએ ૧૫મીમી વરસાદ નોંધાવા પામ્યો હોવાનું જણાવ્યું હતું.

## ચિભડા ગામે ...

પાના નં .૮ ચાલુ

વરસાદમાં વીજળી પડી હતી જોકે મકાન ઉપર વીજળી પડતા ઘરમાં સુઈ રહેલ પરિવાર નો આબાદ બચાવ થયો હતો. જ્યારે બળદેવગીરી ગૌસ્વામી થોડા અંશે દાજી જતા જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. મકાન ઉપર કડાકા ભડાકા સાથે વીજળી પડતા મકાન માં ઠેર ઠેર તિરાડો પડી ગઈ હતી તો ઘરમાં લગાવેલ વીજ ઉપકરણોને પણ નુકસાન થયું હતું.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૫૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૫૦૦ |
| સોનુ તોલો | ૨૯૩૦૦-૨૯૭૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૨૦** |
| પામોલીન | ૮૮૫-૯૨૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૦૦-૧૫૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૧૨૦૦-૧૪૪૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૮૦૦૦-૧૦૦૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૧૦૦-૧૪૦૦ |
| ભીંડા | ૫૦૦-૭૦૦ |
| કોબી | ૨૮૦-૪૬૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

## પૈસાદાર પતિ...

અનુસંધાન ૫ નું ચાલુ

પત્નીઓ પરિસ્થિતિઓ સાથે સમજૂતી કરી લેતી હતી અને લગ્નમાં તેમની મરજી કે નામરજીનું કોઈ મહત્ત્વ નહોતું. એક સોફ્ટવેર કંપનીમાં કામ કરતો યુવાન અભિષેક કહે છે, ''કોઈ પણ યુવાન એવું ઈચ્છતો નથી કે માત્ર પૈસાની ઉણપને કારણે પત્ની તેને તિરસ્કારથી જુએ. મોટાભાગના યુવકો ભણતર પૂરું થતાં નોકરીની શોધમાં લાગી જાય છે, કારણ કે તેમને ખબર છે કે તેમને પસંદ નાપસંદ કરવાનું એક મોટું ધોરણ તેમની કમાણી પણ છે.'' ગણ્યાં ગાંઠયા વડીલો જ યુવકમાં રહેલી પ્રતિભા કે ગુણને જ મહત્ત્વ આપે છે. બીજાં બધાં તો એની પ્રતિભાની તુલના સંપત્તિ સાથે કરવાનું ચૂકતાં નથી અને છોકરીનું ભવિષ્ય સારૂં છે એમ વિચારી સાંત્વનં મેળવી લે છે. જો યુવક વ્યવસાય ન કરતો હોય તો એને નોકરીમાં આગળ વધવાની કેટલી સંભાવના છે. એની તપાસ કરવામાં આવ છે. પૈસાદાર યુવક હોય, તો દીકરી રાજ કરશે એ વિચારે વડીલો સંતોષ માની લે છે. આવી સ્થિતિમાં યુવક ભલે ઓછું ભણેલો હોય કે રૂપગુણમાં એમની દીકરીથી ઊતરતો હોય તો પણ તેઓ સંબંધ નક્કી કરી નાંખે છે.દીકરી રાજ કરશે એવાં શમણામાં રાચતા વડીલો એમની દીકરીનાં શમણાં વિશે વિચાર જ નથી કરતા. નવયુવતીના મનમાં પણ સપનાંનો રાજકુમાર સમાયેલો હોય છે. જે આકર્ષક, દેખાવડો અને રંગીલો હોય, પછી જ્યારે એને ખ્યાલ આવે છે કે એનો પતિ ન તો રંગીલો રાજકુમાર છે કે ન તો આકર્ષક, ત્યારે એનાં શમણાં ભાંગીને ભૂકો થઈ જાય છે. લગ્નના રંગીન દિવસો ઉદાસીનભર્યા બની જાય છે.હકીકતમાં માણસના અન્ય ગુણોનો પરિચય તો પછી જ થાય છે. પ્રથમ દ્રષ્ટિ તો એના ચહેરા પર જ પડે છે. સંપત્તિ ગમે તો છે, પણ સંપત્તિભર્યા ઘરની સ્વામિની બન્યા પછી આવી યુવતીઓ પોતાના પતિને અપનાવી નથી શકતી. ક્યારેક યુવતી મા - બાપને પણ પોતાની જિંદગી બરબાદ કરવા બદલ દોષિત ઠેરવે છે. યુવકો આમ પણ યુવતીઓની સરખામણીમાં ઓછા દેખાવડા હોય છે. જરૂર તો માત્ર મનમેળ સાધવાની અને પતિ પ્રત્યે માન અને પ્રેમ હોય એવા દષ્ટિકોણની છે.એવું કહેવાય છે કે જો કોઈના પ્રત્યે પ્રેમ હોય, તો એના અવગુણ પણ સદ્ગુણ લાગે છે. તો પછી એવો દષ્ટિકોણ કેમ ન અપનાવવો જેનાથી તમને ખુશી મળે અને તમે ગર્વથી પતિ સાથે હરોફરો? જો તમે પ્રશંસા કરશો, તો બીજું કોઈ તમારા પતિની નિંદા કરવાની હિંમત જ નહી કરી શકે.જીવનમાં સંપત્તિનું આગવું મહત્ત્વ છે એની ના નથી,પરંતુ અમુક મર્યાદા સુધી જ. પતિની પૈસાની સાથે એના સાધારણ દેખાવને અપનાવવામાં મુશ્કેલી નથી, સુમેળ સાધવાનો છે અને તે જ સંબંધ દ્રઢ બની શકે છે.

## શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

દીવાદાંડીથી ભ્રમનું તિમીર હટાવો, માતૃભાષા અને અંગ્રેજી શું પહેલાં શું પછી ? જેવા લેખો મુકીને ભૂમિકા બાંધી આપી છે તેથી તેને ક્રમમાં સમાવ્યા નથી પરંતુ તે પછી આ પ્રથમ ખંડમાં ૧૩ લેખો મળે છે. જે લેખકના મૌલિક લેખો હોવાનું અનુક્રમણિકામાં સ્પષ્ટ કર્યું છે. આ લેખોમાં શિક્ષણના ઉદેશની પરીપુર્તિ માતૃભાષા શિક્ષણ, માતૃભાષા જીવન સુધા, માતૃભાષાનું ઉપનિષદ, માતૃભાષાના ગૌરવમાં જ જીવનનું સાર્થકય કોઈ દેશ પારકી ભાષામાં વહીવટ કરતો નથી. માતાત્રયાનું ગૌરવ, માતૃત્વ અને માતૃભાષાનું વરદાન, માતૃભાષા અને શિક્ષણ, માતૃભાષા ગૌરવ દિન, માતૃભાષાની ગરીમા અને અંગ્રેજી આવડે એ જ હોંશિયાર.. સત્ય અને ભ્રમણા, અંગ્રેજીના વાયરાની લુ રાષ્ટ્રના સ્વાભિમાનને દઝાડશે અને પ્રત્યાપન સાધના જેવા લેખોમાં લેખકનું સ્વયં મૌલિક ચિંતન મળે છે તો સાથોસાથ ખંડ ૨ માં કેટલાક સારસ્વતો અને ભાષાવિદોના મહત્વપૂર્ણ લેખોનું સંકલન પણ મુખ્ય સરસ રીતે ખુબીપુર્વક લેખકે મુકી આપ્યું છે. તેના કુલ ૨૪ લેખો છે.અહીં આપણને વિનોબા ભાવે, ડૉ. રજનીકાંત જોશી, ડૉ.યોગેન્દ્ર વ્યાસ, ગુણવંત છો. શાહ, કમલ લાલાણી,ડૉ.કૃષ્ણકુમાર મહેતા, દિનેશ પ્રજાપતી, મદનકુમાર અંજારીયાખ્વાબ, રતીલાલ બોરીસાગર, મહેશદવે, ડૉ.કૌશિક મહેતા, ગૌરાંગ વૈદ્ય, તુષાર શુકલ,સુપાર્શ્વ મહેતા,દીપક સોતીયા, સુમન શાહ, દિનેશ પટેલ, રમેશ તન્ના, હિંમતલાલ મહેતા જેવા અનેક સમાજસેવીઓ, ચિંતકો, બૌધ્ધિકોના લેખો મળે છે. ઉપરાંત છેલ્લે લેખકે માધ્યમ પસંદગીની માર્ગદર્શિકા પણ મુકી છે.જે પુસ્તકોની યાદી જોતાં ખુબ જ ઉપયોગી થાય તેમ છે. આ સિવાય પુસ્તકમાં લેખો પુરા થતા હોય ત્યાં ખુબ જ જાણીતા વિદ્વાનોનો વિચાર કંડીકાઓ પણ મુકવામાં આવી છે. જેમાં આપણને ડૉ.કુમારપાળ દેસાઈ, ડૉ.ઉર્મીલા શાહ, ભોળાભાઈ પટેલ, ડૉ.વેદપ્રતાપ વૈદિક, ગાંધીજી, ચંદ્રકાંતબક્ષી, પ્રો. યશપાલ કપુર, જૈન મુનિ ઉદયવલ્લભ વિજયજી, મોરારજી દેસાઈ, પ્રખ્યાત વિજ્ઞાની ડૉ. રઘુનાથ માશેલકર, સુરેશ દલાલ, ફાધર વાલેસ, રમેશ આચાર્ય, કેશુભાઈ દેસાઈના વિચારો ખુબ જ ઓછા શબ્દોમાં છતાં પ્રભાવક રીતે પ્રસ્તુત થયા છે. લેખકે આ પુસ્તક સૌ ભાષાપ્રેમીઓને અર્પણ કર્યું છે.

વર્ષો પછી ગુજરાતમાં ફરી પાછા આવેલા ફાધર વાલેસ તો એમ કહે છે કે બીજાનું અપનાવો પણ પોતાનું શા માટે છોડી દો છો ? ગુજરાતમાં આવી મેં સ્પેનીશ કે અંગ્રેજીભાષાનો ત્યાગ કર્યો નથી. તેની ઉપરથી જુઓ કે મારૂં જીવન કેવું સમૃદ્ધ બન્યું છે. હું પચાસ ટકા સ્પેનીશ અને પચાસ ટકા ગુજરાતી એ પ્રકારના ઓળખમાં માનતો નથી. અહીં હું સો ટકા ગુજરાતી છું અને સ્પેનમાં સો ટકા સ્પેનીશ.હીરાના અનેક પાસાં હોય છે પણ એક સમયે હીરાનું એક જ પાસું, આપણી સામે હોય છે. જેટલાં પાસાં વધારે એટલો હીરો વધારે કિંમતી.

માતૃભાષાના મહત્વને ઉજાગર કરતું આ પુસ્તક ખુબ સરસ રીતે બધાં પાસાંને સ્પર્શે છે અને તેની વિષદ સમજ ઉભી કરે છે. અહીં ડૉ.કુમારપાળ દેસાઈએ તો એવું પણ લખ્યું છે કે માતૃભાષાથી જેમ જેમ દુર જતા જઈશું તેમ તેમ સર્જનાત્મકતા ઝાંખી પડતી જશે. આ અંગેથયેલાં સંશોધનોમાંથી એ તારણ પ્રગટ થયું છે કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે અને તેમાં વિશેષ કામગીરી કરે છે તેઓ વધારે અનુકરણાત્મક બની જાય છે અને ઓછી સંશોધનાત્મક રહે છે.

માની બોલી સૌથી વહાલીના લેખક હર્ષદ પ્રા.શાહનું શૈક્ષણિક વિચારધારાનાં પુસ્તકો લખવામાં મહત્વનું પ્રદાન રહ્યું છે.ચિલ્ડ્રન્સ યુની.ના કુલપતિ તરીકે રહી ચુકેલા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના ૨૦૦૬ સુધી અધ્યક્ષ રહેલા લેખકે વાંચે ગુજરાતનું દાયીત્વ પણ સંભાળ્યું હતું. જેના કારણે અનેક ક્ષેત્રોનાો અભ્યાસ અને કાર્ય કરવાની સાથે તેમણે ચિંતનાત્મક, શૈક્ષણિક, ઐતિહાસિક, ચરિત્રલેખન જેવા વિષયો ઉપર પુસ્તકો આપ્યાં છે. હાલમાં તેઓ બારડોલી ખાતે નિવાસ કરે છે. અને વ્યવસાય ક્ષેત્રે કાર્યરત છે.

આ પુસ્તકના લેખન અને સંકલન હર્ષદ પ્ર.શાહ કિં.રૂા.૨૦૦ પ્રથમ આવૃત્તિ ૨૦૧૪ પ્રકાશક નવભારત સાહીત્ય મંદિર, અમદાવાદ

- નટવર હેડાઉ

## આગ ભીતર ભીતરની..

અનુસંધાન ૫ નું ચાલુ

આનંદ આવ્યો, વરસાદ ધીમો પડયો..કંઈક આશા બંધાઈ.. જો કે હજુ આવતો હતો તો ખરો પણ પલળી જવાય એવો જ..

છોકરીઓ સાચે જ સુઈ ગઈ.. ધીમેથી એમના માથા ખસેડી નીચે સુવાડી બહાર આવી. વરસાદ હજુય ધીમો થતો ગયો. જોકે પાણી ભરાયા હતા. રોકાશે એટલે જઈશ એવી એક કલ્પના કરતાં થાંભલે ઉભી રહી.

ત્યાં તો મારા ઘરના બારણે સફેદ મારૂતિ આવીને ઉભી અને ખબર પડી ગઈ સફેદ મારૂતિ એટલે અર્પિતાબેનની.

પૈસા આપવા મને જાણે ઈશ્વર મળી ગયા હોય એવું લાગ્યું. બારણું ખુલ્યું. જશુ.. એમણે કહ્યું. પછી એકદમ સીધાં પલળતાં મારા ઘરમાં આવી ગયાં. પૈસા ધર્યા..હું આભાર વશ બની એમની સામે જોઈ રહી.. એમણે કહ્યું ગભરાઈશ નહીં જશુ.. મારી સાથે ચલ.. હું તને બધું અપાવું છું.

## રૂપના રખોપા....

અનુસંધાન ૫ નું ચાલુ

ક્લીન કરવી જોઈએ. આ ભાગમાં બાથિંગ સ્ટોન કે સ્ક્રબરનો ઉપયોગ ન કરવો અન્યથા પગમાં કાપા પડવાથી ઊલટાનું ઈન્ફેક્શનને આમંત્રણ પહોંચી શકે છે. પગના દરેક ભાગને સાફ કર્યા બાદ ત્વચાની કુમાશ જાળવી રાખવા મોઈશ્ચરાઈઝર તથા ભેજની ઝડપથી અસર ન થાય તેમ જ ફંગલ ન જામે એટલે એન્ટિફંગલ ટેલ્કમ પાઉડર લગાડવો જ જોઈએ. પગની આંગળીઓ વચ્ચે ક્રીમ લગાડવાનું એવોઈડ કરવું. વરસાદમાં દરેકે દરેક સ્ત્રી-પુરૂષો ઘરે પહોંચ્યા પછી પગની સ્વચ્છતા માટે આટલો સમય ફાળવવો જોઈએ.

બીજો મહત્વનો મુદ્દો છે કે તમે ચોમાસામાં શક્ય હોય ત્યાં સુધી પગને સૂકા રાખો. સ્વાભાવિક છે કે તમે ઈચ્છો તો પણ મુશળધાર વરસાદમાં પગને ભીના થતાં રોકી ન શકો, પરંતુ જેવા ઘરે કે ઓફિસે પહોંચો એવા જ પગને કોરા કરીને ભીના શૂઝ સુકાય ત્યાં સુધી બીજા ચંપલ પહેરવાનું પસંદ કરો. એ માટે ઓફિસમાં વધારાના સ્લિપર્સ કે સેન્ડલની જોડ રાખી શકાય. કમ સે કમ ભીના મોજાં તો ન જ પહેરો. આટલું ધ્યાન રાખવાથી પગની ત્વચા પર ચોમાસામાં દેખાતા લાલ પેચિસ, ત્વચાનું ફૂલી જવું અને ખાસ તો ગંદી દુર્ગંધથી બચી શકાશે. ચોમાસમાં પગની સાથે તમારા પગના નખની પણ વિશેષ કાળજી રખાય એ જરૂરી છે. ધારો કે પગના નખનો રંગ સફેદ કે પીળાશ પડતો થઈ ગયો હોય અને નખ બટકણા થયા હોય તો એ ફંગલ ઈન્ફેક્શનના લક્ષણો હોઈ શકે છે. એટલે જ નખ નિયમિત ધોરણે કાપતા રહેવા અને એની સ્વચ્છતા પર પણ ધ્યાન આપવું એ જરૂરી તત્વ છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### હેપ્પી બર્થ-ડે સુરેશકુમાર



પિતા - ચેલાભાઈ માતા - વર્ષાબેન
દાદા - અંબારામભાઈ દાદી - રુખીબેન
ફોઈ - જબીબેન, સીતાબેન
મોટાબાપા - જયચંદભાઈ, લીલાભાઈ , મહાદેવભાઈ
મોટી મમ્મી - પ્રભાબેન, જોસનાબેન, મંજુબેન
મામા - નટવરભાઈ, ભરતભાઈ
જન્મ તારીખ - ૨૩/૮/૨૦૧૬
મંગળવાર
મુ.પોસ્ટ -આસોદર, તા.થરાદ, જિલ્લો . બનાસકાંઠા

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : .....................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ...............................................

# રાધનપુર તાલુકાના નાનાપુરામાં ઠાકોર સેના દ્વારા સર્વે કરાયું



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના નાનાપુરા ગામે કડી તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના ટીમ પહોંચી હતી અને પૂર પીડિતોનું સર્વે કરી ફોર્મ ભરીને સહાયમાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ૫૦૦ જેટલી કીટ અને ૫૦૦ મણ ઘઉં, ચોખા અને બાજરીના કટ્ટાનું વિતરણ કરાયું હતું.આ પ્રસંગે પ્રદેશ કાર્યાલય મંત્રી ભરતજી ઠાકોર, મનોજજી ઠાકોર, કડી તાલુકા પ્રમુખ હસમુખજી ઠાકોર, રાજેશજી નટુજી તથા પાટણ જિલ્લા સંગઠન મંત્રી શૈલેશજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

# ચાડા ગામના યુવકે સગીરા પર દુષ્કર્મ આચરતા પોલીસમાં રાવ

મહેસાણા

ખેરાલુના ચારા ગામની યુવતીને ગામનાજ એક ઈસમે લગ્નની લાલચ આપી પાંચ દિવસ અગાઉ ભગાડી જઈને તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ ગુજારતાં ચકચાર મચી છે.જેની ખેરાલુ પોલીસ મથકે ફરીયાદ નોંધાવામાં આવી છે. જાણવા મુજબ ચાડા ગામની સગીરાને ગામનોજ ઈસમ તા.૧૨-૮-૨૦૧૭ ના રોજ વહેલી સવારે બાઈક લઈ આવી તેની પર બેસાડી કડી ખાતે લઈ ગયો હતો.જ્યાં એક મકાનમાં લગ્નની લાલચે તા.૧૨/૦૮/૨૦૧૭ થી ૧૬/૦૮/૨૦૧૭ સુધી ગોંધી રાખી ચાર દિવસ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતો રહ્યો હતો.અને આ બાબતની કોઈને જાણ કરી છે તો જાનથી મારી નાંખવાની ધમકી આપતાં યુવતીએ ખેરાલુ પોલીસ મથકે ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે.

# રાધનપુર- સાંતલપુરમાં સહાય ચુકવવા જિલ્લા કલેક્ટરને રજુઆત

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર- સાંતલપુર તાલુકાઓમાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકશાન થવા પામ્યું છે. સરકાર દ્વારા અપાતી ઘરવખરી, કેશડૉલ્સ સહાય લોકોને પૂરતા પ્રમાણમાં મળી નથી. પશુ મૃત્યુમાં પણ ભારે અન્યાય થયો છે. પશુઓના પી.એમ. કરેલા કેસો પણ પેન્ડીંગ પડેલા છે. તેવા ફોર્મ તાલુકા લેવલે રખાયા છે. ઉપર સુધી મોકલાયા નથી. જિલ્લા કક્ષાએ આ કામગીરી થાય તેવી જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડે જિલ્લા કલેક્ટરને રજુઆત કરી છે.

# રાધનપુરમાં સ્વ. હિંમતલાલ મુલાણીની પૂણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.હિંમતલાલ મુલાણીની ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.રોટરી ક્લબ અને ભણસાલી ટ્રસ્ટના સહયોગથી યોજાયેલ આ રક્તદાન કેમ્પમાં ૫૬ બોટલ લોહી એકત્ર થયું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ધીરૂભાઈ ઠક્કર, ડૉ.નવિનભાઈ ઠક્કર, પ્રિન્સીપાલ ડૉ.સી.એમ. ઠક્કર, કાંતિભાઈ નાઈ, ડૉ.પ્રવિણભાઈ ઓઝા સહિતે ઉપસ્થિત રહીને પ્રોત્સાહન આપ્યું હતું.

# જાદર ખાતે નવજીવન કુમાર છાત્રાલયનું ખાતમુહૂર્ત કરાયું

ઈડર

ઈડરના જાદર ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાના હસ્તે નવજીવન કુમાર છાત્રાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ શિક્ષણની અનેકવિધ યોજનાની વિગતો આપી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કારકિર્દીની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે તેજસ્વી તારલાઓનું સન્માન અધ્યક્ષશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાદરના સરપંચ શ્રીમતી સોનલબેન વણકર, ઈસરવાડાના સરપંચ શ્રીમતી પુષ્પાબેન સોલંકી સહિત અનુસૂચિત જાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **લાખણી** | | મગફળી | ૫૦૦-૮૫૧ | એરંડા | ૮૭૦-૯૧૬ |
| એરંડા | ૮૭૫-૯૦૨ | રાજગરો | ૭૭૦-૮૩૮ | ઘઉં | ૩૧૪-૩૫૧ |
| રાયડો | ૬૪૦-૬૭૦ | **વડગામ** | | જુવાર | ૩૮૦-૫૮૦ |
| બાજરી | ૨૨૧-૨૫૭ | ઘઉં | ૩૧૧ | બાજરી | ૨૩૫-૨૭૦ |
| ચીકુડી | ૮૪૩-૮૪૫ | બાજરી | ૨૨૨-૨૫૫ | ગવાર | ૭૨૦-૭૪૬ |
| ગવાર | ૭૨૪-૭૨૬ | એરંડા | ૮૯૬-૮૯૭ | **સિદ્ધપુર** | |
| રજ.બા. | ૨૬૦ | ગવાર | ૭૩૬-૭૬૧ | રાયડો | ૬૫૧-૬૭૭ |
| **પાલનપુર** | | **પાટણ** | | એરંડા | ૮૭૦-૯૧૮ |
| ઘઉં | ૩૧૧-૩૫૫ | જીરૂ | ૨૫૦૦-૩૫૦૧ | ગવાર | ૭૦૦-૭૨૯ |
| જુવાર | ૭૦૦-૭૯૧ | વરીયાળી | ૭૮૦-૮૯૦ | ઘઉં | ૩૦૮-૩૬૬ |
| બાજરી | ૧૯૦-૨૬૦ | મેથી | ૪૮૫ | બાજરી | ૧૯૦-૨૭૬ |
| એરંડા | ૮૮૦-૯૧૫ | સુવા | ૭૫૦-૯૮૦ | જુવાર | ૬૨૩-૮૦૦ |
| રાયડો | ૬૫૫-૬૬૦ | રાયડો | ૬૨૫-૬૮૦ | | |

# પાટણ જિલ્લામાં પર્યુષણના તહેવાર દરમ્યાન કતલખાના બંધ રાખવા જાહેરનામું

પાટણ

પાટણ જિલ્લામાં તા. ૧૮/૦૮/૨૦૧૭ થી તા. ૨૫/૦૮/૨૦૧૭ સુધી પર્યુષણના તહેવાર દરમ્યાન કતલખાનાની

બહાર કે ખાનગી સ્થળે જયાં જોઇ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડાં, બકરાં વિગેરે કોઈપણ પશુનું કતલ કરવું નહીં તેમજ માંસ, મટન, ઈંડા, આલેટનું જાહેરમાં વેચાણ કરવું નહીં અથવા આ વિસ્તારની હદની અંદર કોઇ શેરી, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય પશુનું કતલ કરવું નહીં તથા પરવાનેદાર મટનનો ધંધો કરતા બૃચર્સ તથા દુકાનો બંધ રાખવા અને આ તહેવાર દરમ્યાન જૈન સમાજ તરફથી લાગણીઓ ન દુભાય તે અર્થે હિંસા અટકાવવા કતલખાના બંધ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.જી.પ્રજાપતિએ એક જાહેરનામામાં જણાવ્યું છે.

# મહેસાણાના લાખવડ ગામની સીમમાં શખ્સને મારમારી લુંટી લીધો

મહેસાણા

મહેસાણાના લાખવડ મેઘા આલીયાસણા રોડ પર લાખવડ ગામની સીમમાં એક ઈસમને રોકી મારમારી રૂા.૨૭ હજારની રોકડ તેમજ સોનાના દોરાની લૂંટ ચલાવતા મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ઠાકોર લક્ષ્મણજી અજાજી(રહે.ગજાનંદ સોસાયટી બંગલોઝ) તા.૧૮/૮/૨૦૧૭ ના રોજ બપોરના ૧૧:૩૦ કલાકે લાખવડથી મેઘા-આલીયાસણા રોડ પરતી લાખવડ ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તે દરમ્યાન રાવલ જીવરાજ ઉર્ફે ટીનો તથા બીજા ચાર ઈસમોએ મળી લક્ષ્મણજીને રોકી પાછળથી માર માર્યો હતો. તેમજ પેન્ટના ગજવામાંથી રૂા.૨૭૦૦૦ અને ગળામાં પહેરેલ સોનાનો દોરો એક તોલાનો (કિ.રૂા. ૨૪૦૦૦) ની લૂંટ ચલાવી નાસી ગયા હતા.આ બાબતે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવામાં આવતાં પી.આઈ.ગોહીલે તપાસ હાથ ધરી છે.

# રાધનપુર-સાંતલપુર તાલુકાની શાળાઓમાં કલામહોત્સવ યોજાયો

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર-સાંલતપુર તાલુકાની શાળાઓનો કલામહોત્સવ રાધનપુરની મોડેલ સ્કૂલમાં યોજાઈ ગયો જેમાં બંને તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને પાટણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત આ કાર્યક્રમ આદિવાસી નૃત્યમાં રાધનપુર તાલુકાની સુરકા શાળાના વિદ્યાર્થીઓ તાલુકામાં પ્રથમ રહ્યા હતાં.જ્યારે વ્યક્તિગત વિભાગમાં લોકગીત ગાયનમાં હરેશ માનસિંગભાઈ સોલંકી પ્રથમ રહ્યા હતા.શાળાના શિક્ષક રઘુભાઈ એસ.રબારીએ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી વિરેન્દ્રભાઈ પટેલ, ગણેશભાઈ ચૌધરી, અરવિંદભાઈ ઓઝા, દશરથભાઈ પ્રજાપતિ, દશરથભાઈ ચૌહાણ ઉપરાંત નિર્ણાયકો તરીકે ભાવનાબેન દેસાઈ, સોનલબેન દેસાઈ, મમતાબેન દેસાઈ અને જગદિશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુર કોલેજના વિદ્યાર્થીઓની દ્દષ્ટિએ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં શ્રી અમરજ્યોત ટ્રસ્ટ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં શિક્ષણની સાથે- સાથે સહઅભ્યાસની પ્રવૃત્તિઓ પ્રિન્સિપાલ ડૉ.સી.એમ. ઠક્કરના માર્ગદર્શનથી થઈ રહી છે. આવા જ એક કાર્યક્રમમાં ડૉ.ભરતભાઈ કાનાબારે વકતૃત્વ સ્પર્ધામાં વિષય વસ્તુના કન્ટેન અને વાકછટાના પ્રેઝન્ટેશનથી સામાન્ય માણસથી લઈને વિશિષ્ઠ લોકો કેવી રીતે પ્રભાવિત થાય છે તે દર્શાવી વકતૃત્વના નીતિ- નિયમોની ચર્ચા કરી હતી. આ સ્પર્ધામાં ભારતના ભવિષ્ય વિશે અનેક વિદ્યાર્થીઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. જેમાં ભારતની સુરક્ષા, કાશ્મીરનો મુદ્દો, દેશનો આર્થિક વિકાસ, નવી ટેકનોલોજીનો ઉપયોગ, દુનિયામાં ભારતનો વધતો જતો પ્રભાવ જેવી બાબતો ઉપર પ્રકાશ પાડીને ભારતના ભવિષ્યને ખૂબ જ ઉજ્જવળ દર્શાવી ભારત મહાસત્તા બનશે તેવા વિચારો પ્રગટ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને પલક પ્રજાપતિ, બીજા સ્થાને આતિ-કા વોરા અને ત્રીજા સ્થાને અરવિંદ રબારી વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ.ભરત કાનાબાર, ડૉ.ચિરાગભાઈ રાવલ અને ડૉ.કુસુમબેન અખાણીએ જવાબદારી નિભાવી હતી.

# પાયોનિયર સ્કુલ પાટણ દ્વારા પૂરપિડીતો માટે રાહત નિધિ ફંડમાં રૂા. ૩૧૧૧૧ અર્પણ

પાટણ

પાટણ સ્થિત કે.સી.પટેલ વિદ્યાસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કુલ દ્વારા ગત મંગળવારે પાટણ-બનાસકાંઠા પૂર પીડિતો માટે મુખ્યમંત્રી રાહત નીધિ ફંડમાં ૩૧૧૧૧/- રૂા. ની વિદ્યાર્થીઓ દ્વારા નિધિ અર્પણ કરવામાં આવી.

તાજેતરમાં જ ગુજરાતમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાતા અનેક ગામડાઓ પૂરગ્રસ્ત બન્યા હતા. જેમા પુષ્કળ જાન- માલ અને ખેત ધોવાણનું નુકસાનનો ભોગ હજારો પરિવારો બન્યા હતા. જેમાં સરકારી વહીવટી તંત્ર, સામાજિક, અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના સેવાકામો થકી પૂર પીડીતોની સહાય કરવામાં આવી હતી. ઉપરંત ગુજરાત રાજયના મુખ્યમંત્રી તથા અનેક પદાધિકારી રાત દિવસ ખડેપગે હાજર રહી આ આપત્તિમાંથી ભોગ બનનારને બહાર લાવવાનો પ્રયત્ન કર્યો હતો. અને રાજયના મુખ્યમંત્રીના આહવાનને ધ્યાનમાં રાખી પાટણ સ્થિત કે.સી.પટેલ વિદ્યાસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કુલના વિદ્યાર્થીઓ પોતાની વ્યક્તિગત બચતમાંથી નાની નાની રકમ જમા કરી રૂા. ૩૧૧૧૧/- (અંકે રૂપિયા એકત્રીસ હજાર એકસો અગિયાર પુરા) રકમ એકત્ર કરી પાટણના મામલતદાર અશોકભાઈ સિરાસીયાને હસ્તે ચેક અર્પણ કરી સામાજીક ૠણ અદા કરવાનો નાનકડો પ્રયાસ કર્યો હતો. આ નિધિ અર્પણ વિધિ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી વિવેકભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને મામલતદારે આ પ્રસંગે જણાવ્યુ કે તમારા જેવા નાનકડા વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રકારનો સામાજીક બંધુતાનો સંદેશ પ્રેરણાદાયી છે અને સમાજની તકલીફ વખતે સમાજની સાથે તન- મન- ધન અર્પણ કરવાની ભાવનાથી જ દેશ મજબુત બને છે. આ પ્રેરણાદાયી પ્રયત્ન માટે ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પ્રિન્સીપાલ દિપ્તીબેન દવે તથા વા.પ્રિ. અરૂણાબેન પટેલ અને સ્ટાફમિત્રોએ સફળતાપૂર્વક કર્યું હતું.

# રાધનપુર કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

રાધનપુર

તા. ૨૧/૮/૧૭ ના રોજ શ્રી અમરજયોત એજયુકેશન સંચાલિત ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકુલ કોમર્સ કોલેજ રાધનપુર ખાતે જાણીતા સર્જક કનુભાઈ આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં એક ધ્યેય નક્કી કરવા ધ્યાન વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ પ્રિ.ડૉ.સી.એમ. ઠક્કરે વ્યાખ્યાનનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે આજનો વિદ્યાર્થી વર્તમાન સમયમાં પોતાના ધ્યેયથી ભટકતો થયો છે. જે સંદર્ભે આવા વ્યાખ્યાનો યોજી વિદ્યાર્થીના વ્યક્તિત્વનો વિકાસ થાય તે હેતુથી વ્યાખ્યાનો યોજવામાં આવે છે. ગુજરાતી વિભાગના અધ્યક્ષી ડૉ. વિમલેશ ખમારે કાર્યક્રમનું સંચાલન કરેલ. કાર્યક્રમમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈએ હાજરી આપેલ, વારાહીના સંગીતપ્રિય નટુભાઈ ઠક્કરે પ્રાર્થના રજુ કરેલ. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ હાજરી આપેલ.

# રાધનપુરના કોંગી આગેવાનોએ અહેમદ પટેલનો જન્મદિન મનાવ્યો

પ્રતિનિધિ રાધનપુર

ગુજરાતમાં રાજયસભાની બેઠક ઉપર વિજય મેળવનાર અહેમદ પટેલ રાતો રાત સ્ટાર બની ગયા છે.તા.૨૧ ઓગસ્ટે તેમનો જન્મદિન હોવાથી સમગ્ર દેશમાંથી કોંગી કાર્યકરો અભિનંદન આપવા દિલ્હી ઉમટ્યા હતા.રાધનપુરના પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી શહેર, શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, રમેશભાઈ દેસાઈ, કેશાજી ઠાકોર સહિત આગેવાનો પણ દિલ્હી પહોંચ્યા હતા અને




સાંસદ અહેમદ પટેલને શુભેચ્છાઓ પાઠવીને મીઠાઈથી મોં મીઠું કરાવ્યું હતું.અહેમદ પટેલ પણ સૌનો આભાર માન્યો હતો.

# ઉંઝામાં પરિણીતા પર ત્રાસ ગુજારનાર સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ

ઉંઝા

ઉંઝમાં ઠાકોર યુગલના પરણ્યા પછી બે બાળકો થયા બાદ પતિને પત્નિ ગમતી ન હોવાથી રાખવી નથી તેવું કહી ઘરમાંથી નિકળી જવા દબાણ કરી વારંવાર ઢોરમાર મારતાં ત્રાસી ઉઠેલ પત્નિએ ન્યાય માટે પતિ, સાસુ અને સસરા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં સાસરિયા વિરૂધ્ધ ગુનો દાખલ કરી ત્રણેયની ધરપ-કડ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉંઝાના બહારમાઢ વિસ્તારમાં કાળકા માતાના મંદિર પાસે સાસરીમાં રહેતી ઠાકોર ટીનાબેન ઉર્ફે યશોદાબેને પોલીસમાં ફરીયાદ આપી છે કે લગ્ન કર્યા બાદ બે બાળકો થયા પછી હવે તે તેના પતિને ગમતી નથી અને તું તારા મારા ઘરમાંથી જતી રહે તેવું કહી અવારનવાર માર મારવામાં આવતો, પરંતુ લગ્ન સંસાર તૂટે નહી તે હેતુથી મુંગા મોંએ ત્રાસ સહન કરતી હતી.પરંતુ ગત શનિવારે સાસુ સસરાની ચઢામણીથી તેણીના પતિએ ધોકાથી માર મારતા ત્રાસી ઉઠેલી પત્નીએ પતિ રાકેશ ઠાકોર, સસરા કરસનજી પુંજાજી અને સાસુ જડીબેન કરસનજી વિરૂધ્ધ ઉંઝા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# રાધનપુરમાં માટીના શિવજીની ત્રીસ દિવસ પૂજા કરાઈ

પ્રતિનિધી રાધનપુર

રાધનપુર શહેરમાં શ્રાવણ માસમાં શિવજીની ઉપાસના કરીને માટીના શિવજી અને પાર્થિવ તેમજ પોઠીયો અને કાચબો બનાવી ત્રીસ દિવસ સુધી માટીમાં શ્લોક સાથે ગંગાજળ, સરસવ, તેલ, ઘી , દૂધ અને ચોખાના અભિષેક સાથે હ્રદયપૂર્વક પૂજા અર્ચના કરવામાં આવી હતી. ઠક્કર જ્યોત્સનાબેન પ્રવિણકુમાર અને તેમની દિકરી ગીતુ પ્રવિણકુમાર ઠક્કર (જાડેજા) એ પોતાના નિવાસ સ્થાને છેલ્લા વીસ વર્ષથી આ જ રીતે ભગવાન શિવજીની દિલથી આરાધના કરે છે. માટીના નાના શિવજી અને ૩૧ પાર્થિશ્વર બનાવી પુજા- અર્ચના કરવામાં આવે છે. મધ, સાકર,



રૂદ્રાક્ષ અને બિલીપત્ર પણ ચડાવવામાં આવે છે. પૂજા દરમ્યાન ભગવાનને અત્તર છાંટીને સમગ્ર વાતાવરણને સુગંધીદાર બનાવવામાં આવે છે. અમાસની રાત્રે એટલે શ્રાવણ માસની છેલ્લી રાત્રે બરફના શિવલીંગનું નિર્માણ કરીને પૂજા-અર્ચના કરવામાં આવે છે. ત્યારબાદ ભક્તોની ઉપસ્થિતિમાં વિસર્જનનાં શ્લોકોની રમઝટ જમાવી જયકાર સાથે નદીના પધરામણી કરવામાં આવે છે.

# પાટણ જિલ્લા ખાતે જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ-૨૦૧૭ યોજાયો





પાટણ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રંગભવન ખાતે કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા આયોજીત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા સંચાલિત જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ-૨૦૧૭ને જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ અને નાયબ પોલીસ અધિક્ષક શ્રીમતી ચેતનાબેન ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.જી.પટેલએ દિપ પ્રાગટય કરી ખુલ્લો મુક્યો હતો. આ કલા મહાકુંભમાં ચાણસ્મા, સિધ્ધપુર, સાંતલપુર, શંખેશ્વર, રાધનપુર, પાટણ, સરસ્વતી તાલુકાના બાળકોએ દરેક તાલુકાની એક કૃતિ રજુ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, સાચી કલા એટલે અભાવમાં નહીં પણ ભાવમાં પ્રગટે છે. સાચી કલા કલાકાર પોતાની કલા દ્વારા આનંદની અનુભૂતી કરાવે છે. કલા એટલે સાધક અને સાધ્યના એકત્વને પોંખવાનો અવસર છે. જીવાતા જીવનમાંથી પ્રગટે તે કલા. આવી કલાને અભિવ્યક્ત કરતા કલાકારોનું કલા મહાકુંભથી કલાકારો ગૌરવાન્તીત થવાનો અનુભવ કરશે. આવા વરસાદમાં પણ કલાકારો મહેનત કરી જિલ્લા લેવલે પોતાની કૃતિ રજુ કરી રહયા છે તે બદલ તેમને ધન્યવાદ આપ્યા હતા. દરેક કલાકારે જીતના જશ્ન સાથે આગળ વધવું જોઈએ. રાજયકક્ષાએ નામ રોશન કરો તેવી શુભકામના પાઠવી હતી.

વધુમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ચોમાસાની ૠતુમાં રોગ થવાની સંભાવના વધારે હોવાથી નાની બાબતોની કાળજી રાખી રોગનો ફેલાવો અટકાવી દરરોજ તુલસી, અરડુસીનું સેવન કરવું. જેથી તંદુરસ્તી સારી રહેશે તો રાજયકક્ષાએ સારો દેખાવ થઇ શકશે.

રમત ગમત અધિકારીશ્રી વિરેન્દ્ર પટેલે સ્વાગત પ્રવચન કરતાં કલા મહાકુંભ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જે.જી.પંડયા, શ્રી જીવણભાઇ આહીર, શ્રી મગનભાઇ દેસાઇ, કલાકાર નિર્ણાયકો અને કલાકાર ભાઇ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

# માલગઢ મોટી ઢાણીમાં બે ઘરો ઉપર વિજળી ત્રાટકી

**ઘરોમાં મોટી તિરાડો પડવા સાથે ઈલેક્ટ્રીક ઉપકરણો બળી ગયા**


ભરત સુંદેશા, દિપક સુંદેશા

પ્રતિનિધિ માલગઢ

બનાસકાંઠા જિલ્લામાં ગત મહીને અતિભારે વરસાદ ખાબક્યો હતો. જેના કારણે વ્યાપક ખુવારી સર્જાઈ હતી. ત્યારે ભયંકર ઉકળાટ અને બફારા વચ્ચે હવામાન વિભાગે ફરી ભારે વરસાદની આગાહી કરી હતી.જેથી બનાસવાસીઓમાં ઉચાટ વર્તાતો હતો ત્યારે ગઈકાલે બપોરના સુમારે અચાનક આકાશમાં કાળા ભમ્મર વાદળા છવાયા હતા.જેથી આકાશમાં ભારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.જેમાં ડીસા નજીકના માલગઢ મોટી ઢાંણી ગામે છગનજી પુનમાજી સુંદેશા અને તેમના બાજુમાં રહેતા દિનેશગીરી કાળુગીરી મહારાજના ઘરમાં ભારે ગર્જના સાથે વિજળી ત્રાટકી હતી.જેથી બંને ઘરોમાં મોટી તિરાડો પડી ગઈ હતી.જ્યારે ઘરમાં રહેલ પંખા, ફ્રીજ, ટીવી સહિતના ઉપકરણો બળી ગયા હતા.તેમજ દિનેશગીરી મહારાજના ઘર આગળ ઉભેલું લીલુ વૃક્ષ પણ બળી ગયું હતું. સદનસીબે પશુઓ તેમજ પરિવારજનોનો બચાવ થયો હતો. વિજળી પડ્યાના સમાચાર વાયુવેગે પંથકમાં પ્રસરી ઉઠતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા.મોંઘવારી વચ્ચે વિજળી વેરણ બનતા ઘરોમાં નુકશાનથી પરિવારજનોની હાલત કફોડી બની જવા પામી છે.

## થરાદમાં બે ગામોમાં વિજળી પડતાં ત્રણ ગાયનાં મોત : વિજડીપી સળગી


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ પંથકમાં સોમવારની રાત્રે સર્જાયેલા વિજળીના કડાકા અને ભડકા સાથેના કુદરતના રૌદ્ર સ્વરૂપથી ભલભલા ભડવીરના છાતીનાં પાટીયાં થરથરી ઉઠ્યાં હતાં.નગરના આધેડોએ તેમની જીંદગીમાં આવો માહોલ પહેલી વખત જોયાનું જણાવ્યું હતું. થરાદના સણાવીયા અને સણધર ગામમાં વિજળી પડવાના કારણે બે વાછરડી સહિત ત્રણ ગાયોનાં મોત નિપજ્યાં હતાં.

બનાસકાંઠાના સરહદી થરાદ પંથકમાં સોમવારની રાત્રે વિજળીના કડાકા અને ભડાકા સાથેનું કુદરતનું રૌદ્ર રૂપ પ્રજાજાનોએ થરથર ધ્રુજતા ધ્રુજતાં નિહાળ્યું હતું. હદયના ધબકારા ચુકી જવાય એવા વિજળીના કડકાના કારણે મકાનોનાં બારીબારણાં અને દિવાલો પણ ધણધણી ઉઠી હતી. નગર અને પંથકના પચ્ચાસ વર્ષના નાગરીકોએ આવો માહોલ તેમની ઉમરમાં પ્રથમ વખત જોયો હોવાનું જણાવ્યું હતું. તમાંય વિજપુરવઠો ડુલ થવાના કારણે અબાલવૃધ્ધો જાગી જતાં તમામે ફફડતા હૈયે રાત્રી ગુજારી હતી. કડાકા અનુસંધાન પાના નં.૬

## જગાણા પાસે વીજળી પડતા બે ગાયના મોત



પાલનપુર

પાલનપુર પંથકમાં ગતરાત્રે વીજળીના કડાકા વચ્ચે વરસાદ થયો હતી. ત્યારે જગાણા પાસે એક ખેડૂતના ખેતરમાં ગત રાત્રે વીજળી પડતા બે ગાયો ના મોત નિપજ્યા હતા. જયારે ૨ ગાય ઈજાગ્રસ્ત થઇ હતી. વીજળીની ભયાનકતાને પગલે વૃક્ષ ચિરાયું ગયું હતું. રામજીભાઈ હીરાભાઈ ખરદીયા રહે.માધપુરવાળાને ગાયના મોતને લઈને અંદાજે રૂ.૧.૪૦ લાખનું નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## ચિભડા ગામે વિજળી ત્રાટકી : પરિવારનો બચાવ


(અશોક શેઠ)

(તા.પ્રતિ.) દિયોદર

દિયોદર તાલુકામાં સોમવારની મધરાતે કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો અને આ વરસતા વરસાદમાં ચિભડા ગામે મકાન ઉપર વીજળી પડી હતી જો કે પરિવારના એક સદસ્યને નાના મોટી ઈજા થઈ હતી અને પરિવારનો આબાદ બચાવ થયો હતો.

દિયોદર તાલુકાના ચિભડા ગામે ખેતરમાં મકાન બનાવીને રહેતા બળદેવગીરી ગૌસ્વામીના મકાન ઉપર સોમવારની મધરાતે વીજળી ના કડાકા ભડાકા સાથે આવેલ વરસતા અનુસંધાન પાના નં.૬


## બેસણું


સ્વ.અશ્વિનભાઈ જીતાભાઈ ડેકલીયા
સ્વ.તા.૨૨/૮/૧૭, મંગળવાર

અમારા પુત્ર સ્વ.અશ્વિનભાઈ જીતાભાઈ ડેકલીયાનું તા.૨૨/૮/૨૦૧૭ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું તા.૨૪/૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ભોજકવાડીની બાજુમાં, વડગામ

લિ. જીતાભાઈ વિરસંગભાઈ ડેકલીયા
(પૂર્વ સરપંચ, વડગામ)


# ધાનેરામાં સહાય ન મળતા આત્મવિલોપન કરનાર ઈસમનું મોત


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના શિવનગરમાં રહેતા ઈસમે પશુ સહાય ન મળતા આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો.જેને તાબડતોબ સારવાર અર્થે પાલનપુરથી અમદાવાદ ખેસડાયો હતો પરંતુ ૮૦ ટકા દાઝી જવાના કારણે પાંચમા દિવસે તેણે સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો.

ધાનેરામાં ગત તા.૨૪/૮/૧૭ ની વહેલી સવારે નદીના પૂર ફરી વળ્યાં હતાં જેનાથી ભારે તારાજી સર્જાઈ હતી. મુખ્યમંત્રી રૂપાણીએ અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠામાં ભાદરવાના પ્રથમ દિવસે ભરપુર વરસાદ

**માંડ ઓસરેલા પાણી ફરી ભરાયા : ખેતી પાકોને ફાયદો : લાખણી, વાવ અને ધાનેરામાં દોઢ-દોઢ ઈંચ વરસાદ**





**વરસાદના આંકડા**

| તાલુકો | ગતરોજ વરસાદ | કુલ વરસાદ |
|---|---|---|
| અમીરગઢ | ૦૦ | ૧૩૪૦ |
| ભાભર | ૧૩ | ૮૭૪ |
| દાંતા | ૧૨ | ૧૧૩૮ |
| દાંતીવાડા | ૦૦ | ૧૪૯૬ |
| ધાનેરા | ૩૧ | ૧૦૪૭ |
| દીયોદર | ૧૩ | ૧૧૮૯ |
| ડીસા | ૦૧ | ૧૧૧૪ |
| કાંકરેજ | ૨૪ | ૬૯૧ |
| પાલનપુર | ૧૫ | ૧૩૮૫ |
| થરાદ | ૧૫ | ૭૬ |
| વાવ | ૩૮ | ૬૦૬ |
| વડગામ | ૦૯ | ૧૨૪૪ |
| લાખણી | ૩૯ | ૧૦૭૮ |
| સૂઈગામ | ૦૦ | ૭૨૯ |

બનાસકાંઠા જિલ્લામાં ગત શ્રાવણ મહિનામાં અતિ ભારે વરસાદ ખાબક્યો હતો.જેના કારણે વ્યાપક તબાહી સર્જાઈ હતી. જો કે સરકાર અને સેવાભાવીઓના સહકારથી ધીમે ધીમે જનજીવન થાળે પડવા લાગ્યું હતું. પરંતુ અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે હવામાન વિભાગે ફરી ભારે વરસાદની આગાહી કરી હતી. તેથી લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા ત્યાં ગત રાત્રે અને ગઈકાલે બપોરના સુમારે ગાજવીજ સાથે વરસાદ ફરી તૂટી પડ્યો હતો. ભાદરવાના પ્રથમ દિવસે મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ જોઈ ફરી પૂરની યાદ તાજી થઈ ગઈ હતી.જો કે બાદમાં વરસાદે વિરામ લઈ લીધો હતો.ભારે વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠી હતી. જ્યારે મઘા નક્ષત્રમાં જરૂરીયાત વખતે જ વરસાદ થતા મગફળી, કઠોળ પાકોને ભરપુર ફાયદો થયો હતો. ભાદરવા મહિનાના પ્રથમ દિવસે ભારે વરસાદના કારણે આખો મહિનો ભરપૂર વરસાદ થવાની શક્યાતા છે. (ભરત સુંદેશા)

# ડીસામાં સાયન્સ એક્સપ્રેસ ટ્રેને છાત્રોને અભિભૂત કર્યા




(ભરત સુંદેશા)

**ત્રણ દિવસ ટ્રેન ડીસા રોકાશે : વિજ્ઞાન, ટેક્નોલોજી, પર્યાવરણ વિશેની માહિતીનો ખજાનો**

ડીસા

દિલ્હીથી શરુ કરાયેલી સાયન્સ એક્સપ્રેસ ટ્રેઈન મંગળવારે ડીસા રેલવે સ્ટેશન આવી પહોંચી હતી. વિજ્ઞાનક્ષેત્રે બાળકોનો રસ જાગૃત કરવા અને તેમના માનસિક વિકાસ માટે આ સાયન્સ એક્સપ્રેસનું આયોજન કરાયુ છે.જે દેશના વિવિધ શહેરોમાં ફરી રહી છે.

સાયન્સ એક્સપ્રેસ ભારત સરકારનો વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિશેષ પ્રકલ્પ છે. આ ૧૬ ડબ્બાની એ/સી પ્રદર્શન ટ્રેન ઑક્ટોબર, ૨૦૦૭થી સંપૂર્ણ ભારતમાં ભ્રમણ કરી રહી છે. હજી સુધી ૧,૯૦,૦૦૦ કિલોમીટરના પ્રવાસ પૂર્ણ કરી આ ટ્રેને આઠ વખત દેશનો પ્રવાસ કર્યો છે. અંદાજે ૧૨ વખત લિમકા બૂક ઑફ વર્લ્ડ રૅકોર્ડમાં તેની નોંધ કરાઇ છે. વિજ્ઞાન, અનુસંધાન પાના નં.૬

**મેનેજમેન્ટના અભાવે અવ્યવસ્થા**

ડીસામાં સાયન્સ ટ્રેન આવી તેનું મેનેજમેન્ટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને કરવાનું હતું.પણ ટ્રેન આવી ત્યાં સુધી કચેરીનો કોઈ સ્ટાફ દેખાતો ન હતો.જ્યારે કલેકટર પણ સમય સર ઉદ્ઘાટન કરવાં ન આવતા શિક્ષકોએ જાતેજ પ્રદર્શન શરૂ કરી દીધું હતું.બાળકો માટે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા કરાઈ ન હતી.બાળકો બાજુમાં આવેલ ઝૂંપડામાં પાણી પીવા મજબૂર બન્યા હતા.

## વાવમાં સોમવારે રાત્રે દોઢ કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો

તા.પ્રતિ. વાવ

વાવ ખાતે મોસમનો કુલ ૫૬૮ મી.મી વરસાદ નોંધાયો બાદ મેઘરાજાએ વિરામ લીધો હતો. પરંતુ ગત તા.૨૧/૮/૧૭ ને સોમવારે મધ્યરાત્રી ૧/૩૦ થી ૩/૦૦ ના સમય દરમ્યાન મેઘરાજાએ ગાજવીજ સાથે ધમાકેદાર એન્ટ્રી કરતાં લોકોની ઉંધ ઉડાવી દીધી હતી.

દોઢ કલાકમાં દોઢ ઈંચ વરસાદ એટલે કે ૩૮ મી.મી વરસાદ ખાબકતાં મોસમનો કુલ ૬૦૮ મી.મી એટલે કે ૨૪ ઈંચ વરસાદ નોંધાયો હતો દોઢ ઈંચ વરસાદ બાદ બીજે દિવસે તા. ૨૨/૮/૧૭ ના રોજ ગરમીનું પ્રમાણ વધી ગયું હતું જેથી જનજીવન યાકુળ વ્યાકુળ બની ગયું હતું અસહ્ય ગરમી વચ્ચે વીજળી ગાયબ થતાં લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

**છાપી હાઈ-વે ઉપર મોટી દુર્ઘટના ટળી**

## ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં ટ્રક સીમેન્ટના બ્લોક સાથે ધડાકાભેર ટકરાઈ


સુરેશ અગ્રવાલ

**રાત્રે ૨ વાગે અકસ્માતની ઘટનાના કારણે જાનહાની ટળી**

પ્રતિનિધિ છાપી

પાલનપુર-અમદાવાદ હાઈ-વે ઉપર આવેલા વડગામના છાપીની હોટલ અમી પાસે આવેલા સ્પ્રીંડબ્રેકર ઉપર ટ્રક ચાલકે ટ્રક ઉપર કાબુ ગુમાવતા ટ્રક તાજ હોટલના કંમ્પાઉન્ડ પાસે પડેલા સીમેન્ટના બ્લોક સાથે ધડાકાભેર અથડાતા ટ્રકના ડ્રાઈવર સાઈડને ભારે નુકશાન થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ સોમવારની રાત્રે પાલનપુરથી સિમેન્ટ ભરી સિધ્ધપુર તરફ જતી ટ્રકના ચાલકે હાઈ-વે ઉપર આવેલા સ્પીડબ્રેકર ઉપર સ્ટેયરીંગ ઉપરનો કાબુ અનુસંધાન પાના નં.૬

## થરાદમાં અસરગ્રસ્તોને ન્યાય અને વધુ સહાય આપવાના મુદ્દે કોંગ્રેસ દ્વારા દેખાવો


વિષ્ણુ દવે

**તાલુકાના આગેવાનો દ્વારા એકસાથે મળીને નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકામાં સર્જાયેલી પુરની પરીસ્થતિમાં સાચા અસરગ્રસ્તોને થયેલ અન્યાય દુરકરી અને વધુ સહાય આપવાના મુદ્દે તાલુકા કૉંગ્રેસ સમિતી દ્વારા પ્રાંગણમાં સુત્રોચ્ચાર નાયબ કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું. જેમાં લોકોને ન્યાય નહી મળેતો ગાંધી ચિંધ્યા રાહે આંદોલનની ચીમકી પણ ઊચ્ચારી હતી.

થરાદ પંથકમાં મહિના પુર્વે સર્જાયેલી પુરની પરિસ્થતીમાં મોટાભાગના ગામોના લોકો અને ખેડુતોને વ્યાપક પ્રમાણમાં નુકશાન અનુસંધાન પાના નં.૬

## પાલનપુરની હરિપુરા શાળામાં હોબાળો

પાલનપુર

પાલનપુરની હરિપુરા પ્રાથમિક શાળા વિવાદિત શિક્ષિકાને લઈને આજે ફરીથી વાલીઓએ હોબાળો કર્યો હતો. પાલનપુરની હરિપુરા શાળામાં૪ દિવસ અગાઉ વાલીઓની ફરિયાદને પગલે વિવાદિત શિક્ષિકાની બદલી કરાઈ હતી. જેનો ચાર્જ પણ પોલીસની હાજરીમાં તાળું તોડી નવનિયુક્ત આચાર્યને અપાયો હતો. જોકે, અચાનક બદલી પામેલ શિક્ષિકા આજે શાળામા આવી ચડતા વાલીઓએ વિરોધ કરી હોબાળો કર્યો હતો. જેને પગલે શાળા સંચાલકને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. વાલીઓએ શિક્ષિકા વિદ્યાર્થીઓને હેરાન કરતી હોવાની રજુઆત કરી હતી.


## બેસણું


સ્વ.નારખનજી શાંમાજી ઠાકોર
સ્વ.તા.૨૦/૮/૨૦૧૭

અમારે ભાઈશ્રી ઠાકોર નારખનજી શાંમાજીનું તા.૨૦/૮/૧૭ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે, તો સદ્‌ગતનું બેસણું તા.૨૪/૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.નેકારીયા, ફાર્મ હાઉસ પર, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા, મો.૯૪૨૭૦૬૫૯૪૨

લિ.
ઠાકોર તરસંગજી શાંમાજી - ભાઈ
ઠાકોર રાયચંદજી શાંમાજી - ભાઈ
ઠાકોર ગાંડાજી શાંમાજી - ભાઈ
ઠાકોર દલાજી શાંમાજી - ભાઈ
ઠાકોર માનસુંગજી નારખનજી - પુત્ર
ઠાકોર પિન્ટુજી નારખનજી - પુત્ર



## હાર્દિક શુભકામના


દોલીબેન સવજીભાઈ રાજપુત
પ્રમુખ, તાલુકા પંચાયત, લાખણી




શ્રી કેશાજી ચૌહાણ
રાજ્યમંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ મંત્રી

બનાસકાંઠા જીલ્લામાં આવેલ અતિવૃષ્ટિના સમયે પ્રજાના પડખે ઉભા રહી, હામી બની પ્રજાના હિતોનું રક્ષણ કરનાર એવા પ્રજા પ્રેમી,લોકોના દિલમાં સ્થાન મેળવનાર

**મા.શંકરભાઈ ચૌધરી સાહેબ**

(આરોગ્યમંત્રીશ્રી - ગુજરાત સરકાર, ચેરમેન - બનાસ ડેરી,પાલનપુર)

મા.શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબની રાહબર હેઠળ તથા રાજ્યમંત્રીશ્રી કેશાજી ચૌહાણના માર્ગદર્શન તળે આપની લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ પદે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન..

લિ.

ધી લવાણા સેવા સહ.મંડળી લી.
હિરાભાઈ પ્રેમાભાઈ રાજપુત : ચેરમેન
સરતનભાઈ જીવાભાઈ દેસાઈ : મંત્રી

ધી કુંવાણા સેવા સહ.મંડળી લી.
રાજપુત અરજણભાઈ હીરાભાઈ : ચેરમેન
રાજપુત સવજીભાઈ વાલાભાઈ : મંત્રી

ધી વજેગઢ સેવા સહ.મંડળી લી.
દેસાઈ રૂડાભાઈ ગગદાસભાઈ : ચેરમેન
દેસાઈ જોગાભાઈ રૂડાભાઈ : મંત્રી

ધી રાંટીલા સેવા સહ.મંડળી લી.
ડાભી રાંણાભાઈ મેઘાભાઈ : ચેરમેન
ડાભી જગતાભાઈ ભગાભાઈ : મંત્રી

ધી અછવાડીયા સેવા સહ.મંડળી લી.
રાજપુત જયેશકુમાર ઉકાભાઈ : ચેરમેન
રાજપુત નારણભાઈ જોઈતાભાઈ : મંત્રી

ધી લીંમ્બાઉ (પટેલવાસ) સેવા સહ.મંડળી લી.
રાજપુત ઉકાજી નાગજીજી : ચેરમેન
પટેલ પરખાજી ચમનાજી : મંત્રી

ધી સોઢાઢાંણી સેવા સહ.મંડળી લી.
સોઢા રણુભા તખતસિંહ : ચેરમેન
સોઢા હકુભા અમરસિંહ : મંત્રી

ધી ચાળવા સેવા સહ.મંડળી લી.
રાજપુત પચાણભાઈ હીરાભાઈ : ચેરમેન
પટેલ અમરાભાઈ જેઠાભાઈ : મંત્રી

ધી લીમ્બાઉ સેવા સહ.મંડળી લી.
પટેલ ચતરાજી દલાજી : ચેરમેન
પટેલ થાંનાભાઈ લુંબાભાઈ : મંત્રી

ધી લવાણા ગોપાલક સેવા સહ.મંડળી લી.
દેસાઈ સરતનભાઈ પુંજાભાઈ : ચેરમેન
દેસાઈ લાખાભાઈ મેવાભાઈ : મંત્રી

પટેલ વાઘાભાઈ આર.
(જુનિ. ઈન્સપેક્ટર, બનાસ બેંક-લવાણા, લાખણી તાલુકો)